Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४३ग
66

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 66 83२७
पञ्जिका-संख्या २८१२२
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२२९२३
४.८.९०

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

योगः कर्मसु कौशलम

સર મથુરાદાસ

સ્મારક - ગ્રંથ

४३८१
66
२८-१२-३

CHE 1973
Initial

: સંપાદક :

હરીદાસ ન. આશર

: ફાઉન્ડર - મેનેજીંગ ડીરેક્ટર :

ધી દિગ્વિજય ઇન્સ્યુરન્સ કંપની લી.

વન-તુર, સર ફીરોજશા મહેતા રોડ,

કોટ, મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

મારા પૂજ્ય પિતાશ્રીને
જેઓ આજે નથી.

હરીદાસ ન. આશર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સદ્‌ગત્ શ્રી નરભેરામ પોપટભાઈ આશર

: જન્મ : મહા [illegible]

: અવસાન : [illegible] ૧૧. ૧૯૬૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રથમાવૃત્તિ પ્રકાશન :

શ્રી કૃષ્ણ-જયંતિ, વિ. સં. ૨૦૦૮.
૧૩મી ઓગષ્ટ, ૧૯૫૨.

: મૂલ્ય :
રૂપિયા દશ

: પ્રાપ્તિ સ્થાન :
સંપાદક અથવા પ્રકાશક

: પ્રકાશક :
કમલા પબ્લીકેશન્સ
૬૮, હેમ-પ્રભા, મરીન ડ્રાઈવ,
મુંબઇ.

: મુદ્રણ સ્થાન : પ્રતિમા પ્રિન્ટરી, ૫૫, ગામદેવી, મુંબઈ ૭.

મુદ્રક:
કુસુભાઇ ધ. મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજ્ય યોગીન્દ્રવર્ય સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીનો જન્મ સન ૧૮૧૯માં, મલબારના કેરલ પ્રાંતમાં, તામ્રપર્ણીને તીરે આવેલ સશલ ગામમાં, એક દ્રાવિડિ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.

બાલ-બ્રહ્મચર્ય અવસ્થાથી તેઓશ્રી ચોથા આશ્રમના અધિકારી થયા હતા. સત્તર વર્ષની ઉમરે શિવકાંચીમાં પૂજ્ય સદ્ગુરુ સ્વામી વિશ્વેશ્વરાનંદ સરસ્વતી પાસે તેઓશ્રીએ દંડ-સન્યાસ ધારણ કર્યો, અને શ્રી શારદા ચંદ્રમૌલિશ્વર આનંદધામ વિગેરે મઠોની સ્થાપના કરી. પ્રબળ આત્મશક્તિ અને સમાધીઓ દ્વારા તેઓશ્રીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

અંતે કાનપુર જીલ્લાના બીથુર પાસે ૧૦૮ વર્ષની ઉમરે બ્રહ્માવર્તમાં ભાગીરથીને કિનારે તા. ૨૭ ઓકટોબર, ૧૯૨૭ ના દિને જલ-સમાધી લઈ તેઓશ્રી નિર્વાણ પામ્યા. સર મથુરાદાસે તેઓશ્રીને પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमत्परमहंस परिव्राजकाचार्य योगीन्द्रवर्य
श्री आत्मानंद सरस्वती स्वामी

: પ્રાકટ્ય :
સને ૧૮૧૯.

.: નિર્વાણ :
૨૭ ઓકટોબર, ૧૯૨૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યરાત્રિએ જંગલમાં ખીલી નિકળતી કળીની પેઠે, આ વિશાળ, ભેદભરેલા સ્થાનમાં મને કોણ લાવ્યું ?

સવારમાં મેં બાલસૂર્યના પ્રકાશ તરફ નજર કરી, ત્યારે એક જ ક્ષણમાં મને જણાયું કે, હું આ જગતમાં છેક અપરિચિત નથી. કોઈ અદ્રશ્ય શકિત, નામ અને રૂપ વગરની, હુ માતાના ઉદરમાં હતો ત્યારથી જ માતારૂપે મને પોતાના હાથમાં રમાડતી હતી.

એવી જ રીતે મૃત્યુ વખતે પણ એજ અપરિચિત અને અદ્રશ્ય શકિત મારી સાથે હમેશની પરિચિત હોય તેવી રીતે પાછી દર્શન આપશે. હું એ શકિતની છાયામાં જેટલા પ્રેમથી જીવનને ચાહું છું. એટલા જ પ્રેમથી મૃત્યુની શાન્તિને ચાહીશ.

જમણા પાસાના સ્તનને વળગેલું બાળક જ્યારે રડવા લાગે છે, ત્યારે તરત તેને ત્યાંથી ખસેડીને માતા પળવારમાં ડાબા પાસાની છાતીએ વળગાડી શાન્ત કરે છે. જન્મ અને મરણ એ પણ માતાનાં ડાબાં જમણાં પાસાં જ છે.

: ગી તાં જ લિ :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વિષય	લેખક	પૃષ્ઠ
એની નિર્વ્યાજ માનવતાને	શ્રી. હરીદાસ ન. આશર	૧
જીવન રેખા	રાજકવિશ્રી કેશવલાલ શ્યામજી	૩૦
દાદાનાં સંભારણાં	શ્રી મંગળદાસ જ. ગોરધનદાસ	૪૯
જીવન – અર્ચના	શ્રીમતી બાળીબેન મૂલજી દયાળ	૫૪
કિર્તિ કૌમુદી	શ્રી ખટાઉ વલ્લભજી જોષી	૫૮
અનેકમાં એક જ	ડૉ. પ્રાણજીવન માણેકચંદ મહેતા	૭૨
વિરલ વૈષ્ણવ જન	મહંતશ્રી માયાપ્રસાદજી	૭૫
જીવન સંદેશ	શ્રીમતી બચુબેન ધર્મસિંહ ઠક્કર	૭૯
વિરક્ત જીવાત્મા	શ્રી જસવંતરાય ઘનશ્યામરાય મહેતા	૮૨
મહત્તા	શ્રી દામોદર ગોવિંદજી માધવજી	૯૦
કોઈ ધર્મધારક	શ્રીમતી ગુલમાય ખરશેદજી ગઝદર	૯૩
જીવન-મુક્ત	શ્રી ભગવાનજી દેવજી મણીઆર	૯૫
दादा	पंडित सूर्यनारायण व्यास	

BOOK II

Subject	Written by	Page
Foreword...	Shri Haridas N. Ashar	101
Messages in tribute ...	Distinguished leaders & State Governors	105
An unofficial Nagarsheth of Bombay	Hon. Shri K. M. Munshi	109

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

For the service of those
who were in need & distress H. E. Shri M. S. Aney 110
Self-effacing kindliness... Shri Achyut Patwardhan 111
Numerous were the
causes he helped ... ... Shri Joachim Alva 112
An education builder ... Shri Champaklal G. Modi 113
His memories will turn
back every leaf ... ... Shri S. L. Silam 122
Where to begin and
where to end ... ... Shri C. H. Divanji 124
An institution in himself Shri J. M. Kamdar 129
Succor of hope to the
hands that fail ... ... Dr. R. V. Bivalkar 132
Solace of faith to the
lips that falter ... ... Shri B. P. Jog 136

BOOK III

Resolutions by Social, educational, charitable and industrial institutions and personal messages. 140

વિભાગ ચોથો

સામાજિક, કેળવણી, ધર્માદા અને ઔદ્યોગિક સંસ્થાઓના ઠરાવો અને સંદેશાઓ. ૧૭૪

પરિશિષ્ટ

'યોગ વાસિષ્ઠ' માંથી શ્રી ચુડાલા આખ્યાનિકા, જીવન-મુક્ત સ્થિતિ અને શ્રી ગુરુમહિમા. ૧૯૩

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"...मृत प्रियजनका स्मरण कैसे करें ? मेरा दृढ विश्वास है कि वे मरते नहीं शरीर मरता है। लेकिन स्मरण तो कायम रखना ही है, उनके सब गुण हमारेमें यथाशक्ति उतार कर, उनकी शुभ प्रवृत्ति अपनाकर और उसमें वृध्धि कर कर।"

--महात्मा गांधी.

સ્મરણોને ચિરંજીવ રાખવાના કોઇના યે અલ્પ પ્રયત્નથી તો માનવ-ઇતિહાસનું સર્જન થયું છે, સંસ્કૃતિનું સાતત્ય જળવાયું છે. તથાગત બુદ્ધના જન્મ-સ્થાન લુંબીનીવનમાં, એ પરમ પુરુષે જે જગ્યા પર પહેલાં પગલાં પાડયાં ત્યાં સમ્રાટ અશોકે —'સ્મરણોમાં'—ધર્મ-સ્તંભ રોપ્યો અને જગતને ફરી યાદ તાજી થઇ કે, ભગવાન બુદ્ધ એ કોઈ કલ્પનાનું પાત્ર નહીં, પણ ધર્મ, સંસ્કૃતિ અને ઇતિહાસની એક વિરલ વિભૂતિ હતી. અલ્હાબાદના પાષાણ લેખમાં હરિષેણે સમ્રાટ સમુદ્રગુપ્તની પ્રશસ્તિ આલેખી, અને સદાકાળ યાદી માગતા જગતે જાણ્યું કે, આ દેશના મધ્યકાળે પ્રતાપી ગુપ્ત વંશે એક વખત સુવર્ણ યુગની ઝલક ફેલાવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરિત્ર-નાયકોના સ્મરણાવશેષોએ ગિરિથી ગિરિ અને સમુદ્રથી સમુદ્ર સુધી વિસ્તરેલા આ દેશમાં જન્મ લેતા એક એક બાળકની ઉંઘમાં સ્વપ્ન-મનીષા પૂરી કરી છે, અને જાગતાં જીવંત આદર્શ આપ્યા છે. માનવ-જીવનના ઉષ:કાળમાં કોઈ એક વખતે હિંદી-યુરોપીઓ સાથે વસતા હતા, એટલા અતીત સમયથી પિતૃ-પૂજા ગએલાનું સ્મરણ અને તર્પણ કરવું એ ધર્મ મનાયો છે. સૂત્રકારોએ એને યજ્ઞ-કર્મ માન્યું છે. અને આજે લાખો હિંદુઓ સિદ્ધપુર, ગયા અને અન્ય યાત્રા સ્થળોએ તર્પણ કરવા જાય છે એ એની પ્રતીતિ છે.

સદ્ગત્ ડો. સર મથુરાદાસે મને આપ્તજન માન્યો હતો અને એમને હું મારા પૂજનીય વડીલ માનતો. મારી સમજ અને શક્તિ પ્રમાણે આ ગ્રંથમાં એમની કોઈ સ્મૃતિ જળવાશે તો હું આ પ્રયાસને સફળ માનીશ.

આ દેશમાં એવાંજ માનવીઓનાં પૂજન થયાં છે, જેમણે દીન-દુખીની દાઝ દિલમાં રાખી દાન દીધાં છે-તપ કર્યાં છે ને ત્યાગ કર્યા છે. માનનીય પંડિત જવાહરલાલે તાજેતરમાં કહ્યું છે, "હવે એવાંજ માનવીઓનાં સન્માન થશે, જેઓ સમાજમાંથી લેશે ઓછું અને આપશે વધારે." આપણી માતૃભૂમિનું રાષ્ટ્રપિતા મહાત્માજીએ દોરેલ ધ્યેયને માર્ગે નવઘડતર થઈ રહ્યું છે, ત્યારે પ્રજા સમસ્તની સાથે સાથે લક્ષ્મી-સંપન્નોનો સહકાર આવશ્યક બની રહે છે. મારા જીવનના અનેક પ્રસંગોએ મને શ્રીમંતોના ઘણા મીઠા અને કડવા અનુભવો થયા છે. શ્રીમંતાઈને સામાનું સ્વાભિમાન ખૂંચે છે. રૂપિયા આના, પાઈમાંજ જગતનો હિસાબ જાણનારા, સંસ્કાર-વિહોણા આજના મનસ્વી સંપત્તિ-સ્વામીઓ સ્વચ્છંદ અને સ્વેચ્છાચારથી કંઈક પાછા ફરશે અને સર મથુરાદાસના જીવન પરથી કંઈક સાર લેશે, તો એ આ પ્રયાસની સાર્થકતા હશે.

મારા સદ્ગત પિતાશ્રી એમના વ્યવસાયી જીવનના પાંત્રીસ વર્ષ સુધીના લાંબા કાળાવધિ દરમ્યાન ધી બોમ્બે કંપની લીમીટેડ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડાએલા હતા. આ સંસ્થા સાથે સર મથુરાદાસ અને તેમના કુટુંબીજનો આજે પણ જોડાયેલા છે. તેઓ બોમ્બે કંપની લીમીટેડમાં રૂની ખરીદ કરવાના ખાતામાં ઉપરી તરીકે હતા. પહેલા વિશ્વ-વિગ્રહ વખતે અનેક કંપનીઓએ બમણા વેતનથી એમને મેળવવા પ્રયત્નો કરેલા. પણ જીવનમાં સર મથુરાદાસ અને બોમ્બે કંપની તરફની તેમની ભક્તિને લઈને એ સંબંધ તેઓ ક્યારેય ન તોડી શક્યા. મારી બાલ્યવયથી જ સર મથુરાદાસ સાથેના એમના લાંબા પરિચયની અનેક વાતો એમણે મને કહેલી. મારી ઓગણીસ વર્ષની ઉમરે શોલાપુરમાં હું શેઠશ્રી કરસનદાસભાઈના પહેલા પરિચયમાં આવ્યો ત્યારથી પુરાં પચ્ચીસ વર્ષ સુધી હું સર મથુરાદાસ અને એમનાં કુટુંબીજનો સાથે અવાર નવાર અત્યંત પરિચયમાં રહ્યો છું.

આજે તો એ મારા પૂજ્ય પિતાશ્રી પણ નથી અને સર મથુરાદાસ પણ નથી. પણ મારે મન એ બન્નેની ખોટ વણપૂરી જ રહી છે.

જીવનમાં એમણે જે સૌરભ પ્રસારી એની સુવાસ એવી જ કાયમ રહી છે એની મારા મન ઉપર સદૈવ ઊંડી છાપ રહી છે.

સદ્દગતશ્રીના અવસાનના દિવસે અંધેરીની સ્મશાન ભૂમિમાંથી પાછા ફરતાં, એમની સ્મૃતિ જળવાઈ રહે એવું કોઇ 'સ્મારક' રચવા મેં સૂચના કરેલી ત્યારબાદ તા ૧૦-૧-૫૧ના દિને કોંગ્રેસ-ભવનમાં મળેલ સભામાં શ્રી. એસ કે. પાટીલ, શ્રી. ધરમશી ખટાઉ, સર સી. વી. મહેતા, શ્રી. તુલસીદાસ કીલાચંદ, શ્રી. નવીનચંદ્ર મફતલાલ શ્રી. એમ આર રૂઈઆ, શ્રી કૃષ્ણરાજ ઠાકરસી, શ્રી. એ. એલ. હટસન વિ. ની આગેવાની નીચે 'ડો. સર મથુરાદાસ વિસનજી મેમોરીઅલ ફંડ કમિટી'ની રચના થઇ. આ કમિટીએ આજસુધીમાં સારૂં એવું ભંડોળ એકઠું કર્યું છે. આ ગ્રંથનું તમામ ખર્ચ મેં જાતે વહોરી લઇ. તેની વેચાણ કિંમત રૂપિયા દશ રાખવાના પાછળ આશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલુંજ છે કે, જે કંઈ વેચાણની ઉપજ થાય તે બધી જ આ સ્મારક ફંડમાં આપી દેવી.

ધાર્યા કરતાં પ્રકાશનમાં વધારે વિલંબ થયો છે. પણ મુંબઈના વ્યવસાયી જીવનમાં એ અનિવાર્ય હતું. કોઈ કોઈ જગ્યાએ મુદ્રણ-દોષથી, કંઈક વખતના અભાવે અને કંઈક શરત ચૂકથી ભાષા શુધ્ધિ કે જોડણીના દોષો અનિચ્છાએ રહી જવા પામ્યા છે.

પહેલેથી છેલ્લે સુધી આ ગ્રંથ-સંપાદનના તમામ કાર્યમાં એક વખતના મારા સહાધ્યાયી અને અત્યારે મારી સાથે કામ કરતા કસુભાઈ ધ. મહેતાએ જે પરિશ્રમ લીધો છે, તે બદલ હું એમનો આભાર માનું છું.

સાથે સાથે મારા અને સદ્ગતશ્રીના જે જે સ્નેહીજનોએ સક્રિય સહકાર આપ્યો છે, તે તે તમામનો હું આભાર માનું છું.

શ્રી કૃષ્ણ જયંતિ, વિ. સ. ૨૦૦૮.
૧૩ મી ઑગસ્ટ, ૧૯૫૨.
૬૮, હેમપ્રભા, મરીન ડ્રાઈવ, મુંબઈ.

—હરિદાસ ન. આશર



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભાર દર્શન

[મારા અને સદ્ગત્શ્રીના જે જે સ્નેહી-સંબંધીઓએ આ ગ્રંથમાં લેખો વિ. દ્વારા સહકાર આપ્યો છે, તેમનો ટૂંક પરિચય આપવાનું અહીં અસ્થાને નહિ ગણાય.]

રાજકવિ કેશવલાલ શ્યામજી: સૌરાષ્ટ્રના જામનગર, પોરબંદર, લીમડી, જેતપુર વિ. દેશી રાજ-સંસ્થાનોના રાજકવિ હતા. સૌરાષ્ટ્રનું એકમ થતાં, એમની સેવાઓ શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ સંસ્થાએ સ્વીકારી. આયુર્વેદમાં જેનું સ્થાન અદ્વિતીય મનાયું છે, એવી 'ચરક સંહિતા'નો એમણે ગુજરાતી પદ્યમાં અનુવાદ કર્યો છે. તેમની કવિતાઓ સૌરાષ્ટ્રની જનતામાં ખૂબ પ્રિય થઇ છે. આ કાવ્ય-સંગ્રહ તેમણે 'કેશવ-કાવ્યો' દ્વારા બહાર પાડેલ છે. સર મથુરાદાસના અકિંચન મિત્રોમાંના તેઓ એક હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી એમ. જે. ગોવર્ધનદાસ : નું નામ મુંબઈમાં જાણીતું છે. તેઓ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ છે, સાથે સાથે તેઓ સાહિત્યકાર પણ છે. મુંબઈના કોમી કલહો વખતે સર મથુરાદાસની સાથે રહી, જનતાની તેમણે સેવા કરેલી.

શ્રીમતી બાબીબેન મૂલજી દયાળ જે. પી. : આ સન્નારીનું નામ શહેરનાં અનેક સેવાનાં ક્ષેત્રોમાં મોખરે છે. તેઓ જેસલમીરના સદ્‌ગત દિવાન રા. બ. સંપતનાં પુત્રી, અને રતલામ-મીલ્સવાળા શ્રી મૂલજી દયાળનાં પત્ની છે. લક્ષ્મીના લાડકવાયાં હોવા છતાં, જીવનમાં એમણે સેવાધર્મને પરમધર્મ માન્યો છે.

શ્રી ખટાઉ વલ્લભજી જોષી : સર મથુરાદાસ સાથે જ તેમની ઓફીસમાં ૩૫ વર્ષ સુધી સંકળાએલા હતા. તેઓ એક સાહિત્ય-કાર છે. તેમનું લખેલ 'જો હું લક્ષ્મી-પતિ હોઉં તો!' એક સુંદર સાહિત્ય-કૃતિ છે.

ડૉ. પ્રાણજીવનદાસ માણેકચંદ મહેતા એમ. ડી. : શહેરના એક અગ્રગણ્ય, અને ત્યારબાદ જામનગર રાજ્યના મુખ્ય ડૉક્ટર હતા. આયુર્વેદના સંશોધન કાર્યથી તેઓ વિખ્યાત છે. એમની વિદ્વતા અને તપશ્ચર્યાથી 'ચરક'નું અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં ભાષાંતર શક્ય બન્યાં. એમના પ્રયત્નોથી જામનગરમાં આયુર્વેદ સંશોધન-સંસ્થા તથા વિદ્યાલય સ્થપાયાં. આમ જનતા સુધી આયુર્વેદનો સાદ પહોંચાડવાની ના. મહારાણીશ્રી ગુલાબકુંવરબાની ભાવનાને એમણે મૂર્ત સ્વરૂપ આપ્યું.

શ્રીમતી બચુબેન ધર્મસિંહ ઠક્કર : અનેક સામાજિક સેવાના ક્ષેત્રોમાં, ભાટિયા જ્ઞાતિ અને અનેક કેળવણી સંસ્થાઓમાં તેમનું નામ જાણીતું છે.

શ્રી જસવંતરાય ઘનશ્યામરાય મહેતા : હાલમાં બોમ્બે ટોકીઝ જેવી આગેવાન ફિલ્મ-સંસ્થા સાથે જોડાએલા છે, અને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યકાર છે. તેઓ ઘાટકોપર મ્યુનિસિપાલિટીના એક વખત પ્રમુખ હતા.

શ્રી દામોદર ગોવિંદજી માધવજી : શહેરના એક આગેવાન ભાટિયા વેપારી છે. મીલ ઉદ્યોગમાં આગેવાન ભાટિયા પેઢી 'હાકરસી ગ્રૃપ' સાથે તેઓ જોડાએલા છે.

શ્રીમતી ગુલબાય ખરશેદજી ગઝદર : ડૉ. સર મથુરાદાસના મિત્ર શ્રી ખરશેદજીનાં એ પત્ની, એમના પતિના અવસાન બાદ સાધુ સંતોની સેવામાં જ રહેતા. આ રીતે તેઓ સર મથુરાદાસના નિકટ પરિચયમાં આવ્યા, કારણુ સર મથુરાદાસ પણુ એમના અંતીમ દિવસો આવીજ પ્રવૃત્તિઓમાં ગાળતા. ગયે વર્ષે એમનું અવસાન થયું.

શ્રી ભગવાનજી દેવજી મણીઆર : ભૂતપૂર્વ જામનગર રાજ્યના તેઓ નાયબ દિવાન હતા, અને હાલમાં નિવૃત્તિ-વેતન પર છે. તેઓ સર મથુરાદાસના અનેક પરિચિતોમાંના એક હતા,

પંડિત સૂર્યનારાયણુ વ્યાસ : એક અચ્છા હિંદી સાહિત્યકાર છે. ઉજ્જનથી પ્રકટ થતા જાણીતા હિંદી-માસિક 'વિક્રમ'ના તેઓ તંત્રી છે.

: અંગ્રેજી વિભાગ :

શ્રી ચંપકલાલ જી. મોદી : શહેરની અનેક સંસ્કાર-પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાએલા છે, અને બોમ્બે એજ્યુકેશનલ બોર્ડના પ્રમુખ છે. તેઓ વર્ષો સુધી મેજીસ્ટ્રેટ તરીકે હતા.

શ્રી. એસ. એલ. સીલમ : તેઓ કોંગ્રેસના વર્ષોથી એક આગેવાન કાર્યકર રહ્યા છે, અને રાજ્ય-ધારાસભાના તેઓ એક સભાસદ છે.

શ્રી. સી. એચ. દિવાનજી : સેંટ્રલ બેંકમાં લાંબા સમય સુધી કામ કર્યા બાદ, છેલ્લાં આઠ વર્ષોથી તેઓ જોધપુર કમર્શીયલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેંકના મેનેજર છે. એક નિષ્ણાત બેંકર હોવા ઉપરાંત તેઓ એક સાહિત્યકાર પણ છે.

શ્રી જયેષ્ઠમલ એમ. કામદાર : જાણીતી સોલીસીટરોની પેઢી 'મેસર્સ કામદાર કંપની' સાથે તેઓ સંકળાએલા છે, એક વખત તેઓ W. I. A. A. ના પ્રમુખપદે હતા.

ડૉ. આર. વી. બીરાકર : લોનાવાલામાં સદ્ગત રા. બ. વિસનજી ખીમજીએ સ્થાપેલ દવાખાનામાં સેવાભાવી ડોક્ટર છે.

શ્રી બી. પી. જોગ બી. એ. એલ. એલ. બી. : યંગમેન્સ હિન્દુ એસોસીએશનના સેવાભાવી મંત્રી તરીકે તેઓ જાણીતા છે. ધંધામાં ધી ગ્રેટ ઇસ્ટર્ન લાઈફ ઇન્સ્યુરન્સ કંપની સાથે તેઓ જોડાએલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું આપને
નમતો નથી,
પણ હિજરાતી
માનવ જાતમાં
આપને નિહાળી
નમન કરું છું.

એની નિર્વ્યાજ માનવતાને

[સ્મરણાંજલિ]

★

અર્પણ કર્તા

હરીદાસ ન. આશર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



जब तू आया जगतमें जग हसे तू रोय.
करणी ऐसी किजीये जब तू हसे जग रोय !

ડૉ. સર મથુરાદાસ વિસનજી ખીમજી

: જન્મ :
૧૨ મી એપ્રીલ, ૧૮૮૧.

: અવસાન :
૨૨ મી ડિસેમ્બર, ૧૯૫૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૧ :

શતપથ બ્રાહ્મણનું વચન છે, “આત્માની મુક્તિ માટે સર્વમેધ યજ્ઞ કરવો.” એવી સર્વોચ્ચ ભાવનાથી જીવનને યજ્ઞ માની, સર્વસ્વનો ભોગ આપી જનારા આપણે ત્યાં યુગે યુગે પાક્યા છે. એવાઓના આત્મ–ત્યાગે તો આર્ય સંસ્કૃતિ ઉજળી છે. એનાં ઉદાહરણ જોવા માટે આપણે વેદકાલ સુધીની લાંબી સ્મરણયાત્રા કરવી પડે. જગતભરના ઇતિહાસમાં જાતિ જાતિ વચ્ચેના ભેદ ભૂલી, માનવી–માત્રને સરખાં ગણી, સંસ્કાર પ્રમાણે સમાજ-રચના કરવાનો માનવ કલ્યાણનો પ્રથમ મહાયત્ન થયો ઋગવેદકાલના પ્રસિધ્ધ ‘દાશરાજ્ઞ’ યુદ્ધથી. એજ ભાવનાથી આર્યાવર્તને છેલ્લા પ્રણામ કરી મહર્ષિ અગસ્ત્ય અને લોપામુદ્રાએ અજાણ અને અગોચર ભૂમી પર પગ માંડી આત્મવિસર્જન કર્યું. એજ ભાવનાથી શ્રીકૃષ્ણ વાસુદેવનાં નેતૃત્વ નીચેસમસ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યદુજાતિએ માતૃભૂમિની મમતા છોડી પરભોમમાં પગલાં માંડયાં. અસુરો અને દસ્યુઓને સંસ્કાર આપી સમાનભાવે સમાજમાં સ્વીકારવાનો 'મહાયજ્ઞ' આરંભી, એ વેદપ્રસિધ્ધ જાતિએ જે ઇતિહાસ સર્જ્યો, એથી તો યદુકુલમણિ શ્રીકૃષ્ણ આજે અજર અમર છે. એ મહાજાતિએ આપેલી પ્રણાલિના અવશેષ આજે પણ દક્ષિણભારતના દૂર દૂરના ખુણે મળી આવે છે. એવીજ ભાવનાથી દાસીપુત્ર વશિષ્ઠ મહર્ષિ મનાયા, માછીપુત્ર વેદવ્યાસ ભગવાન નારાયણના અંશ મનાયા, ઇતરા દાસીનો પુત્ર 'ઐતરેય બ્રાહ્મણ'નો કર્તા થયો, અને સત્યકામજાબાલ વેદજ્ઞાનનો અધિકારી મનાયો. પછીના ઉપનિષદકાલના 'જ્ઞાનયજ્ઞ'માં મહર્ષિઓની સાથે સાથેજ પ્રવાહણ જૈવલી અને અશ્વપાત કેકય જેવા ક્ષત્રિયો અને રૈકવ જેવા શુદ્રે પણ ખભેખભા મીલાવી **'सह वीर्य करवा वहै'** એવા અથર્વવેદના શબ્દમાં સમન્વય અને સમભાવની માનવ-કલ્યાણની પ્રગટેલી જ્યોતને જલતી રાખી.

પછીના 'રામાયણ' 'મહાભારત'ના ચિરંજીવ ચરિત્ર નાયકોની ભાવનાતો આપણી સંસ્કૃતિનાં અણુએ અણુમાં વણાયેલી છે, શ્રીરામ અને પરશુરામ. ભીષ્મ અને કર્ણ, સીતા- સુકન્યા અને સાવિત્રી-એ કંઇ કથાનાં પાત્રો જ રહ્યાં નથી, પણ આ દેશમાં જન્મ લેતાં એક એક બાળકે એ મંગલ મૂર્તિઓની સદૈવ આરાધના કરી છે. સુતાં એમનાં સ્વપ્ન જોયાં છે, અને જાગતાં એમનાં જેવાં બનવાના કોડ સેવ્યા છે.

શાકયકુમાર સિદ્ધાર્થે 'સંબુદ્ધ' પદ પ્રાપ્ત કર્યું. સમ્રાટ અશોકનું જગતભરના ઇતિહાસમાં અજોડ એવું ધર્મરાજ્ય સંભવિત બન્યું. સીથીયન કનિષ્ક અને બેકટ્રીયન મીનાન્ડર જેવા પરદેશીઓ આર્યસંસ્કૃતિના જ્યોતર્ધર બની ગયા. યવન (ગ્રીક) હેલીયો ડોરાસ જેવાએ આર્યધર્મ અંગીકાર કરી 'ગરુડ-સ્થંભ' રોપ્યો. શ્રમણ, બ્રાહ્મણ અને શુદ્ર, દેશી કે પરદેશી; સહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈએ કેવળ લોક-કલ્યાણની ભાવનાથી આ દેશની સીમાઓ ઓળંગી, યુરોપમાં આલ્બેનીયા અને એશિયામાં યવદ્વિપ અને કંબોડીયાની પણ પેલેપાર ચીન જાપાન સુધી ધર્મચક્ર પ્રવર્તમાન કર્યું. રુદ્રદામન જેવો શક મહારથી પોતાને પ્રજાનો નમ્ર સેવક ગણે, અને ઉષવદત્ત જેવો વિદેશી ક્ષત્રપ દાનધર્મનો મહિમા સમજે. ગુપ્તરાજવીઓ સુવર્ણયુગનું સર્જન કરે, અને હર્ષ જેવો સન્યાસી-સમ્રાટ દરવર્ષે ગંગાકિનારે તમામ રાજસંપત્તિનું દાન કરી દે ! એ બધું જ બન્યું આ દેશમાં જેની ચોખંડ ધરતીને ઘેરી રહેલા વાતાવરણમાં યુગેયુગે અવતરેલ ચરિત્રનાયકોની જીવંત-ગાથાઓ અહર્નિશ ગાજતી રહેતી.

ધર્મ સંસ્થાપકોની ભક્તિ, સંસ્કાર સ્વામીઓનાં સ્મરણો અને વીર-પૂજા એ એવો ઉચ્ચ આદર્શ છે, જેણે માનવજીવનના ઇતિહાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. કોઇ ધર્મના સંદેશ આપી ગયા, કોઇ વીરત્વનો ઇતિહાસ સર્જી ગયા, કોઈએ સંસ્કારનાં સર્જન કર્યાં. એ તમામનાં સ્મરણો ચિરંજીવ રાખવાં, એ અમુલ્ય વારસો ભવિષ્યની પ્રજાને આપી જવો, એ ભાવનાથી તો જગતના આદિ સાહિત્યનો જન્મ થયો. આવી આદર્શકથાઓએ પ્રજાજીવનનાં ઘડતર કર્યાં છે. એજ ભાવનાથી લેખનકળા પણ જ્યારે અસ્તિત્વમાં નહોતી, એટલા પ્રાચીન સમયથી જેનું 'इतिहास पुराण' કહીને અથર્વવેદે બહુમાન કર્યું છે, એવી પુરાણ કથાઓ આપણે ત્યાં જળવાઇ રહી છે. પુરાણકથાઓમાં પ્રાચીન ઇતિહાસ મહદઅંશે જળવાયો છે એ હકીકતનું તો આજે પુરાતત્વવેત્તાઓ પણ સમર્થન કરે છે.

ડો. સર મથુરાદાસનું જીવન જેવું હતું તેવું આલેખવાના આ પ્રયાસ પાછળ પણ એજ ઉદ્દેશ છે. નથી એ કોઈ ધર્મ સંસ્થાપક કે નથી એ કોઇ સમર વિજેતા, પણ હરરોજ આપણા પરિચયમાં આવતા સામાન્ય સંસારીજીવની માફક એ જન્મ્યા હતા, એવોજ એમનો ઉછેર હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલીજ એમની વિદ્યોપાસના હતી, એટલીજ જીવન-સંગ્રામમાં એમને સગવડતા હતી છતાં જે રીતે એ જીવી ગયા, જીવનની સાર્થકતા માટે જે રીતે એ સતત પ્રયત્નશીલ રહ્યા, 'માનવધર્મ'ને ધ્રુવતારા સમજી એમણે જે પંથ પકડયો, તે તમામની પાછળ જાણે જીવનભરની એક અનન્ય અને અખંડ ઉપાસના હતી.

સવિશેષ તો હતી, આજે જેનાં આજાં દર્શન પણ દુર્લભ બન્યાં છે. એવી એમનાં સમસ્ત જીવનમાં સ્પષ્ટ કે અસ્પષ્ટ પ્રત્યક્ષ થતી 'નિર્વ્યાજ માનવતા.' એમનું બધુંજ ભૂલાય, પણ એમની માનવતા જીવનમાં ઉતારવાનો કોઇનોય નાનોસરખો પ્રયત્ન પણ આ ચરિત્ર-આલેખનને સાર્થક કરશે. કારણ-જગતને આપણી માતૃ ભૂમિને આજે એની કયારેય નહોતી એટલી જરૂર છે.

આજે બધાજ કહે છે, આ દેશમાં નીતિનું ધોરણ નીચી કક્ષાએ પહોંચ્યું છે; સમસ્ત પ્રજા નીતિનાશને પંથે જઈ રહી છે, પ્રજા જીવનનો હ્રાસ થઈ રહ્યો છે. હજુ ગઇ કાલેજ-વીસમી સદીના ઉઘડતા પ્રભાત પર નજર નાખીએ તો જે સંસ્કાર હજુ મોજુદ હતા, પાંચ હજાર વર્ષથી સતત પોષાતા આવતા હતા, જેનાં દર્શન એ ઝપાટાબંધ અદ્રશ્ય થતી જતી પેઢીનાં સર મથુરાદાસ જેવા અવશેષ માનવીઓમાં આજે પણ જોવા મળે છે, એ સંસ્કાર આમ સદંતર ભૂલાયા કેમ? એ માનવતા કેમ વિસરાણી?

એની પાછળ છે આપણી છેલ્લી રાજકીય પરાધીનતા, વિજ્ઞાનયુગની યુધ્ધખોરી, અને એ માનવદ્રોહી પ્રવૃત્તિને અંગે નીપજતી આંતરરાષ્ટ્રીય રાજકીય અને આર્થિક વિષમતાઓ. સમજાય એવું છે કે, આ ઘટના લાંબા સમય સુધી ચાલેજ નહિ. જગન્નિયંતાનો સૃષ્ટિસર્જન અને સંચાલનનો આવો ઉદ્દેશ હોઇ શકેજ નહિ. તો માની લઇયે કે, આ ક્ષણિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલ્કાપાત છે, નિર્મલ શાંતિ પહેલાંનું ઝંઝાવાતનું તોફાન છે, પરિવર્તન યુગ છે. અને આશા રાખીયે કે, આજની અંધારી રાત પછીનાં ઉગતા સવારે આપણાં એ સર્જનજુનાં સંસ્કાર એકવાર ફરીથી જાગી ઉઠશે—ફરીથી ભારત હતું તેવું બની રહેશે.

એથેન્સ અને સ્પાર્ટાના અવશેષ આજે નથી. ગ્રીક સંસ્કૃતિ ભૂલાઈ ગઈ. વિજેતા રોમનો નષ્ટ–ભ્રષ્ટ થયા. મીસર અને સુમેર નામશેષ રહ્યાં. પણ ભારતીય સંસ્કૃતિ આજેય જીવતી છે. સૈકાઓના અનેક વિપરીત પ્રત્યાઘાતો અને કાળની અનેકાનેક વિષમતાઓની સામે એ સંસ્કૃતિ સજીવ રહી. કારણ–એના પાયામાં શીલ અને સદાચાર, સમભાવ અને સેવા છે. એના જીવન–ધર્મનાં મૂળમાં છે–અસ્તેય અને અપરિગ્રહ. આ સંસ્કાર સમૃદ્ધિના બળે તો હિંદુ જાતિ સદાય જીતાયેલી છતાં અજેય રહી છે, સદાય હિણાયેલી છતાં અણનમ રહી છે, સદાય મૃતપાય છતાં જીવંત રહી છે.

કોઈપણ સજીવ સંસ્કૃતિનો બાહ્ય સાક્ષાત્કાર થાય છે જાતિના આચાર વિચાર અને રુઢીમાં, એની સામાજીક સંસ્થાઓમાં. એમ જ આપણી સંસ્કૃતિના વિચારમાં શીલ અને સમભાવ; આચારમાં સદાચાર, સેવા અને સમન્વય; અને સામાજીક સંસ્થાઓમાં સંયુકત કુટુંબ, એની અંતર્ગત લગ્ન જીવનની પવિત્રતા અને વર્ણ–વ્યવસ્થા પ્રધાનપણે રહ્યાં છે. અને આજસુધીના ઇતિહાસમાં સંન્યાસી કે સંસારી, નિર્ધન કે શ્રીમંત, સાધારણમાં સાધારણ માનવપ્રાણી કે સમ્રાટોના સમ્રાટ હરકોઇના જીવનમાં ઓછે વ-તે અંશે એ વિચારનું અનુશીલન, વર્તનની પવિત્રતા અને એ સંસ્થાઓનુ સાતત્ય જળવાયેલું ઓછે વ-તે અંશે દેખાયા વિના નહિ રહે. આ દેશમાં જુદે જુદે સમયે આવી ગયેલ પરદેશી મુસાફરો–મેગેસ્થીનીસ અને ફાહીયાન, યુવાનચંગ અને ઈત્સીંગ અને છેક મધ્યયુગી અંધારકાળે આવેલ માર્કોપોલો અને અરબ મુસાફરોએ અનન્યભાવે એની નોંધ લીધી છે. છેક ઓગણીસમી સદીના તટસ્થ અંગ્રેજ નિરીક્ષકો પણ આમ જનતામાં પ્રવર્તતી આ સદભાવનાઓને નકારી શક્યા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

સર મથુરાદાસનો કુટુમ્બ પ્રેમ અનન્ય હતો. ભારતીય સંસ્કૃતિની આ આદ્ય-સંસ્થામાં એમને અવિચળ વિશ્વાસ હતો. એ શ્રદ્ધાપૂર્વક માનતા કે, એનાં આકરાં બંધનમાં માયા અને મમતા છે, કુલપતિનું કર્તવ્યપાલન છે–પિતાની પ્રેરણા અને માતાનાં વાત્સલ્ય છે; પરિવારનો પ્રેમ–પુત્રની આમન્યા અને કુલવધુની મર્યાદા છે. કારણ—આજસુધીના એના અસ્તિત્વે સિધ્ધ કર્યું હતું કે, એમાં જન્મ લેતું હરેક બાળક ગોત્ર અને કુલનાં સંરક્ષણની હુંફમાં પહેલા શ્વાસ લીએ છે. એમાં અપંગ અને અશકતોનું રક્ષણ છે. એમાં સમભાવ, સહકાર અને સેવા છે. આજે વિદેશી સિચારોની અસરથી સમાજમાં જે વિપરીત વિચારસરણી પ્રવર્તે છે એના જવાબમાં આ ઐતિહાસિક સત્ય છે. એની સફળતા એટલા પરથી જ સમજાય કે, આજે હજારો વર્ષથી એ સંસ્થા હસ્તીમાં છે. એમાં કુલના પ્રથમપુરૂષને વેદ કે પુરાણની કોઇ દેવાંશી વ્યકિતથી ઉતરી આવેલ માનવાની શ્રધ્ધા છે, અને ત્રણ પેઢી સુધીના સભ્યોના સમાનહિત ગણવાના આદેશ છે.

આ આખુંએ કુલ–બંધારણ ઉભું છે લગ્ન–જીવનની પવિત્રતા પર. જંગલના જીવનમાંથી માનવજાતની ઉત્ક્રાંતિ થઇ, એટલા અતીત સમયથી કોઇને કોઈ પ્રકારનાં લગ્ન પૃથ્વીતટની હરેક પ્રજામાં થતાં આવ્યાં છે. પણ આપણે ત્યાં એનું સ્થાન અનોખું હતું. આપણે ત્યાં એ સ્ત્રી કે પુરૂષની ઐહિક વાસનાના સંતોષનું સાધનજ નથી કે કેવળ સાંસારિક સહચાર પણ નથી. આપણે તો લગ્નને દેવોનું સૌભાગ્ય આપ્યું છે. સૂર્ય, અગ્નિ અને દેવોની સાક્ષીએ એકવાર જેનો હાથ પકડયો એને તો ક્યારેય ન તરછોડાય. એમાં નીભાવી લેવાના નિર્ધાર છે. એમાં કુલવધુને શત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રોની માતા થવાના કે શ્વસુર ગૃહે સામ્રાજ્ઞી બની રહેવાના આશીર્વાદજ નથી પણ પતિના આત્મા સાથે નિજ–આત્માનું તાદાત્મ્ય સાધવાના આદેશ છે. * ઉભયના અવિભક્ત આત્માની ઉજ્જવલ કલ્પના છે. એકાદ સ્વચ્છંદી પુરૂષને હજુ એ બંધન છેદવાનો અવકાશ હતો, પણ સ્ત્રીનાં શીલ અને સતીત્વનો તો કડક આગ્રહ સેવાતો. પુરૂષ પડે તો એનું એકનુંજ પતન થાય, પણ સ્ત્રી પતીત બને તો તો સમસ્ત કુલનું પતન થાય. આત્માના ભોગે પણ આર્યનારી એને અનુરુપ બની રહી અને એ આદર્શને જીવંત રાખ્યો.

લગ્નજીવનની પવિત્રતાની ધરી પર રચાયેલ સંયુક્ત કુટુંબની સંસ્થામાંથીજ વિસ્તાર પામી પાછળથી ઉદ્‌ભવેલાં પ્રજાસત્તાક ગણરાજ્યોએ આ દેશમાં પુરાં બારસો વર્ષ સુધી (આશરે ઇ. સ. પૂર્વે ૬૦૦ થી ઇ. સ. ૬૦૦ સુધી.) જે ઈતિહાસ સર્જ્યો એ જગતમાં અજોડ છે. અલેકઝાન્ડરનું અહીં આક્રમણ થયું ત્યારે પંજાબમાં પોરસ અને અભિસાર અને મગધ અને કોશલનાં 'રાજાસત્તાક' રાજ્યો સિવાય આખા દેશમાં ગણરાજ્યોનું પ્રભુત્વ હતું. આ રાજ્યોનાં વિશુધ્ધ ન્યાય અને કારોબાર, સંગઠ્ઠન અને લડાયક શક્તિ, વિદ્યોપાસના અને વૈભવની ગ્રીક ઇતિહાસકાર એરીયને મુક્તકંઠે પ્રશંસા કરી છે. કઠ, ક્ષુદ્રક–માલવો અને સૌભુતિઓની સમસ્ત ગણસત્તાક પ્રજાઓને શસ્ત્રસજ્જ જોઈ સીકંદર સતલજને કિનારેથીજ પાછો ફર્યો હતો. એમાંથી ક્ષુદ્રક–માલવો તો વિજયી નિવડયા હતા અને સીકંદરને એમની સાથે સંધી કરવાની ફરજ પડી હતી. કઠ–પ્રજા એમની ઉપનિષદ વિદ્યા માટે અને આંધક–વૃષ્ણિ, શાક્ય, યૌધેય, લિચ્છવી અને સૌભુતિનાં સંઘ રાજ્યો પ્રજાનાં શરીર–સૌષ્ઠવ, દેહયષ્ટિ, સૌંદર્ય અને સમૃદ્ધિ માટે વિખ્યાત હતાં. એમાંનાં

---

* प्राणस्ते प्राणान् संदूधामि, अस्थिभिरस्थीनी, मांसेर्मांसानि, त्वचा त्वचमिति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ કોઈમાં તો ટોલ્સટોયની છેલ્લામાં છેલ્લી કલ્પના પ્રમાણેની 'સામાજીક કબુલાત પર રચાયેલી વૈરાજ્ય રાજપદ્ધતિ અમલમાં હતી. પ્રજાસત્તા કારોબારની એ કક્ષાએ તો આજે પણ કોઈ પ્રજા પહોંચી શકી નથી.

જે કૌટુમ્બિક સંસ્થામાંથી આ બધું શકય બન્યું એ ભાવના એક એક ભારતવાસીના લોહીમાં જન્મથી જ હોય એ સ્વાભાવિક છે. એજ ભાવનાથી સર મથુરાદાસ જાણે કોઇ આર્યજનપદના પિતામહ મહર્ષિ જેવા એમના વિશાળ કુટુંબના 'કુલપતિ' હતા. કુટુંબીજનો પણ એટલા જ આદરથી એમને જોતા એ એમનાં 'દાદા' સંબોધનમાં જ પ્રતીત થાય છે. 'દાદા'-એ ભાવભીના ઉચ્ચારણમાં જ સ્નેહીજનોનાં એમના તરફનાં માન અને મમતા ભારોભાર ભરેલાં દેખાતાં. કુટુંબનાં આમોદ અને પ્રમોદમાં, ઉલ્લાસ અને ઉત્સવોમાં, વ્યાધિ અને વિપત્તિમાં 'દાદા'ની પ્રેમસરણી નિરંતર નિર્ઝરી રહેતી. જીવ માત્ર તરફ અવેર અને અબાધિત પ્રેમની લાગણી એમનામાં એટલી પ્રબલ હતી કે, એમના કોઈ નાનામાં નાના નોકરને પણ એક કુટુંબીજન જેટલી એમની સહાનુભૂતિ મળતી. એકવાર સ્વીઝર્લાંડમાં એમનો રસોઇઓ અચાનક બીમાર પડયો. વિદેશમાં રસોઇઆ વિના સહેવી પડતી મુસ્કેલી નીભાવી લઇને પણ રૂપિયા પાંચહજારનું ખર્ચ કરી એમણે એને દેશમાં મોકલવાની વ્યવસ્થા કરી હતી. એમનું હિત સદાય એમને હૈયે હતુ. એથી તો એમના વિસ્તૃત વેપાર-ઉદ્યોગમાં પડેલા સહકાર્યકરોમાં, મદદનીશો અને મહેતાજીઓમાં કે કોઈપણ કક્ષાના નોકરોમાં ઘણાએ ત્રણ ત્રણ પેઢી જોઈ નાખેલી. પોતાના વૈભવ અને સમૃદ્ધિમાં અલ્પાંશે એમનો પણ હિસ્સો છે, એવા મંતવ્યથી કે ગમે તેમ તેઓ તમામને યથોચિત પુરસ્કાર આપતા. માનવ સહજ નિર્બળતા નીભાવી લેવી, કોઇનાય દોષને મનપર ન લાવવા, કોઈની ક્ષતિનો નિર્દેષ કે ભૂલ સુધારવા અપાતી સૂચનામાં પણ મમત્વ ભારોભાર ભર્યું હોય—એવું વિવેકી અને વિચારશીલ એ તમામ પ્રત્યેનું એમનું વર્તન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇપણ સામાજિક કક્ષાના, ઓછા પરિચયમાં આવ્યા હોય એવા મિત્રોને પણ કોઈ કરતાં કોઇ ભિન્નભાવ વિના તેઓ પોતાના આપ્તજન માનતા. આજની સામાજિક સ્થિતિ તો એવી છે કે, લક્ષ્મી-સંપન્ન શ્રીમાન નિર્ધન સગાં-વહાલાંનું સગપણ સ્વીકારતાં પણ જાણે સંકોચ અનુભવે છે. લક્ષ્મી-લાલસાની ઇંદ્રજાળમાં જાણે તમામ સંબંધો ભૂલી જવાય છે. આવા સમયમાં એમની આ માનસિક વલણ અને વહેવાર, એક પ્રકારની સમાજ-સેવા ગણાવી જોઇએ. કારણ વિપરીત વર્તનથી ઉપજતા પ્રત્યાઘાત આજે કોઇથી અજાણ્યા નથી. આ જાતની કોઈ દૂરદેશી વિચારણાથી નહિ પણ સ્વાભાવિક સહૃદયતાથી જ સ્નેહીજનોને એ સમાનભાવે સત્કારતા. જામનગર કે મુંબઇમાં દરરોજના કામકાજ પછીના નિવૃત્તિ સમયમાં, મનોરંજન કે મનમોજની પળોમાં એમના સદાના સંગાથી જીવનભરના બે સન્મિત્રો અકિંચન હતા. પણ જે જે એ સહચારના સાક્ષી છે એ કહેશે કે, "સુદામાએ કદાચ યદુશિરોમણીની આલ્હાદકુંજોમાં પગ મુકતાં સહેજે સંકોચ અનુભવ્યો હશે. પણ અહીં તો જાણે સમાન કક્ષાના સહૃદયીઓએ સદાય મુકત મનની આનંદ-લ્હાણ લીધી અને દીધી હતી."

કુટુંબમાં ક્યારેય કોઇનું શરીર અસ્વસ્થ થાય કે કોઇને માંદગી આવી પડે તો સેવા-સુશ્રુષાની સગવડ હોયજ એ સહજ છે, છતાં એમની પોતાની પણ એટલા સમય સુધી સતત હાજરી રહેવાની. પોતે ગમે ત્યાં હોય પણ અવારનવાર એના સમાચાર મેળવતા રહ્યા વિના એમને ચેન પડતું નહિ. એકવાર એમના પિત્રાઇભાઇ વિઠુભાઇ ભયંકર માંદગીને બીછાને પટકાઈ પડયા. સર મથુરાદાસનો એક અચૂક નિયમ હતો, દરરોજ પ્રાતઃકાળે બીજી પ્રવૃત્તિઓથી પરવારી, બેથી ત્રણ કલાક મનન, ધ્યાન અને પૂજામાં ગાળવા. વીઠુભાઇની માંદગીને કારણે તેઓએ વરલીના નિવાસસ્થાને વધારે હાજરી આપવાનું નક્કી કર્યું. એ વખતે એક દિવસ એમનાથી નિયમસરનાં ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પૂજા ન થઈ શક્યાં. કોઇએ પૂછ્યું: "દાદા, આજે પૂજાનું શું?" એમનો જવાબ હતો: "બેટા, પહેલાં સેવા પછી પૂજા." આ જાતની માનસિક વલણ એમની વાસ્તવદર્શી ધાર્મિકતાનો નિર્દેશ કરે છે.

કુટુમ્બપ્રેમ, માણસમાત્રમાં કુદરતી હોયજ એ એક વાત છે, અને કૌટુમ્બિક વર્તુલમાં સમાઈ જતાં સર્વ કોઇને પોતાનાં માની 'વિશાળ કુટુમ્બની'ની વૃત્તિ કેળવતી એ બીજી વાત છે. સર મથુરાદાસે જીવનભર સેવેલી એ ઉદાર મનોવૃત્તિનું અનુકરણ દરેકને માટે કદાચ સુલભ ન પણ હોય, પરંતુ વિષમ થતી જતી આજની અર્થરચનામાં જ્યાં એ સંસ્થાના મૂળમાંજ સુરંગો ચંપાઇ રહી છે, જ્યાં કુટુંબને અકબંધ રાખવાનું કે, ઘરનું છાપરૂં સલામત રાખવાનું ભલભલાને માટે વિકટ બનતું જાય છે, ત્યારે એક સામાજિક ઘટક તરીકે એની અગત્ય પિછાણવી એ એક ત્રીજીજ સમજવા જેવી વાત છે. ફક્ત સામાજિક ઘટકજ નહિ પણ સબળ એકરાષ્ટ્રના ઘડતરમાં પણ એની અગત્ય છે, એ વાત એટલા પરથીજ સિદ્ધ થાય છે કે, અશોકે પ્રજાજીવનમાં એનું યથાર્થ પાલન થાય એટલા માટે પ્રબંધ કર્યો હતો. એના ગિરનારના ધર્મ—લેખની ચૌદ આજ્ઞાઓમાં ત્રીજી અને ચોથીમાં ઉલ્લેખ છે, "લોકો ઉડાઉ ન થાય તેમજ સંગ્રહ પણ ન કરે, માતા પિતા અને વડિલોને માન આપે, આપ્તજનો અને મિત્રોનો સત્કાર કરે અને સેવકો તરફ માયાળુ વર્તન રાખે એ જોવા માટે સમ્રાટ પ્રિયદર્શીએ બધે રાજ્યાધિકારીઓની નિમણુંક કરી છે."

:૩:

સર મથુરાદાસ જ નહિ પણ સમસ્ત 'વિસનજી કુટુંબ'ની ઉદ્યોગપ્રિયતા સમજવા માટે એમનાં વતન સૌરાષ્ટ્રની ભૂમિમાં જ વિકસેલી વાણિજ્ય વૃત્તિનો ઇતિહાસ સમજવા જેવો છે. એ ઇતિહાસનો પ્રારંભ પણ વેદકાલ જેટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન છે. ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે: "દેવાસુર સંગ્રામ ને અંતે અસુરો પરાજય પામીને 'પાતાલ' મારફત ચાલ્યા ગયા" * છેલ્લાં સંશોધનો પ્રમાણે આ અસુર જાતિ આર્યેતર સિંધુ સંસ્કૃતિની ઉત્પાદક, સારાં નગરોમાં વસનારી, સ્થાપત્યની શોખીન અને વેપારમાં પારંગત, આર્યોથી જરાય ઉતરતી નહિ એવી જાતિ–વિશેષ હતી. તામીલ સાહિત્યના ઉલ્લેખ પ્રમાણે એ જાતિનું વહાણવટું એના પેટા વિભાગ જેવી સુંદર નાગજાતિના હાથમાં હતું. પૌરાણિક ઉલ્લેખો પ્રમાણે મનુ વિવસ્વતના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તને આ ભૂમિખંડનું * રાજ્ય મળ્યું. આનર્તના પુત્રને પરાજય આપી યાદવોએ એનું પાટનગર 'કુશસ્થલી' મેળવી ત્યાં 'દ્વારાવતી'ના સમુદ્ર–નગરની રચના કરી. આર્ય–અસુરોના ભેદો ભૂલાયા. બન્ને વચ્ચેનાં આંતર લગ્નોથી આર્યોએ એમને ધર્મસંસ્કાર આપ્યા અને અસુરોનાં વેપારી સાહસો પોતે અપનાવ્યા એનો પહેલો ઉલ્લેખ મળે છે 'સમુદ્ર–મંથન'ની વાતમાં. બન્ને સંમિશ્રિત જાતિઓના સહકારથી અને વાસુકિનાગના મધ્યસ્થીપણાથી સમુદ્રને સામે પારથી લક્ષ્મી સંપાદન કરવામાં આવી.

યાદવોના સમયથી તે મૌર્યયુગ સુધીનો આ ભૂમિનો ઇતિહાસ લગભગ અંધારામાં છે. પણ આ સમુદ્રકિનારાની અગત્ય આખું આર્યાવર્ત પિછાણતું.

* ગ્રીકોએ નોંધ્યું છે કે 'પાતાલ' એ કચ્છના સમુદ્ર પર સિંધુના મુખપર વસેલું બંદર હતું.

* એ સમયના 'સૌરાષ્ટ્ર'માં હાલનું સૌરાષ્ટ્ર, આખું ગુજરાત (પશ્ચિમ હિંદના સોપારા બંદર સુધી), મેવાડ અને મારવાડના પશ્ચિમ વિભાગનો સમાવેશ થઈ જતો. યમુનાને લઈને વૈદિક સરસ્વતી, સિંધુ અને સતલજ આ પ્રદેશમાં વહી દક્ષિણ સમુદ્રને મળતી. આવા વિશાળ જળમાર્ગોએ સાહસ, સમુદ્રયાન અને વાણિજ્ય વૃત્તિને જન્મ આપ્યો. આશરે બે હજાર વર્ષો પહેલાં ભૂકંપો અને જલપ્રલયથી જે ફેરફારો થયા એને પરિણામે હાલ અત્યારે છે એ જાતની ભૂમિરચના થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભૌગોલિક સ્થિતિએ આ ભૂમિખંડનું સાંસ્કારિક વ્યક્તિત્વ ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. અનેક જાતઓ અહીં આવી, અહીં વસી અને અહીંથો આર્યાવર્તમાં પ્રસરી હતી. અંદરના ખંડમાંથી અનેક જાતિઓએ અહીં થઇ, સમુદ્રવાટે અગોચર ખંડોમાં જઇ વસાહતો સ્થાપી હતી. આવાં પરિભ્રમણોમાં અમૂક અહીંયાંજ વસી રહ્યા, આમ જેમ અનેકના સંસર્ગમા આવતો માણુસ સ્વભાવે વિનમ્ર, વિવેકશીલ, સહિષ્ણુ અને દીર્ઘદ્રષ્ટિવાળો થાય, તેમ દેશના કોઈપણુ વિભાગ કરતાં સૌરાષ્ટ્રવાસીઓની વાણિજ્યવૃત્તિ વિકસતી રહી. શકમહાક્ષત્રપોએ સમુદ્રવાટ માટે અહીંનાં બંદરોને સુયોગ્ય બનાવી વ્યાપારવૃત્તિને વેગ આપ્યો.

વલ્લભી સમયમાં તો આ ભૂમિનાં વૈભવ અને સમૃધ્ધિ અપૂર્વ હતાં. એનું વિશ્વવિદ્યાલય નાલંદા જેટલુંજ વિખ્યાત હતું અને સંસ્કાર કેન્દ્ર મનાતું. યુવાનચંગે નોંધ્યું છે, "જમીન ફળદ્રુપ છે અને ઠેરઠેર ઉદ્યોગધંધા વિકસેલા છે. લોકો નરમ સ્વભાવના, બુદ્ધિશાલી અને વિદ્યાસંપન્ન છે. વસ્તી ગીચ અને સુખી છે. એકલા વલ્લભીમાંજ એકસો ઉપરાંત કુટુંબો કરોડો સુવર્ણદ્રમની સંપત્તિવાળાં છે." મધ્યયુગી સુધરેલા જગતના સમુદ્રપારના રાજદરબારોમાં અહીંથી જતાં મલમલ અને મસલીન, જરીભરત અને કિનખાબ વિલાસની સામગ્રી જેવાં મનાતાં.— મોગલ જમાનામાં અને મરાઠાયુગમાં પણુ આ સમસ્ત વિભાગની એની વેપારસમૃદ્ધિને લીધે એટલી જ ઉપયોગિતા હતી. અને એની જળવાટોને સુરક્ષિત રાખવા નૌકાસૈન્યો નિભાવવાં પડતાં. અંગ્રેજો પણુ પહેલાં અહીંજ ઉતર્યા હતા. એના એક મોટા પ્રદેશને 'ગુજરાત' નામ મળ્યું એ વાત તો આશરે હજાર વર્ષ પહેલાંની જ છે.

કચ્છ અને કાંઠાળની આ સાહસશૂર અને સમુદ્રસારંગ પ્રજાએ અંધારા આફ્રિકાને વસવાટયોગ્ય બનાવી એના જંગલવાસીઓમાં પોતાને માટે માન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આદર ઉપજાવ્યાં હતાં. જ્યારે એ અગોચર ખંડમાં ગુમ થયેલા મુસાફરની ભાળ મેળવવા અંગ્રેજો, વલંદા કે ફીરંગીઓને પણ કચ્છ-કાંઠાળના 'ઠક્કરો'ની પેઢીઓની ભલામણની જરૂર પડતી, એટલા જુના સમયથી મથુરાદાસ શેઠના દાદા ખીમજી શેઠનું વહાણવટું ચાલતું. ખંભાળીયાના એ શાહ સોદાગર હતા. દૂર દૂરના દેશાવરોમાં એમની આંટ અને આબરૂ હતાં. આટલા વિકાસમાં ખીમજી શેઠ પહેલાંની પણ બે ત્રણ પેઢીનો હિસ્સો હોય એ સ્વાભાવિક છે. એ નજરે 'વિસનજી કુટુંબ'ની આજની સિધ્ધિ પાછળ પેઢીઓના પ્રયત્નો અને ઈતિહાસની પરંપરા છે. કાળના કોઈ વિચિત્રયોગે એ સમયના સામુદ્રિક વેપારની સાથે સાહજિક સંકળાયેલી આસમાની-સુલતાની એક વખત ખીમજી શેઠના ધીકતા ધંધાને પણ અડી ગઈ. પરિણામે કાળબળને માન આપી ખંભાળીયાની પ્રવૃત્તિઓ સંકેલી ખીમજી શેઠે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈની વાટ પકડી. સંજોગોને આધીન બની એ વખતની મુંબઈની મુળજી જેઠાની પેઢીમાં એમણે નોકરી સ્વીકારી લીધી. પણ સમય સાનુકૂળ બનતાં એમનું પરંપરાગત વેપારી ખમીર આ પરાધીનતા સામે જાગી ઉઠ્યું અને ઝપાટાબંધ જામતા જતા પશ્ચિમ કિનારાના મહા નગર મુંબઈમાં નૂર અને હુંડીની દલાલીનુ સ્વતંત્ર કામકાજ શરૂ કર્યું. રા. બ. વિસનજી શેઠ પણ પિતાના ધંધામાં તુરત જ જોડાયા, શરૂઆતમાં જ એમના આ નૂતન સાહસમાં ધી બોમ્બે કંપની લીમીટેડનું રૂ, ઘઉં અને બીયાંની દલાલીનું કામકાજ અને મેસર્સ વોલેસ એન્ડ કંપની લીમીટેડની ધી બોમ્બે બર્મા ટ્રેડીંગ કોરપોરેશન લીમીટેડનો સુંદર સહકાર મળ્યો. અને જાણે ક્ષણિક આવેલી ઓટમાં ફરી ભરતીની શરૂઆત થઈ.

સત્તાવનનું સ્વાતંત્ર્ય યુદ્ધ સમાપ્ત થયું હતું. અંગ્રેજો અફઘાન અને શીખ યુધ્ધોમાંથી પરવારી દેશનું શાસન વ્યવસ્થિત કરવામાં તાજેતરમાં જ પ્રવૃત્ત થયા હતા. આવા અસ્થિર સમયે 'વોલેસ' ફ્લોર મીલની સ્થાપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી એ ખીમજીશેઠનું એક સાહસ હતું. આખો દેશ રાજકીય પલટાઓથી એક પ્રકારની મૂર્છનામાં હતો ત્યારે આથમતી ઓગણીસમી સદીમાં દેશને ઉદ્યોગીકરણની દિશામાં દોરનારા મુઠીભર હિંદવાસીઓમાં 'વિસનજી કુટુંબ'નું નામ પણ અગ્રપદે રહેશે.

આપણો દેશ ખેતી પ્રધાન છે. એના પુનરુત્થાન માટે સુયોજિત ગૃહ-ઉદ્યોગોના સાર્વત્રિક વિકાસની આવશ્યકતા છે એ સાચું. એમજ વિજ્ઞાન યુગે માનવજાતના હિત કરતાં વધારે અહિત કર્યું હોય, છતાં એના વિકાસની સાથે સાથે આંતરરાષ્ટ્રીય આર્થિક એકતાનો વીકાસ થયો છે, એ હકીકતનો પણ કોઇથી ઇનકાર થઇ શકે તેમ નથી બીજા વીશ્વયુદ્ધનાં આ છેલ્લાં વર્ષોમાં મહાસત્તાઓની આસપાસ વિવિધ રાષ્ટ્રોનાં રચ તાં જતાં જુથોમાં એ હકીકતનો સ્વીકાર આપણે જોઇ રહ્યા છીએ. એટલે દુનિયાની પ્રગતિ સાથે એકતાલમાં રહેવા, અને પોતે પછાત રહી પરાવલંબી ન બની જાય, એ આશયથી દેશનું વિશાળ પાયાપર ઉદ્યોગીકરણ કરવું એ આર્થિક પુનર્રચનાનું એક મહત્વનું અંગ બની રહે છે. એ નજરે પાયાના ઉદ્યોગોમાં પ્રજાકીય સરકારના પ્રયત્નોમાં આવી જાતનો અપાતો સહકાર એક રાષ્ટ્રીય સેવા ગણાય. 'વિસનજી કુટુંબ'ની આવા પ્રકારની રાષ્ટ્રીય સેવા આજસુધી અવિરત ચાલુ રહી છે આ બધાં વર્ષો દરમ્યાન નાના મોટા આશરે કુડીબંધ ઉદ્યોગોને ચાલુ કરવામાં, એને પગભર કરી વિકસાવવામાં અને એકધારી પ્રગતિને પંથે લઇ જવાના પાયામાં એ કુટુંબની ચાર ચાર પેઢીના પ્રયત્નો પૂરાયાછે.

અગ્રેજોએ આ દેશને છોડતાં નીપજાવેલી આર્થિક આંધીને મોટાભાગના ઉદ્યોગપતિઓએ બેફામ નફાખોરીથી વધારે ઘેરી બનાવી માનવદ્રોહ કર્યો એટલું જ નહિ, પરંતુ સમુદ્રપારના દેશોમાં ભારતની આંટ ગુમાવી રાષ્ટ્રદ્રોહ પણ કર્યો છે. કાચામાલમાં ભેળસેળ, તોલ અને માપમાં ફેરફાર, માલ નમુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે ન હોવો—એવી એવી આ દેશમાંથી નિકાશ થતા માલ સામે અસંખ્ય ફરિયાદો ઉઠી છે. અને યુરોપ—અમેરિકામાંનાં હિંદી એલચીખાતાંઓને અહીંના વિદેશખાતાંનું એ બાબત ખાસ લક્ષ ખેંચવું પડ્યું છે. રાવબહાદુરે પિતાનાં કામકાજોમાં પ્રવેશ કરતાંની સાથે જ, આવાં ટુંકી દ્રષ્ટિનાં પ્રલોભનોથી દૂર રહી, વેપારી આંટ અને ધંધાની પ્રમાણિકતા જળવાઇ રહે, એને ધ્યેય માન્યું હતું અને જીવનભર પાળ્યું અને પળાવ્યું હતુ. જ્યારે એમણે નિવૃત્તિ લીધી ત્યારે અનુગામી શેઠ મથુરાદાસને ધંધાનાં આંટ અને નામની સાથે એ ધ્યેયપણ વારસામાં મળ્યું. એમનાં સંચાલન દરમ્યાન બબ્બે વિશ્વયુધ્ધોનાં ઝંઝાવાતમાં પણ એમની એકંદર વેપારી પ્રવૃત્તિ ધ્યેયલક્ષી રહી હતી. અને સમસ્ત વેપારી આલમમાં ઉચ્ચકક્ષાની એવી નીતિમતા માટે એમનું નામ હતું. હિંદી વેપારી ચેમ્બરનાં એમનાં પ્રમુખપદ દરમ્યાન ઉપ–પ્રમુખોની ચુંટણી કે મહત્વના—નિર્ણયો લેવા જેવા પ્રસંગોએ ઘણીવાર એમના એકલાનાજ અભિપ્રાય પ્રમાણે વર્તવામાં આવતું. મધ્યસ્થ ધારાસભામાં વેપારી પ્રતિનિધિ તરીકે એમની વરણી થઇ હતી, એ એમનામાં વેપારી આલમના વિશ્વાસની પ્રતિતી આપે છે. ઇસ્ટ ઇન્ડીયા કોટન એસોસીયેશન જેવા દેશના આગેવાન વેપારી બજારોમાં લેણદેણના વાંધાઓ જેવી વિવાદગ્રસ્ત બાબતો ઘણીવાર એમની એકનીજ લવાદી પર છોડવામાં આવતી, અને એમનો નિષ્પક્ષ નિર્ણય સર્વમાન્ય રહેતો.

આજે વિશ્વ આખું વર્ગ–વિગ્રહની આંતરિક અશાંતિ અનુભવી રહ્યું છે. આ દેશની મોટા ભાગની જનતાનાં પરંપરાગત ધાર્મિક માનસ સાથે એ ઉદ્દામ વિચારસરણી અસંગત છે, એવો એક અભિપ્રાય છે. પણ સમાન સાંસ્કારિક ભૂમિકા ધરાવતા એશિયાના આપણા પડોશી દેશોમાં જે રીતે એના પ્રત્યાઘાત પડી રહ્યા છે, અને ચીનમાં જે ઇતિહાસ રચાઇ રહ્યો છે, એ જોતાં વાસ્તવિકતા તરફ તદન દુર્લક્ષ ન થઇ શકે. યુધ્ધ કરતાં પણ ભયંકર કોઇ પણ દેશની આંતરિક અશાંતિના મૂળમાં આમસમુદાયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસહ્ય ગરીબી રહી છે, એ હકીકત આજે સહુકોઇ સ્વીકારે છે. આર્થિક સમાનતાને વધારે વિષમ બનાવવામાં ચલણના ફુગાવાએ કામ કર્યું છે, એટલું જ મોટાભાગના ઉદ્યોગપતિઓ અને શ્રીમંતોની નફાખોરીએ કર્યું છે. આપણો દેશ સ્વતંત્ર થયો ત્યારે શોષણવિહીન સમાજની ઘોષણા આપણા નેતાઓએ કરી. સદ્દગત સરદારશ્રીના હાથે ૫૬૨ નાનાં મોટાં રાજસ્થાનોની નાબુદીથી એની શરૂઆત થઇ અને જુદા જુદા પ્રાંતોમાં જમીનદારી પ્રથા અંગે પગલાં લેવાઇ રહ્યાં છે, એ જોતાં પ્રજાકીય સરકાર આ દિશામાં જાગૃત છે એમ કહી શકાય. પરંતુ આજના અસાધારણ આર્થિક પ્રશ્નના નિરાકરણ માટે કેવળ સરકારી પ્રયત્નો જ પુરતા નથી; એના સફળ ઉકેલ માટે શ્રીમંતો અને ઉદ્યોગપતિઓનો સાચા હૃદયનો સહકાર એટલો જ આવશ્યક છે.

ઉદ્યોગમાં ઉત્પાદન કરનારા હાથો જ મુખ્ય પ્રાણતત્ત્વ છે એ એમની માન્યતા હતી એટલું જ નહિ, પણ સંપત્તિ-ઉત્પાદનનાં એ સાચાં તત્ત્વો સંપૂર્ણ સંતુષ્ટ રહે એ એમની મનીષા હતી. તેજીના પૂરમાં કે મદીની ઓટમાં એમનાં હિતને આંચ ન આવે એ તેઓ અહર્નિશ જોતા.

લક્ષ્મી સંચયનો રસ્તો લોહીનો છે. એમનું મંતવ્ય હતું કે ધરતીનાં સંતાન અને શ્રમજીવીઓનાં અમર્યાદ શોષણપર રચાતાં વૈભવ અને વિલાસ શાપ સમાં છે. વેપારી નફાખોરી કેટલી બેફામ બની શકે છે, એ બંગાળાના માનવસર્જિત દુકાળે બતાવી આપ્યું. વિશાળ આમવર્ગની આવી વિટંબણા વખતે નફાખોરી તો દૂર રહી, પણ વાજબી મળી રહેતા વળતરને પણ જતું કરવાની તેઓ એમનાં સંતાનોને સલાહ આપતા. એમની સંપત્તિએ શોષણ જોયું ન હતું- એમના વૈભવે વિલાસ જાણ્યો ન હતો.

• • •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૪ :

માનવી ભલે પોતાનો ભાગ્યવિધાતા ન બની શકે, પણ ચારિત્ર્યવિધાતા તો જરૂર બની શકે. એક વખત જે. પી. મોર્ગનને કોઇએ પૂછ્યું, "માનવ જીવનની સાચી સલામતી શેમાં?" એનો જવાબ હતો "ચારિત્ર્યમાં." ચારિત્ર્ય એ માનવીમાત્રની એવી સંપત્તિ છે, જેનો હ્રાસ થતો નથી કે નાશ થતો નથી. ચારિત્ર્યવાનો સમાજનાં સુતત્ત્વો છે, અને સમસ્ત પ્રજાની નૈતિક શકિત છે. કોઇ સેનાપતિ રણક્ષેત્રમાં વિજય મેળવે, કોઇ ઉદ્યોગપતિ ઉદ્યોગોની હારમાળા ખડી કરી દે, રાજસત્તા પાસે કુબેરનાં ભંડારો હોય કે ભવ્ય મહેલાતોની નગર રચનાઓ હોય, એટલા પરથીજ દેશની શકિત કે પ્રગતિનાં અનુમાન ન બંધાય. કોઇપણ રાષ્ટ્રની સંપત્તિ અને શકિત એનાં ચારિત્ર્યશીલ પ્રજાજનો છે, એની પ્રગતિ પ્રજાની ચારિત્ર્યભાવનાને અહર્નિશ પોષણ આપવામાં છે. આપણે ત્યાં તો આજ પાંચ હજાર વર્ષથી એ ભાવનાનાં વહેણુ નિરંતર વહેતાં રહ્યાં છે. ધર્મ અને ધર્માત્માઓએ ઉચ્ચ ભૂમિકા પરથી એના ઉદબોધ કર્યા છે. ભગવાન બુધ્ધે જીવનનાં શીલને પ્રથમ સ્થાન આપ્યું. રામાયણ, મહાભારત, પુરાણો અને એક એક જાતક કથાઓ એ ભાવનાથી ભારોભાર ભરી છે. સામાન્ય માનવીજ નહિ પણ ચક્રવર્તી સમ્રાટોએ પણ 'વિક્રમના આદિત્ય' કરતાં 'શીલ ના આદિત્ય' બનવામાં વધારે ગર્વ લીધા છે. અશોકનું ઉપનામ હતું 'પ્રિયદર્શી,' હર્ષનું ઉપનામ હતું 'શીલાદિત્ય' અને વલ્લભીમાં તો શીલાદિત્યોની પરંપરા ચાલી હતી.

સત્ય, શીલ, સદગુણ, સાહસ અને સેવાભાવનો સુંદર સમન્વય એટલે ચારિત્ર્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવબહાદુરના સ્વભાવનું એક તત્ત્વ હતું ઉગ્રતા. આવા સ્વભાવે જમદગ્નિ જેવા પિતા પાસે સર મથુરાદાસ પરશુરામ જેવા આજ્ઞાંકિત બનવાનું બચપણથી જ શીખ્યા હતા. ઉગ્ર છતાં હૃદયના કોમળ પ્રેમાળ પિતાની છાયામાં પેઢીઓના સંસ્કારો સાથે સદ્ચારિત્રનાં સીંચનનું પણ એમને સદભાગ્ય મળ્યું હતું.

એવા ચારિત્રનું પ્રથમ સૂત્ર હતું–સત્ય. એમનું મંતવ્ય હતું કે, સૃષ્ટિનાં અવિચળ સત્યો સાદાં અને સરળ હોય છે. મહાન પુરૂષોનો પ્રથમ ગુણ જેમ સાદાઇ હોય છે, તેમ સત્ય હરહંમેશ સરળ અને નિર્ભેળ હોય.

એનું બીજું સુત્ર હતું 'મૃદુ નિ કુસુમાદપિ'–ફૂલથીયે કોમળ એવી હૃદયની મૃદુતા. હૃદયકુંજની મનોહર વલ્લરી–જેના પર નજર પડતાંજ નયન–આરામ બની રહે. એવું વિશાળ વટવૃક્ષ જેની છાયામાં સદાય શિતલતા વરસી રહે. એવી મૃદુતાએ તો વિશ્વવિજય કર્યા છે; એવી મૃદુતાથી આર્ય મહર્ષિ-ઓએ વનરાજોની ગર્જનાઓને સમાવી હતી.

એનું ત્રીજું સૂત્ર હતું–પ્રિયવર્તન. તમને જોતાં જ સામાની આંખ હસી ઉઠે, તમારો સહચાર સહુકોઇને ગમે, તમારી વાત કહેવાની રીતમાં કોમળતા ઓતપ્રોત હોય, સત્ય કહેવું હોય તો પણ સ્મીત અને સદભાવથી કહેવું–એવું પ્રિયવર્તન એ જીવન કલા છે. તેઓ માનતા કે વ્યકિતગત પ્રતિભા કે શરીર સૌંદર્ય કરતાં પ્રથમ છાપ સરસ વર્તનની પડે છે. કારણ વર્તણુક એ અંતર્ગત ગુણનો પડછાયો છે.

એનું ચોથું સૂત્ર હતું. આત્મનિરીક્ષણ. તેઓ માનતાકે માણુસ બીજાઓથી ઓછો છેતરાય છે, વધારેતો પોતાની જાતથી જ છેતરાય છે. એટલે માનવીમાત્રની પોતાને ઓળખવાની પ્રવૃત્તિ અહર્નિશ ચાલુ રહેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. રાત્રે કે દિવસે, સુતાં કે બેસતાં, ઘડીએ ઘડીમાં એનું વિસ્મરણુ ક્યારેય ન થાય. કારણુ ગઈકાલનાં તમામ નાનાં મોટાં કૃત્યોનો સરવાળો એટલે આજનું જીવન. આમ માનવીમાત્ર એકરીતે પોતાનો જીવન-વિધાતા બની શકે. એનું આજનું જીવન એ સ્વકૃતિ છે. મનોરાજ્યની કોઈ ઉંડી ખીણુમાં ક્યાંય નાનીસરખી પણુ વિકૃતિ દેખાય તો એનો દોષ અન્યનો નથી. એ દોષ આપનો છે.

એનું પાંચમું સૂત્ર હતું–ધીરતા. આદ્ય શંકરાચાર્યે કહ્યું છે, "સમુદ્ર કિનારે બેસો, એક ઘાસની સળી લ્યો, એના પર પાણીનું બીંદુ લ્યો. બાજુમાં ખાઈ હોય, એમાં એ બીંદુઓને સમાવવાની શકિત હોય અને ત્યાંસુધી બેસી રહેવાનું તમારામાં ધૈર્ય હોય તો–તો કાળાંતરે સમુદ્ર પણુ ખાલી થઈ જશે." એવી અસીમ ધીરતાથી તો રાજા ભગીરથે હિમાલયની કરાળ ભેખડો તોડી ગંગાને કોશલના મેદાનોમાં વહાવી હતી. એવીજ ધીરતાથી યાદવોના સંઘતંત્રે સાતસાગરોની લક્ષ્મીથી દ્વારાવતીને સમૃદ્ધ બનાવી હતી. એવા ધૈર્યથી તો 'હિંદુપત' પાદશાહીના પ્રથમ વર્ષોમાં ખંડેરાવ દાભાડે, સંતાજી ઘોરપડે અને ધનાજી જાદવ જેવા સામાન્ય માનવીઓએ સાગર સમી મુગલ સેનાઓને વર્ષો સુધી હંફાવી હતી. સર મથુરાદાસ સારી રીતે જાણુતા કે 'વીસનજી' કુટુંબની વેપાર, ઉદ્યોગ કે તમામ પ્રવૃત્તિઓની પ્રગતિ એવા અસીમ ધૈર્યને આભારી હતી.

એનું છઠ્ઠું સૂત્ર હતું–પુરૂષાર્થ. જો આપણે નિસર્ગના સર્જનને પવિત્ર માનતા હોઈએ; સૂર્યનો પ્રકાશ કે ચંદ્રની અમીધારા, નક્ષત્રોના ચમકારા કે સમુદ્રનાં ગર્જન, ફૂલોની સુવાસ કે પક્ષીઓનાં સંગીત: આ સર્વને આપણે નિસર્ગની પવિત્ર કૃતિઓ માનતા હોઈએ, તો ઉદ્યમને–નાનામાં નાના માણુસના કામને પણુ પવિત્ર માનવું જોઈએ. કારણુ માનવીના સતત પ્રયત્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અવિરત કાર્યથીજ આ ધરતી નવપલ્લવિત બની છે, અફાટ સાગર ખેડાયા છે અને મહાન નગરો બંધાયા છે: તેઓ માનતા કે માણસમાં બુદ્ધિ હોય તો ઉદ્યમ એને વધારે તેજીલી બનાવે છે, ઉણપો હોય તો ઉદ્યમથી ઓછી થાય છે. માણસ ચિંતાગ્રસ્ત હોય તો જે ઘડીએ તે કામમાં પ્રવૃત થાય છે, એ ઘડીથી ઉદ્વેગ ઉડી જાય છે. ઉદ્યમ એવું ચેતન તત્ત્વ છે. તેથી તો ઘણી વખત નોકરોએ કરવાનાં કામ તેઓ જાતે કરી લેતા. રસોઈઓ, માળી કે ઘાટીનું ઘરકામ જાતે કરવામાં એમને જરાય નાનમ ન લાગતી. એક વખત હું એમની સાથે મુંબઇથી દેશમાં (જામનગર) જતો હતો. વીરમગામ જંકશન નજીક આવવા લાગ્યું એટલે મેં મારૂં બીછાનું બાંધી લઇ, એમનું બીછાનું સંકેલવા માંડયું. એ જોઇ તેઓ તુરતજ ગુસ્સે થઇ ગયા અને પોતાનું બીછાનું હાથેજ બાંધ્યું. આવી અનેક નાની મોટી ઘટનાઓ વખતે કંઇપણ અંગત કામ તેઓ બીજા કોઈને કરવા દેતા નહિ. તેઓ માનતા કે આમજ પુરૂષાર્થ કેળવાય, જીવનની સામાન્ય બાબતો, કરવાનાં નાનાં માં નાનાં કામ યોગ્ય રીતે કરવાથી તો માણસ મહાન બને છે. અને એ તો નિર્વિવાદ છે કે, નિર્બલો જ્યાંથી પાછા ફરે છે, ત્યાંથી પુરૂષાર્થીઓ આગળ વધે છે.

એનું સાતમું સૂત્ર હતુ–કર્તવ્ય. તેઓ માનતા કે કર્તવ્યની શરૂઆત કુટુંબથી થાય છે. બાળકોનું મા–બાપ પ્રત્યેનું કર્તવ્ય અને મા–બાપોનું બાળકો પ્રત્યેનું કર્તવ્ય. પત્નીનું પતિ પ્રત્યેનું કર્તવ્ય, અને પતિનું પત્ની પ્રત્યેનું કર્તવ્ય. એમજ જીવનના વિશાળ ક્ષેત્રમાં સેવકનું સ્વામી પ્રત્યેનું કર્તવ્ય અને સ્વામીનું સેવક પ્રત્યેનું કર્તવ્ય. પડોશીનું પડોશી પ્રત્યેનું., વ્યકિતનું સમાજ પ્રત્યેનું અને પ્રજાનું રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય. આમ જીવનની દરેક અવસ્થામાં માણસે કર્તવ્યશીલ રહેવું જોઇએ. કર્તવ્ય એ હૃદયભાવનાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

63 રી
66
૨-૮-૧૨૩
૪-૮-૭૦
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, એતો જીવન જ્યોત છે. એ જ્યોત ઝાંખી પણ જલતી રહે ત્યાં સુધી ઘોર નિરાશા અને ઘનઘોર અંધકારમાં પણ એક દિવસ આશાનાં સોનેરી કિરણો જરૂર ઝળહળી રહેવાનાં.

મહાત્માજીએ કહ્યું છે, "આદર્શ એક વસ્તુ છે. એનું પાલન કોઈ બીજી જ વસ્તુ છે." આંખ સામે અસંખ્ય સૂત્રો હોય, પણ એને જીવનમાં ઉતારવાની તમન્ના ન હોય તો, એ શબ્દોના સાથીયાજ બની રહે. માનવી એટલે સર્જનહારનું સર્વોત્તમ સર્જન. જન્મ લેતું દરેક બાળક અસ્પષ્ટ સંસ્કારો લઇનેજ જન્મે છે. એ સમજાણું થાય, અને જન્મનાં સંસ્કારો એની એક એક અવસ્થામાં ધીમે ધીમે ખીલતા રહે કે કરમાઈ જાય એનો આધાર ઘર અને ઘરના વાતાવરણ પર છે. રાવબહાદુર શિસ્તપાલનના ચુસ્ત હિમાયતી હતા. ઘરનાં બાળકો બાલપણમાં શિસ્તભંગના અજાણ્યે પણ અપરાધો કરી બેસે એ સહજ છે. આવી અનેક નાની મોટી ઘટનાઓ વખતે બીજાં બાળકોના અપરાધો પોતે વહોરી લઇ, પિતાનો રોષ પોતે એકલાજ સહી લેતા. બાલ્યાવસ્થાની આ અસ્પષ્ટ ભાવનાએ એમના હૃદયને સ્નેહાદ્ર બનાવ્યું. આવી હૃદયની આદ્રતાએ એમના આખાયે જીવનને માનવતાથી ભરી દીધું.

પિતાની આજ્ઞાઓ પાળવામાં તેઓ વડીલો પ્રત્યેની આમન્યા શીખ્યા. એવી આમન્યાએ એમણે જીવનભર સેવેલ સદવિવેકનાં બીજ રોપ્યાં. સદ્ગત ના. જામ રણજીતસિંહજી સાથે એમના પિતાને સંબંધ હતો તે એમણે વિકસાવ્યો. જામ રણજીતસિંહજીના અવસાન પછી નવાનગર સંસ્થાનનો આર્થિક કારોબાર અસ્તવ્યસ્ત સ્થિતિમાં હતો. હાલના જામસાહેબ ના. દિગ્વિજયસિંહજીએ એમને રાજ્યની આર્થિક પરિસ્થિતિના સર્વાંગી

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્વેષણ માટે જામનગર આવવા આમંત્રણ આપ્યું. વતનની મમતા અને રાજ્ય સાથેના સંબંધખાતર કેવળ નિસ્વાર્થ ભાવે એમણે એ આમંત્રણનો સ્વીકાર કર્યો. અને એ વખતના જામનગરના સરમુખત્યાર જેવા ગણાતા પેસ્તનજી શેઠ, અન્ય વેપારીઓ અને રાજ્ય વચ્ચેની અનેક આંટીઘુંટીઓના ઉકેલ આણી, રાજ્યના આર્થિક તંત્રના સર્વાંગી વિકાસની યોજનાઓ આપી. એમણે એ કાર્ય પાર પાડ્યું. આ સમય દરમ્યાન અને ત્યાર પછી પણ પ્રસંગોપાત ના. જામસાહેબને મળવાના અનેક પ્રસંગો વખતે, પોતે વયોવૃધ્ધ હોવા છતાં રાજા તરફના પૂજ્યભાવથી પ્રેરાઈ, તેઓ એ મુલાકાત ચાલે એટલા વખત સુધી ઉભા રહેવાનું પસંદ કરતા. એકવારતો મને બરાબર યાદ છે કે ના. જામસાહેબે કહ્યું હતું. " Well, Sir Mathuradas ! If you do not take your seat, I shall get up. " એમને સીગારેટનો શોખ હતો અને કલાકમાં એકાદ સીગારેટ એમને જોઇતી. પણ ના. જામસાહેબ સાથેની વાતચીતમાં કલાકોના કલાક થાય તો પણ એમની રૂબરૂ તેઓ સીગારેટ સળગાવતા નહીં. એક દિવસ અમે ત્રણે લાંબા સમય સુધી સાથે રહ્યા હતા ત્યારે જામમહેલ છોડતી વખતે મેં પૂછ્યું, "દાદા, આટલા લાંબા વખત સુધી આપ સીગારેટ વિના કેમ રહી શકો છો ?" એમણે કહ્યું, "જેની આમન્યા પાળવાનું આપણે નક્કી કર્યું હોય, એની આમન્યા તો ગમે તેવા સંજોગોમાં ક્યારેય ન લોપાય. એમ કરતાં મન પર થોડો સંયમ રાખવો પડે તો ય શું થયું !"

સમયની તેઓ બરાબર કિંમત આંકતા. દુનિયામાં અનેક પ્રકારની અસમાનતાઓ ભલે હોય, પણ સમયના ખજાનામાં તો સહુ કોઇ સરખા સમૃદ્ધ છે. નક્કી કરી રાખ્યા પ્રમાણે પળે પળે આગળ વધવામાં કોઈ અસાધારણ બુદ્ધિપ્રભાવની જરૂર પડતી નથી. મહાન કાર્યોની સિદ્ધિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળમાં હમેશાં આવાં સરળ સત્યોજ હોય છે. એમના પુત્ર ભાઈ પ્રતાપસિંહના લગ્ન પ્રસંગે વરઘોડાના મુકરર થયેલ વખતે બહારગામથી આવેલ એક આગેવાન વ્યક્તિની ગેરહાજરી હતી. એમના એક નિકટના મિત્રે તેઓ આવી પહોંચે ત્યાં સુધી રાહ જોવા સુચના કરી. એમણે કહ્યું, "વ્યક્તિ ગમે તેટલી મહાન હોય, પણ અહીં મારા જે અસંખ્ય આમંત્રિત મહેમાનો છે એમનો પાંચ મિનિટનો વખત પણ હું કેમ ગુમાવું?"

આવી અનેક નાની મોટી ઘટનાઓમાં એમના સુરેખ ચારિત્ર્યની આપણને ઝાંખી થાય છે. ચારિત્રનું સવિશેષ મૂલ્ય તો એ છે કે, અફાટ સંપત્તિના વારસા કરતાં પણ પુત્રો અને પરિવારને મળતો પિતાનો ચારિત્ર વારસો અમૂલ્ય છે. જ્ઞાનીઓ પ્રશંસા પામે છે, ત્યારે ચારિત્રવાનો પૂજાય છે. સદ્ચારિત્રને કલ્પવૃક્ષ કહો તો એનાથી મનના મનોરથ ફળે છે, એને પારિજાત કહો તો એની સુવાસ સદૈવ પ્રસરી રહે છે.

લક્ષ્મી અને સરસ્વતીનો સંયોગ વિરલ મનાયો છે, પણ લક્ષ્મી, સરસ્વતી અને સદ્ચારિત્રનો સંયોગ તો દુર્લભ છે. કોઈ સદ્ભાગીના જીવનમાંજ આવો ત્રિવેણી સંગમ દેખાય છે. એવો સુભગ સંગમ સર મથુરાદાસના જીવનમાં હતો. એ એમનું અહોભાગ્ય હતું. સંસારમાં પરિપૂર્ણ તો કોઇ નથી, પણ એમના એક વખત પણ પરિચયમાં આવેલ કોઇ પણ એટલું તો નિઃસંકોચ કહેશે કે, મહાત્માજીના "જીવવું એટલે માનવજાતની સાચી સેવા કરવી" એ સૂત્રને એમણે યથાશકિત જીવનમાં ઉતાર્યું હતું.

લક્ષ્મી સંપન્ન કુટુંબમાં એ જન્મ્યા હતા, પણ વિલાસ ઘડીમાં ઘેરાઈને ઘડીમાં વિખરાતાં વાદળ સમા છે, વૈભવ વ્યર્થ આડંબર છે અને લક્ષ્મીની લાલસા એ જ્વાળા છે; એ સત્ય તેઓ સમજતા. એકવાર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો સોદો કરીને આનંદના ખબર આપવા હું એમની પાસે ગયો. સાંભળીને તેઓ રાજી થયા. એમણે કહ્યું, "જો બેટા, લક્ષ્મીપતિ બનીને એનો ઉપભોગ કરવામાં તો માણસાઈ ભૂલાય, પણ લક્ષ્મીનો પુત્ર બનીને એનો સદઉપયોગ કરતાં શીખીશ તો અખંડ માતૃપ્રેમની માફક એનું ઝરણું ક્યારેય નહિ સુકાય." આવી સમયોચિત સાદી શિખામણોમાં જાણે તેઓ શાસ્ત્રવચનો કહી રહ્યા હતા. આપણા રીતરિવાજોમાં જેનું ખૂબ પ્રાબલ્ય છે એવી યાજ્ઞવલ્કય સ્મૃતિનું વચન છે, "દેશકાલ પ્રમાણે શ્રધ્ધાપૂર્વક દ્રવ્યનો જે સદવ્યય થાય, તે સર્વ ધર્મનું લક્ષણ છે." સમય સમયનાં આવા શાસ્ત્ર-વચનોની માફક લક્ષ્મી–લાલસાનાં કારમાં તાંડવનાં ઉદાહરણ પણ આપણે ત્યાં ઓછાં નથી. આર્યો હજુ જ્યારે વન અને ઉપવનોના પર્ણકુટિઓના ગ્રામ–વાસોમાં રહેતા, જ્યારે ગૌધન જ ધન ગણાતું, દ્રવ્યવિનિમય કે સંચયની જ્યારે ઝાંખી પણ ન હોતી, એવી આપણા ઇતિહાસની પરોઢ જેવી પરિસ્થિતિમાં, આર્યોની જ એક જાતિ વિશેષ સાહસિક યદુજાતિએ સાત સાત સાગરોનાં મંથન કરી પ્રથમ લક્ષ્મી મેળવી. અને એ લક્ષ્મીસંપાદનથી 'દ્વારાવતી'ની રચના કરી. એવો અઢળક લક્ષ્મીનો સંચય આપણને સોનાની દ્વારકાના ઉલ્લેખમાં મળે છે. જે સુરાની મોહિનીથી મૂર્છિત કરી એમણે અસુરોની સંપત્તિ પણ પોતાની કરી હતી, એજ સુરામાં મસ્ત બની-એમના વન–વિહારો, એમની જલક્રિડાઓ અને રૈવતપરના એમના ભવ્ય નૃત્ય સમારંભોના વૈભવ અને વિલાસમાંજ એમણે 'યાદવાસ્થળી' સર્જી, અને ભગવાન વિષ્ણુના અંશાવતાર સમા શ્રીકૃષ્ણનો એકલવાયી સ્થિતિમાં કરૂણ દેહોત્સર્ગ થયો.

જ્યારે સમાજમાં લક્ષ્મીનું જરાપણ પ્રભુત્વ નહોતું, એટલા અતીત સમયમાં પણ લક્ષ્મી–લાલસાની આ કારમી લીલા આજના લક્ષ્મીસંપન્નોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજવા જેવી છે. આજે જીવનમાં ડગલે અને પગલે જેના વિના જરાય ચાલતું નથી, જેના ઉત્પાદનના સદંતર અભાવે આ દેશના મોટા ભાગમાં અસહ્ય યાતનાઓ ઉપજાવી છે, એવા આ દેશમાં અમર્યાદ શોષણ અને સંચય કેવાં પરિણામ ઉપજાવશે એ સમજવું એ કોઈ વિકટ સમસ્યા નથી.

માનનિય પંડિત જવાહરલાલે તાજેતરમાંજ કહ્યું હતું, "હવે આ દેશમાં એવાંજ માનવીઓનાં સન્માન થશે, જેઓ સમાજમાંથી લેશે ઓછું અને આપશે વધારે." આવાં કોઈ સન્માન મેળવવાના આશયથી નહિ, પણ સ્વભાવગત સહૃદયતાથીજ સર મથુરાદાસ દીન દુઃખીનાં દુઃખનિવારણ માટે હરહંમેશ તત્પર રહેતા. માનવદેહની જરા અને અસહાયતા જોઈ સિધ્ધાર્થનું અંતર દ્રવી ઉઠ્યું હતું, પંખીનું મૃત્યુ જોઇ એને વિરાગ જાગ્યો હતો, એમ કોઇનીયે કરૂણાભરી સ્થિતિ એમના હૈયાંને હલાવી દેતી. એવા અનેક કિસ્સાઓ છે, જ્યારે દાન ક્યાંથી આવે છે એની જાણ પણ ન થાય, લેનારને પોતે દાન લીયે છે એવી લાજમ પણ ન અનુભવવી પડે, એવી રીતે અનેક અકિંચન અને અસહાય કુટુંબોને એમણે સહારા આપ્યા છે. અનેક એકલવાયી વિધવાઓનાં ભરણપોષણ માટે તેઓએ કાયમી વ્યવસ્થા કરી હતી. અનેક વિદ્યાકાંક્ષી વિદ્યાર્થીઓની વિદ્યોપાસના માટે એમણે પ્રબંધ કર્યાં હતા. અમુક તેજસ્વી અને લાયક વિદ્યાર્થીઓના વિદેશમાંના ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે તેઓ વખતો વખત મોટી રકમો શિષ્યવૃત્તિ રૂપે આપતા.

પાણીની પરબો જેટલુંજ જ્ઞાન અને સંસ્કારની પરબોનું સત્કાર્ય છે એમ તેઓ માનતા. એમનાં ઔદાર્યથી ચાલતી વઢવાણની ડાયમંડ જ્યુબીલી હાઈસ્કુલ: એમણે સ્થાપેલી દાદર અને અંધેરીની કેળવણી સંસ્થાઓ: અને બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના વખતે સ્વ. પંડિત મદનમોહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલવીયને એમણે આપેલ રૂપીયા દોઢ લાખનો ચેક : એમના શિક્ષણ પ્રેમની પ્રતિતી આપે છે.

એમનાં સમાજ સેવાનાં કાર્યો પણ ધર્મ, જાતિ કે પક્ષના રંગે રંગાયેલ નહિ પણ નિર્ભેળ સેવાભાવના એક રંગથી ઓપી રહેતાં. સમસ્ત માનવજાત પ્રત્યે એમનું હૃદય સદાય સંવેદનશીલ રહેતું. પહેલા બ્યુબોનિક પ્લેગની ભયંકર આફત વખતે એમના પૂ. દાદા અને પિતાના પ્રયત્નોથી સ્થપાયેલ જામનગરની આણુદાબાવાની સંસ્થાની આજની સ્થિતિ એમના અવિરત ઉદ્યમને આભારી છે. પહેલા વિશ્વયુધ્ધ વખતે અન્ન વસ્તુઓની અછત પ્રત્યે સરકાર પણ નિષ્ક્રિય હતી, ત્યારે સસ્તા અનાજની યોજનાઓ લઇને તેઓ પહેલા બહાર આવ્યા હતા. એમના વતનમાં પાણીની અછતના પોકાર હોય, કે બીજાપુર અથવા અહમદનગરના દુકાળ હોય, બિહારના ધરતીકંપ હોય કે આસામના જલપ્રલય હોય, દુ:ખી માનવોની સહવેદના એમના હૃદયમાં પણ વેદના જગાવતી. આવા સમયે બનતું કરી છૂટવા તેઓ આતુર રહેતા. આપણી આઝાદી પહેલાંનાં મુંબઈનાં કોમી હુલ્લડો વખતની એમની તન, મન અને ધનની સેવાઓ કોઇથી અજાણી નથી.

અંગ્રેજ પેઢીઓ સાથે વર્ષોથી પોતાનાં વેપારી અને આર્થિક હિતો સંકળાયેલાં હતાં છતાં, બ્રીટીશ શાસન સામેના કોંગ્રેસના સ્વાધીનતાના સંગ્રામમાં તેઓ આર્થિક સહાય આપી રહેતા. બ્રીટીશ શાહીવાદ જ્યારે પૂર જોશમાં હતો, ત્યારે સ્થાપિત સત્તાનો રોષ વહોરી લેવાના જોખમે પણ તેઓ રાષ્ટ્રીય નેતાઓના સંસર્ગમાં આવતા અને એમના સહાયક પણ બની રહેતા. અને આઝાદી પછી કોંગ્રેસના શાસન સમયે પણ સમાજવાદી કે ઉદ્દામ વિચારસરણી ધરાવતા રાજકીય નેતાઓ એમને ત્યાં એટલા જ સન્માન પામતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોએ જીવનને સંગ્રામ માન્યો છે. એમાં સુખના દિવસોની વસંત સદાય નથી ટકતી, દઝાડતા દુઃખના દિવસોના તાપ આકરા હોય છે. એ સંગ્રામમાં વિજય જવલ્લે જ મળે છે. પરાજય વારંવાર પામવાના હોય છે. વિજયમાં ઉન્માદ ન હોય–પરાજયની ફરિયાદ ન હોય, એવી સમભાવી વૃત્તિ અને સમ્યક્દ્રષ્ટિ કેળવવી એ જીવનનો આદર્શ હોવો જોઈએ એમ તેઓ માનતા. ઘડીભર ઉભા રહીને પોતે કાપેલી આખીયે જીવનવાટ પર નજર નાખતાં સત્કાર્યોથી જેને એ હરીભરી અને હરિયાળી દેખાય, એની જીવન સંધ્યાના રંગ પણ એવા જ ઉજળા હોય છે.

: ૬ :

પાતંજલ યોગસુત્રનું વચન છે, "योगश्चित् वृत्ति निरोध: ।" મહાત્માજીએ કહયું છે, "અનાસકિતની પરાકાષ્ટા એટલે ગીતાએ પ્રબોધેલી આત્માની મુકિત." એજ અર્થ આપણને ઇશોપનિષદના પહેલા મંત્રમાં મળે છે. મનુષ્ય ગમે તે જાતિ કે કોટિનો હોય, એણે જીવનભર ઉચ્ચ આદર્શો સેવ્યા હોય, કર્તવ્યપંથે જીવનને સફળ કર્યું હોય, તમામ મનોકામનાની એને સિદ્ધિ વરી હોય અથવા તો અકાર્ય અને આપસ્વાર્થથી અરણ્યસમું એનું જીવન ઉજ્જડ બન્યું હોય, તો પણ જીંદગીની પાછલી અવસ્થામાં આત્માને ઓળખવાની એની જીજ્ઞાસા જરૂર જાગવાની. કારણ એ આ ભૂમિમાં યુગેયુગે સીંચાયેલા સંસ્કાર છે.

આ ભૂમિ પર પ્રકટેલ પ્રથમ ધર્મવિચારે (ઋગવેદ) જગતને મિથ્યા માન્યું નથી. જગત એ અહેતુક ઇંદ્રજાળ નથી, પણ એ ખરેખર હસ્તી ધરાવે છે એ જાતની મુગ્ધતાભરી માન્યતા એ એનો પ્રધાન સૂર છે. એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ સુક્તોમાં આપણે માણસોને નિસર્ગનું સૌંદર્ય, એની વિશાળતા, એની ભવ્યતા ને એની કરુણતા—એ સર્વમાં રાચતા અને આનંદ પામતા જોઇએ છીએ. આદ્યધર્મના એ પ્રભાતે જગતની સહેતુક રચનાના સ્વીકાર સાથે જીવનનો આનંદ છે.

ઉપનિષદકારોએ પ્રથમ તત્ત્વચિંતન કરી આત્મજ્ઞાન ઉપજાવ્યું તેઓ એ સત્યનો સ્વીકાર કરીને તો આગળ વધે છે. જેમ જગત મિથ્યા નથી તેમ આત્મા પણ મિથ્યા નથી. એ વિશોક, વિજર અને વિમૃત્યુ છે. જન્મે જન્મે સકળ જગતરૂપી બ્રહ્મ સાથે અદ્વૈત સાધવાની પ્રક્રિયામાં એ પૂર્ણતા પામે છે. બૃહદારણ્યક ઉપનિષદ કહે છે, "જ્યારે હૃદયના કામો માત્ર છૂટી જાય ત્યારે મર્ત્ય અમૃત થાય છે. આ આત્મા સત્ય, અનાસક્તિ, અપરિગ્રહ અને અસ્તેયથી પ્રાપ્ત થાય છે."

જગતમાં કેટલાક અજ્ઞાની હોય છે અને જાણતા પણ નથી હોતા કે પોતે અજ્ઞાની છે. કેટલાક જ્ઞાની હોય છે અને જાણતા નથી કે પોતે જ્ઞાની છે. બહુ જ ઓછા એવા હોય છે જેઓ પોતાનું જ્ઞાન અને એની મર્યાદા જાણતા હોય છે. એટલે તો સર મથુરાદાસ પોતાને જીવનભર જ્ઞાનમાર્ગના પ્રવાસી માનતા. તેઓ માનતા કે, જ્ઞાન ક્યારેય સંપૂર્ણ નથી. અને કહેતા કે, આપણી જ કાર્યપ્રણાલી સાચી છે, કારણ આપણે લાંબા સમયથી એ રીતે કામ કરતા આવ્યા છીએ; આપણાં જ મંતવ્યો સાચાં છે કારણ લાંબા સમયથી આપણે એને સેવતા આવ્યા છીએ, એવી ઘણાંની માનસિક વલણ એ જીવનમાં આગળ વધવાનો ઈનકાર છે; અધુરાં જ્ઞાન અથવા અજ્ઞાનનો પ્રકાર છે. જીવનની કોઇપણ અવસ્થામાં જ્ઞાન પ્રાપ્તિ માટે તો માણસે શિષ્યભાવે વર્તવું જોઇએ. સદગત સ્વામી આત્માનંદ સરસ્વતીને એમણે ગુરુપદે સ્થાપ્યા હતા. અને સંતો અને સત્પુરૂષોના સહવાસ માટે તેઓ સદાય ઉત્સુક રહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન એ એવો મહાસાગર છે, એવું એક અવિરત વહેતું વહેણુ છે, જેમાં કેટલાક અનિચ્છાએ ખેંચાય છે, કેટલાક અહીં તહીં અથડાય છે, કોઇને જ કિનારા મળે છે. પણુ એમનું એ જીવન-સાફલ્ય હતું કે, જીવન નાવને લક્ષ્ય સ્થાને પહોંચાડી શકયા.

જીવનનાં પાછલાં દશ વર્ષોમાં વહેવાર અને વ્યવસાય, વેપાર અને ઉદ્યોગના અનેકવિધ કાર્યોમાંથી ધીમે ધીમે તેઓ નિવૃત્તિ લઈ રહ્યા હતા. મહાપ્રયાણુની પૂર્વ તૈયારી રૂપે, ઐહિક ઉપાધીઓ સંકેલી લઈ, અલૌકિક જીવન-વાટે જવાની જાણે તૈયારી કરી રહ્યા હતા. આવી ચિંતા-વિમુક્ત જીવન સંધ્યાએ છેલ્લાં વર્ષો એમણે આત્મચિંતન અને આત્મદર્શનમાં વિતાવ્યાં હતાં. વૈભવ અને સમૃદ્ધિની છોળો વચ્ચે અપરિગ્રહ અને અનાસક્તિની આવી સિદ્ધિ કોઈ વિરલ આત્માને જ વરે છે.

અવસાન પહેલાંના છ મહિનાથી એમનું સ્વાસ્થ્ય બગડતું ચાલ્યું હતું. છતાં શરીરના કષ્ટને લઇને આત્મા પરનો સંયમ એમણે કયારેય નહોતો ગુમાવ્યો. એમનાં નિત્યના પૂજાપાઠ અને ઉપાસના જ્યાંસુધી શરીરે જવાબ આપ્યો ત્યાંસુધી નિયમિત ચાલુ રહ્યાં હતાં. અને જ્યારે શરીર લથડવા માંડયું ત્યારે ચિત્તને પરમાત્મા સાથે જોડી દીધું. છેવટની ઘડી સુધી તેઓ શુદ્ધિમાં હતા. ગીતાના પાઠો ચાલતા હતા. કોઈ યોગાત્માની અંતીમ નિર્વાણુ પળોની જેમ સંપૂર્ણુ શાંતિથી અને સ્વસ્થ ચિત્તે "ૐ" નામ સ્મરણુથી એમણે દેહ છોડયો. એમના છેવટના દીવસોમાં પ્રિય પુસ્તકો હતાં યોગવાસીષ્ઠ અને એકનાથી ભાગવત.

હરીષેણે ગુપ્તરાજવી સમુદ્રગુપ્તની પ્રશસ્તીમાં લખ્યું છે, "...અંતે તેઓ પોતાનાં સુચરિતથી પ્રાપ્ત કરેલ સ્વર્ગે સંચર્યા." આપણે પણુ એમજ કહીએ કે, કર્મને જ અધિકાર માની જેમણે સમસ્ત જીવન વીતાવ્યું એવા એ પુનિત આત્માનો સદાસર્વદા સ્વર્ગમાં વાસ હો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकृतिमां जे सौंदर्यरुपे वसे छे,
तेज महान अने गुणी पुरुषोमां
प्रतिभा रुपे वसे छे.

જીવનરેખા

: ૧ :

જન્મ

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥

श्रीमद्भगवद् गी. अ. ९.

સવંત્ ૧૯૩૭નો ચૈત્ર માસ ચાલતો હતો. સત્કૃત્યથી સંપાદન કરેલ સમૃદ્ધિની પેઠે ભગવાન સહસ્ત્રરશ્મિનો પ્રતાપ દિવસે દિવસે વધતો જતો હતો. જજનના સ્વભાવની જેમ રજનીપતિનાં રશ્મિઓ આલ્હાદજનક બન્યે જતાં હતાં. રાત્રિ દિવસની સમાનતા સાધ્યા પછી મહાપુરુષના મનની પેઠે દિનમાન વધ્યે જતાં હતાં. ઋતુરાજના રંજક હવામાન દયાદ્ર દિલની પેઠે સમશીતોષ્ણ મટી વધુ અને વધુ હુંફ આપવા લાગ્યાં હતાં. વનરાઈઓ લલિત લલનાની જેમ લાવણ્ય લહેરાવી રહી હતી. સત્પુરૂષનાં સન્માનની જેમ આમ્રઘટાએ આમોદયુકત મોરનાં માધુર્ય પ્રગટ કર્યાં હતાં. ક્યાંક ક્યાંક ખાખટીની ખાટી સુગંધ રસનાને રસાળ બનાવી રહી હતી. સંગીતકારનાં સંગીતની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોયલનો ટુહુકાર અને મધુકરનો ગુંજારવ મનોહર લાગતા હતા. નદીઓનાં નીર જાણે દાનેશ્વરીનાં દ્રવ્યરાશિનો ઈતિહાસ આલેખી રહ્યાં હતાં. પૂર્ણ પુરૂષોત્તમ રામચંદ્રજીની જન્મજયંતી ભવ્યતા અને ભક્તિભાવથી ઉજવાઇ ગઈ હતી. સીતારામની ધૂનના પડઘા હજુ લોકહૃદયમાંથી શમ્યા ન હતા. પરમ પુરૂષના પ્રોજ્જવલ ચારિત્ર્યનાં ગાન હજુ હૈયે હૈયે ગુંજતાં હતાં. ઉચ્ચ જીવનના ઉચ્ચ આદર્શોની કથા ઉર ઉરમાં ઉછળી રહી હતી. એ ભક્તિમય, ભાવનામય, ભાવમય વાતાવરણ વચ્ચે અ. સૌ. બાઈ રામકુંવરને પુત્ર પ્રસવ થયો. શેઠ વિસનજીભાઇને વધામણી મળી. ઘરમાં સૌના આનંદનો પાર રહ્યો નહીં. દાદા ખીમજીભાઇનો હરખ માતો નથી. વધામણીનાં ઈનામ અપાયાં. બ્રાહ્મણોને દાન દેવામાં આવ્યાં. છોકરાંઓને સાકર પતાસાં વહેંચાયા હવેલીએ મનોરથો કરવાના સંકલ્પ થયા. ગરીબોને મીઠાં ભોજન અપાયાં સગાં-સંબંધીઓમાં ગોળ વહેંચાયો. આખાયે ઘરમાં-કુટુંબમાં આનંદ આનંદ થઈ રહ્યો અને પ્રતાપી પુત્રના ભવ્ય ભાવીની આગાહી કરતાં અનેરાં વાતાવરણ વચ્ચે પુત્રજન્મનો મહોત્સવ ઉજવાઇ રહ્યો. છઠ્ઠીનો દિવસ પસાર થયો અને વિધાતાના લેખ લલાટે અંકિત થયા, જોશી મહારાજે આવી જન્મોત્તરી વાંચી અને ગ્રહયોગના ગુણગાન કરી જણાવ્યું કે. "**शुचीनां श्रीमतां गेहे योग भ्रष्टोऽभिजायते।** આ બાળક કોઇ યોગ ભ્રષ્ટ યોગી છે અને તેથી તેનાં ભાગ્ય અને ભોગ્ય ખરેખર મહાન છે." આપ્તજનોનાં અંતરનો આનંદ અને બાળકનું ભવ્ય ભાલ જાણે અનાગતનાં એંધાણ બની રહ્યાં હતાં.

નામ કરણનો દિવસ આવ્યો અને નામ પાડયું મથુરાદાસ. કોણ જાણે કેમ પણ આ બાળકના ગર્ભપ્રવેશથી જ આ કુટુંબની સ્થિતિ ઉન્નત થવા લાગી હતી. અને એથી મથુરાદાસ તરફ સૌને બહુ પ્રેમ રહ્યા કરતો. દાદા ખીમજીભાઇને તો આ બાળક તરફ અવર્ણનીય આકર્ષણ હતાં અને તેઓશ્રી તેને રમાડતાં-લાલન પાલન કરતાં થાકતા જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

બાપદાદા

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।
—मेघदूतम्

શેઠ શ્રી ખીમજીભાઇ મૂળ તો જામ-ખંભાળીયાના વતની. ત્યાંની જ્ઞાતિમાં શેઠશ્રીનું માન ઘણું.

એક તો વ્યાપારી અને તેમાંય વહાણવટી એટલે સાહસિકતા, પ્રભુપરાયણતા, એકનિષ્ઠા અને કાર્યકુશળતા તથા વિનયવિવેકના ગુણો ખૂબ વિકસેલા હતા. વૈષ્ણવ કુટુંબ એટલે દ્રઢ ધર્મભાવના અને વિદ્વાન બ્રાહ્મણોના સમાગમે શ્રવણકીર્તનમાં પણ અભિરુચી ખરી. જ્યોતિષનું પણ જ્ઞાન સંપાદન કરેલું. ઘરનાં વહાણો એટલે વેપારધંધો પણ સારો ચાલતો. ઉપાર્જન અને આબરૂ બન્ને સારાં હતાં પણ જગતમાં કોઇની એકધારી દશા કાયમ રહી નથી. ઈરાન, અરબસ્તાન અને આફ્રીકા સુધી સફર કરનારાં, સાગરને હૈયે હીલોળા લેનારાં, અરબસ્તાનનાં ખજુર અને ખારેક, ઇરાનનાં અખરોટ, મોતી અને મેવા આફ્રીકાના હાથીદાંત અને સોનાં, અને મલબારી મરી અને નાળીયેર ભરી ભરી સંપત્તિનાં સંપાદક, સાતખોટના દીકરાથી યે વીશેષ વહાલાં એ વહાણો પ્રારબ્ધવશાત એક પછી એક ડૂબ્યાં અને ખીમજીભાઇની સ્થિતિ ફરી. ખંભાળીયાના એ સ્વતંત્ર અને સાહસિક વેપારીને નોકરી કરવાનો વારો આવ્યો; અને તે વખતે સમૃદ્ધ થયે જતી મુંબઇના અગ્રગણ્ય વેપારી શેઠ મૂળજી જેઠાની પેઢીમાં મુનીમ તરીકે કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માંડયું. પણ જ્યાં સત્ય છે, નિષ્ઠા છે, નીતિ છે, ધર્મપરાયણતા છે, ત્યાં આવી સ્થિતિ ઝાઝો વખત ટકી શકતી નથી. સંસાર છે તે ભરેલા ઘડા ખાલી થાય અને ખાલી થયેલા ફરીથી ભરાય. સુખદુઃખના અનુભવ વિના, સંપત્તિ અને વિપત્તિના ઉપભોગ વિના, ઉનાળાની ઉષ્ણતા અને શિયાળાની શીતળતા વીના સંસાર નિઃસાર જણાય છે. ભાત ભાતની મિષ્ટ વાનીઓની સાથે ખારા, તીખા અને કડવા રસ ન હોય તો ભોજન ફિક્કું લાગે છે. તેમ વિઘ્ન, વિપત્તિ અને વિષાદ વગરનું જીવન પણ નિરસ બની જાય છે. ભાગ્યના ઉલટસુલટ પલટાથી જ મનુષ્યની ખરી માનવતા પ્રગટે છે. પુરુષનો પુરૂષાર્થ અને મરદની મરદાઈ ત્યારે જ જન્મે છે અને વિકસે છે. આમ સ્થિતિ અને સ્થાનના અંતરે ખીમજીભાઈમાં ખુબ ફેરફાર કરી દીધો.

એક બાજુ પૌત્ર મથુરાદાસનો જન્મ અને બીજી બાજુ તેનાથી અગાઉ એકાદ વર્ષે શેઠના નાનાભાઇ કાકુભાઈનો શેઠ ખટાઉ મકનજીનાં પનોતાં પુત્રી કેસરબાઇ સાથે વિવાહ—એ બે વસ્તુએ સ્થિતિ પાછી પલટવા લાગી. સારા દીવસો આવવાના હોય ત્યારે સંજોગો અને શકિતઓનો સુમેળ આપોઆપ સધાવા લાગે છે. કોણ જાણે કેમ પણ શેઠના ઘરમાં કેસરબાઇનાં પગલાં થયાં કે સાક્ષાત લક્ષ્મીજી પધાર્યાં. કોણ જાણે કેમ પણ શેઠના ઘરમાં મથુરાદાસનો જન્થ થયો ને વાતાવરણ ફરવા લાગ્યું. કોણ જાણે કેમ પણ વિચાર અને વર્તનમાં વેગ આવ્યો ને નોકરી—પરાધીનતાની પરિસીમા સમી નોકરી મૂકાઈ ગઈ અને ફરી પાછો સ્વતંત્ર ધંધો શેઠે શરૂ કર્યો. વ્યાપારવાણિજ્યથી વિકસ્યે જતા, ધીકતા, મુંબઇ બંદરમાં રૂની અને હુંડીની દલાલી અને એવો એવો બીજો ધંધો શરૂ કર્યો. પુત્ર વિસનજીભાઈ પણ તેમાં જોડાયા; અને પિતા પુત્ર ફરીને ભાગ્ય અજમાવવા લાગ્યા. ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલા પુણ્યાત્માઓનાં પુણ્ય અને પવિત્રતાના પ્રતાપે ભાગ્યશાળીઓનાં ભવ્ય ભાગ્યના જોરે પિતાપુત્રને કામકાજમાં સફળતા મળવા લાગી અને વેળ વળવા લાગી. હનુમાનગલીમાં પચીસ રૂપિયા ભાડાનો આખો મજલો રાખી શેઠ રહેવા લાગ્યા. ઘેર ઘોડાગાડી રાખી. તેમાં યે લાલ રંગનો પંચ કલ્યાણ ઘોડો મળી આવ્યો અને આ શુકનવાળા જાનવરના આગમનથી શેઠની સ્થિતિ સારી પેઠે સુધરતી ગઈ. જેમ જેમ કામકાજની ઉત્તરોતર પ્રગતિ થતી ગઇ તેમ તેમ નવાં નવાં સાહસ અને ધંધા સુઝતા ગયા. વિસનજીભાઇ ઘઉં અને બીયાંની રકમબંધ ચડત કરતી બોમ્બે કંપનીનું દલાલીનું કામકાજ કરવા લાગ્યા. અને પ્રાપ્ત પણ સારી પેઠે થતી. આ સમય દરમ્યાન વોલેસ મીલની સ્થાપના થઇ અને તેમાં વિસનજી શેઠ એક ભાગીદાર બન્યા. આમ કમલાના કૃપાકટાક્ષનાં ભાજન બનતાં સંસાર વ્યવહાર સુખપૂર્વક ચાલવા લાગ્યો.

: ૩ :

બાલ્યકાળ

यत्र नास्ति दधिमंथन घोषो यत्रनो लघूलघूनि शिशुनि !
यत्र नास्ति गुरुगौरवपुजा तानि किं बत गृहाणि वनानि ।।

અટારિકાઓથી ઓપતો રાજમહેલ હો, સાત સાત ભોંયે શોભતી હવેલી હો કે સાંઠા સળિયાથી બનાવેલી રંકની ઝુંપડી હો; પણ બાળકના કિલકિલાટ વગર, બાળકના ચંક્રમણ વગર, બાળકના શોરબકોર વગર તે વેરાન જેવાં લાગે છે. અઢળક સંપત્તિ ઉભરાતી હોય, વૈભવ વિલાસ હોય, સત્તા અને સાહ્યબી દોમદોમ હોય, પણ એક બાળક ન હોય તો બધું સૂનું સૂનું લાગે, બધું વ્યર્થ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીમજી શેઠના ઘરમાં હવે બાળક મથુરાદાસના જન્મથી આનંદ અને ઉલ્લાસનું વાતાવરણુ જામી ગયું છે. બાળકને રમાડવામાં અને લાલનપાલનમાં વડિલોના દિવસો ઝડપભેર વ્યતીત થતા જાય છે. રમતિયાળ બાળકના કાલાકાલા બોલ, સોહામણું સ્મિત, નિર્દોષતાભર્યાં નેત્ર, અને ફૂટડો ચહેરો– એ બધી બાબતોથી. સહેજે કવિ કાલિદાસના પેલા શ્લોકનું સ્મરણુ થવા લાગ્યું. :–

आ लक्ष्य दन्त मुकुलान निमित्त हासै
रव्यत्क वर्ण रमणीय वचः प्रवृत्तीन् ।
अंकाश्रय प्रणयिन स्तनयान्वहन्तो
धन्यास्तदंगरजसा मलिनीं भवन्ति ॥

કૈં કૈં દિસન્તી દન્તકળીઓ વણુનિમિત્ત હસવા થકી,
ને કાલીકાલી બોલી ના સમજાય તેવી તોતડી;
અંકે ચઢીને બેસવા બહુ તલપતા પુત જે લીએ,
થાયે મલિન વળી અંગ ધૂળે, ધન્ય તેને લેખીએ.

એક દિવસ દોઢેક વર્ષની ઉંમરનો આ બાળક શીખતાં અને પાપા પગલી કરતાં પડયો અને કબાટની અણી ઉપર પછડાણો. કબાટની અણી બરાબર કપાળમાં ખૂંચી અને લોહીની ધાર થઇ. લોહી કેમે કરી બંધ ન થાય અને શેઠ ગભરાયા. કેટલીક વારે લોહી અટક્યું અને શેઠશ્રીએ પોતાના હિતેચ્છુ વાસુદેવ જોશી ઉર્ફે કાકાજીને તેડાવી બનેલો બનાવ કહ્યો અને કચવાવા લાગ્યા. ત્યારે જોશીજીએ કહ્યું કે "ગભરાઓ નહિં, બધું સારૂં થશે. છોકરો ખરેખર ભાગ્યશાળી છે. આ તો તેને તિલક થયું સમજજો.' આ પછી થોડેક દિવસે ઘા રુઝાઇ ગયો અને બાળક પૂર્વવત રમતગમતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મશગુલ રહેવા લાગ્યો. હવે તો ચાલતાં આવડયું અને દોડાદોડી શરૂ થઇ. કોઇ પણ વસ્તુ પહોંચી શકાય તેટલી નીચે રાખી શકાય નહિ. તિક્ષ્ણ અને ધારદાર વસ્તુ કે હથિયારનું ધ્યાન રાખવું પડે, એમ સાચવીને કામ લેવું પડે. કોઇ ટાણે અદાશ્રી કે પિતાશ્રી દુકાનેથી ઘેર આવતા હોય અને બાળકને ખબર પડે કે અદા આવ્યા કે પિતાશ્રી આવ્યા કે તરતજ બટુક મિત્રોની મંડળીને છોડી, દોડીને વડીલને બાઝી પડે અને શું લાવ્યા તેની જડતી લઈ નાખે; મોટેરાંઓને પ્રશ્નોની ઝડીથી મુંઝવી નાંખે; એકને એક વાત કેટલીયે વાર બોલે, વિગેરેથી પેલા સંસ્કૃત કવિ કહે છે તેમ, કંદોરાની ઘુઘરીના ઘમકારે ધન્યતા જગાવે છે.

આમ બાલ્યકાળ નિર્ગમન થઇ રહ્યો છે અને પ્રારબ્ધી પુત્રના પ્રબળ ભાગ્યે શેઠની સ્થિતિ પણ વધુ અને વધુ ઉન્નત થતી જાય છે. ભાડાંનો મજલો છોડી શેઠશ્રીએ હવે લુહાર ચાલમાં સ્વતંત્ર જગ્યા લઇ મકાન બંધાવ્યાં.

શેઠશ્રી મથુરાદાસની ઉંમર બે અઢી વર્ષની હતી, ત્યારે શેઠશ્રી કાકુ ભાઇને ત્યાં પણ પુત્ર જન્મ થયો હતો, અને શેઠશ્રી મથુરાદાસનાં માતુશ્રીને ધાવણ ઓછું આવતું હતું તેથી શ્રીમતી કેસરબાઇએ મથુરાદાસ શેઠને ધવડાવી ઉછેર્યા હતા. આમેય પુત્રવત સ્નેહ તો રાખતાં જ હતાં, અને તેમાં ય વળી ધવડાવીને ઉછેરવાનું પણ તેમના ઉપર આવ્યું તે જાણે કેમ કોઇ વિધિનો સંકેત ન હોય! ભવિષ્યની માતા–પુત્રની મર્યાદા અને મમતા જ જન્માવવા માટે જાણે જગન્નિયન્તાએ આ વસ્તુસ્થિતિ સર્જાવી હતી.

• • •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૪ :

કેસરબાઇ

अनुकूलां विमलांगीं कुलजां कुशलां सुशीलसंपन्नाम् ।
पंचलंकारां भार्यां पुरूषः पुण्योदयाल्लभते ॥

પૂર્વનાં પુણ્યનાં પરિણામે શેઠના સદ્ભાગ્યે કેસરબાઇનાં ઘરમાં પગલાં થયાં અને પગલે પગલે લક્ષ્મી અને ઉન્નતિનો સંચાર થવા લાગ્યો. ઘરમાં આવી તેઓએ મોટાં અને નાનાં સૌનાં મન એવાં તો જીતી લીધાં કે મોટા શેઠ પણ તેમને પૂછ્યા વગર રહી શકતા નહિ. ઘરમાં તેમની જ સદ્બુદ્ધિ, તેમનો જ સદાચાર, તેમનું જ વર્ચસ્વ હતું. કેસરબાઇ તો ખરેખર કેસરબાઈ જ હતાં. **काश्मीरजस्य कटुतापि नितान्तरम्या।** કેસરની કટુતાની સાથોસાથ મનોહારી સુગન્ધની રમણીયતા હતી. આચાર–વિચાર અને સંસ્કાર રેડવામાં કટુતા હતી તો ગૃહિણી તરીકે, કુલ વધુ તરીકે, માતા તરીકે, સ્ત્રી તરીકે એ જીવન કેસરની જેમ સુવર્ણમય હતું. સુખમય સંસારની સૌરભ ભર્યું હતું. મરતી વખતે માતાએ મથુરાદાસ શેઠને અ. સૌ. કેસરવહુના હાથમાં સોંપ્યા હતા. માતૃવિહોણા મથુરાદાસ શેઠને માનાં હેત, હૈયું અને હુંફ કેસરબાઈમાં જ મળતાં અને બાળક બધું ભૂલી જઇ કેસરબાઇના ખોળામાં માથું મુકી હૃદય ખોલતો, લોટતો કે ઊંઘી જતો, અને કેસરબાઇ હૈયાનાં હેતથી મૃદુ અંગુલિઓ ક્યારેક તેના માથા ઉપર, ક્યારેક વાંસા ઉપર તો ક્યારેક કપાલે કે કપોલે બાળકને આવરી પરમ સુખ અર્પી રહેતી.

અનુકૂળ થઈને રહેવાના કેસરબાઇના ગુણે સૌ કોઇ મુગ્ધ બન્યાં હતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનાં રૂપ–તેજ અને વિમલતાએ ઘરનાં તેજ વધ્યાં હતાં, એમની કુશલતાએ ઘરના કંઈક અટપટા પ્રશ્નોનો ઉકેલ આણ્યો હતો, અને એમની સુશીલતાએ ઘરમાં ભક્તિનું, ગુણનું, શુચિતાનું અને સમજનું વાતાવરણ જમાવ્યું હતું.

બાળક મથુરાદાસની કેસરબાઈ અમૃત ઝરણી હતી. કેસરબાઇ–એ બાળકનું કલ્પવૃક્ષ હતું. એની શીતલ છાયામાં બાળક શાંતિ મેળવતો, એના આશ્રયે બાળકના મનોરથ ફળતા. એની સુવાસે બાળકનું જીવન સૌરભભર્યું બનતું.

: ૫ :

વિદ્યાભ્યાસ

विद्या ददाति विनयं विनया याति पात्रताम्
पात्रत्वा द्धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥

પાંચ વર્ષની વયે શેઠને હનુમાન ગલીની એક ગામઠી નિશાળે અક્ષરારંભ કરાવવામાં આવ્યો. જૂના જમાનાની એ નિશાળે સાદડી પર બેસી વિદ્યાર્થીઓ પાટી–પેનથી ભણતર ભણતા. ત્યાં પહેલી ગુજરાતી પૂરી કરી શેઠ મુંબાદેવી પર એંગ્લો વર્નાકયુલર સ્કુલમાં દાખલ થયા. ત્યાંના વયોવૃદ્ધ પ્રાણજીવનદાસ માસ્તર પાસે પાંચ ચોપડી પૂરી કરી શેઠ એલ્ફિન્સટન મિડલ સ્કુલમાં દાખલ થયા. ત્યાં ગુજરાતી સાત અને અંગ્રેજી ત્રણ પૂરી કરી. આ વખતે શેઠની ઉંમર તેર વર્ષની હતી. આ પછી અંગ્રેજીના વધુ અભ્યાસ માટે એલ્ફિન્સટન હાઈસ્કુલમાં શેઠને દાખલ કરવામાં આવ્યા. ત્યાં છઠ્ઠું ધોરણ પૂરૂં કરી સાતમું ધોરણ સેંટ ઝેવીઅર હાઈસ્કુલમાં કર્યું. બરાબર જે દિવસે મેટ્રીકની પરિક્ષા હતી તે જ દિવસે શેઠશ્રીનાં પ્રથમ લગ્નનો દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. શેઠશ્રીના પિતાશ્રીની ઈચ્છા વધારે અંગ્રેજી ભણાવવાની ન હતી. એટલે વધુ વખત શાળાઓમાં ન ગાળતાં શેઠને માટે ખાનગીમાં અભ્યાસ કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો. સ્વ. સોલીસીટર ધરમશી જેઠાભાઈ, બેરીસ્ટર કલ્યાણજીભાઈ અને છેવટે શ્રી. હરજીવનદાસ ભવાનભાઈ કોટક જેવા પીઢ, અનુભવી, વિદ્વાન, અને રાજદ્વારી ચકોર પુરુષોનો ખાનગી અભ્યાસ માટે લાભ લેવામાં આવ્યો. આમ વિચારશીલ, સંસ્કારસંપન્ન અને દિર્ઘદર્શી મોટા શેઠે ડીગ્રીઓનો મોહ ન રાખતાં વ્યાપારીના દીકરાને છાજે તેવી કેળવણી અને સંસ્કાર પોતાના પુત્રને આપ્યા. આમ સુશોભિત સંસ્કારે, ઉદાર ઉરે, ગરવા ગુણોએ અને વિમલ વિદ્યાએ વિનય આપ્યો. વિનયથી પાત્રતા જન્મી, પાત્રતાએ આબરૂ અને વિશ્વાસ જન્માવી, ધન પ્રાપ્તિ કરાવી અને ધનના સદ્વ્યયથી ધર્મલાભ મળ્યો. અને અંતે આ પ્રકરણના પ્રારંભમાં શ્લોકમાં દર્શાવ્યું છે તેમ શેઠશ્રી સાચી વિદ્યાના પ્રતાપે ઐહિક અને પારમાર્થિક સુખ પ્રાપ્ત કરી શક્યા.

: ૬ :

કુટુમ્બ

કમલાના કૃપાકટાક્ષે સમૃદ્ધ બનતા જતા આ કુટુંબમાં શેઠશ્રી બિસનજીભાઇને મોટા દીકરી માણીબાઇ પછી ચિ. મથુરાદાસની પ્રાપ્તિ થઈ. બાળક મથુરાદાસ ત્રણ વર્ષના થયા, ત્યારે મણિબેનનો જન્મ થયો અને તે પછી ત્રણ વર્ષે કરશનદાસભાઇનો જન્મ થયો. આ પછી બે વર્ષે દાદરના બંગલામાં સુવાવડ આવી અને મૃત બાળક અન્તરતાંની સાથે માતુશ્રીનું અવસાન થયું. બાળકો નમાયાં થયાં. કિલકિલાટ કરતા કુટુંબમાં કલ્પાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મચી ગયો. મોટા શેઠના શોકનો, ચિન્તાનો અને વ્યથાનો પાર રહ્યો નહીં. નાના, અણસમજુ અને મા જેવડાં બાળકોનાં મુખ સામું જોતાં કરૂણતાના સાગર ઉલટયા, આંખે શ્રાવણ ભાદરવો રેલાયા, હૃદય મુંઝાવા લાગ્યું; પણ શેઠશ્રી વિસનજીભાઇ ઉન્નત જીવન જીવનારા ઉદાર આત્મા હતા. બીજું ઘર કરવાનો વિચાર સરખોયે કર્યા વગર હૈયું કઠણ કરી એક હાથે માકીબાઇ અને મથુરાદાસ અને બીજે હાથે મણિબાઈ અને કરશનદાસને વળગાડી, શેઠે છોકરાંઓને કેસરબાઇને સોંપ્યાં અને કહ્યું કે "આ બાળકો હવે તારાં છે." રોતાં પરિવાર વચ્ચે આ બધું બની ગયું અને બધાં લુહાર ચાલમાં કાકુભાઇ-ને ત્યાં રહેવા આવ્યાં. શેઠ પોતે દાદરમાંજ રહેવા લાગ્યા.

આ પછી શેઠ મથુરાદાસનું બાળપણ બધું અહીંજ વીત્યું. અભ્યાસ, રમતગમત, સાહસ, ચંચળતા, વગેરે પર કડક નજર રાખવી પડતી. ચોથે માળે પતંગ ઉડાડવો હોય કે બીજાના પતંગ સાથે બઝાવવો હોય તો ભાઇને બીક ન લાગે. મારા મારી કરવામાં પણ મુંઝવણ ન મળે. એક વખત પોતાથી ઉંમરમાં ઘણા મોટા લુહારના છોકરા સાથે મુકકા મુક્કી ચાલતાં લુહારને એવો તો ઠોંસો લગાવી દીધો કે તે ચક્કર ખાઇ પડી ગયો અને તેને કંઈક થઇ ગયું એ ભયે બધા ભાગી છૂટ્યા. રમતગમતમાં પણ ભાઇનો પહેલો નંબર. સ્કૂલમાં એક વખત રમતાં કેળાંની છાલ ઉપર પગ આવી જતાં લપટીને પડી ગયા અને પગ લોહિ લોહાણ થઇ ગયો. ત્યારે તેના ઉપર ધૂળ ભભરાવી દોડતા દોડતા ઘેર ગયા. પિતાશ્રીના ભયથી કોઇને ખબર ન પડે તેમ ઘા ઉપર રૂ લગાડી, ધોતીઉં બદલાવી પાછા નિશાળે ચાલ્યા ગયા. સાંજે ઘેર આવ્યા ત્યારે પહેલાં તો ભૂખ નથી લાગી એમ બહાનું કાઢયું, કારણ કે ઘા લાગ્યો હતો એટલે ખાટું ખારૂં ખવાય નહિ. પછી કહે થોડો શીરો કરી આપો. કેસરબાઇ સમજી ગયાં કે આમાં કંઈક કારણ છે. ફોસલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીને બધી હકીકત કઢાવી અને મોટા શેઠને ખબર ન પડે એમ તેમનો ઉપચાર પણ કરાવ્યો. આમ મસ્તીના, તોફાનના અને સાહસના અનેક પ્રસંગો બનતા, પણ વાત્સલ્ય-મૂર્તિ કેસરબાઇના છાંયડા નીચે મોટા શેઠના ક્રોધ અને કરડાકી રૂપ તડકો કદી પણ બાળકોને સ્પર્શ કરી શકતો નહીં.

એકવાર મોટા શેઠે કાંઇ વાંકને માટે મથુરાદાસ શેઠને પ્રહાર કરતાં દાંત પડી ગયો ત્યારે કેસરબાઇ ઘૂમટો તાણી વચમાં પડ્યાં અને ભાઈને છોડાવ્યા.

કેસરબાઈની ધાર્મિકતાએ છોકરાંઓ ઉપર અજબ અસર કરી હતી. કેસરબાઇ રોજ ત્રણથી ચાર વાગ્યા સુધી એક પંડિતને બોલાવી ભાગવત શ્રવણ કરતાં અને બધાં છોકરાંઓને રાતે ભેળાં કરી રોજની કથાની વાત તેઓને સંભળાવતાં, અને આવી રીતે સદાચરણ અને ભક્તિભાવનાં બીજ બાળકોમાં રોપતા જતાં હતાં.

એક વખત કેસરબાઈના ભાઇએ છોકરાંઓને પોતાને ત્યાં જમવાનું કહ્યું હતું, ત્યારે કેસરબાઇએ કહેવરાવ્યું કે ભાઇને નોતરૂં હશે તો જ મારાં છોકરાં જમવા આવશે; અને ખરેખર છેવટે છોકરાંઓને જમવા ન મોકલ્યાં.

શેઠનાં પ્રથમ મોસાળ ખંભાળીઆના હીરા પારેખ હતા. મોટાં બ્હેન મોંઘીબાઇ તેમનાં દૌહિત્રી થાય. તે પછી મોટા શેઠ કચ્છના ઠા. મુળજી કાનજીનાં પુત્રી સાથે પરણ્યા અને તેનાં શેઠ મથુરાદાસ વિ. સંતાનો થયાં.

• • •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૭ :

લગ્ન અને ગૃહજીવન

શેઠશ્રી મથુરાદાસનું પ્રથમ સગપણ ખંભાળીઆના શેઠ ઠાકરશી નારણજીની પુત્રી બચુબાઇ વેરે થયું હતું. પણ લગ્નની તૈયારી થતી હતી, ત્યાંજ ત્રિદોષ તાવથી બચુબાઈનું અચાનક અવસાન થયું.

તે પછી ઘર સારૂં અને મૂરતિયો પણ સારો હોવાથી અનેક કન્યા-ઓનાં માગાં આવવા લાગ્યાં. એકવાર માનાબાઇનાં સાસુ સાકર વેવાણ એક પ્રતિષ્ઠિત ગૃહસ્થની ચૌદ વર્ષની કન્યા આપવા આવ્યાં. ત્યારે શેઠે કહ્યું કે કુટુમ્બીઓને પૂછી જવાબ દઇશ. એક વાર મોટા શેઠ લુહારચાલની પેઢી ઉપર સાંજે બાંક ઉપર બેઠા હતા ત્યારે સાકર વેવાણે જવાબ માગ્યો. મોટા શેઠે ઉપરથી કાકુભાઇનાં માતુશ્રીને તથા કેસરબાઇને બોલાવ્યાં અને તેઓ સૌની શું ઇચ્છા છે તે જણાવવા કહ્યું. કેસરબાઈએ જવાબ આપ્યો કે આપણા દીકરાનું હજુ ગજું નથી અને કન્યાની ઉંમર વર જેટલી જ છે માટે સગપણ કરવા યોગ્ય કહેવાય નહિ. ત્યારે મોટા શેઠે સંમતિ આપી અને સાકર વેવાણને કહી દીધું, કે મારે કજોડું જોવું નથી. એ જ અરસામાં શેઠ જીવણલાલ મૂળજી માંડવીવાળાનાં ભગિની, શેઠ ઠાકરશી ગોકળદાસનાં પુત્રી બચુબાઈ વેરે સગપણ કરવામાં આવ્યું. બેઉ વચ્ચે પાંચ વર્ષ ઉંમરનો તફાવત હતો. સન ૧૮૯૮ માં લુહાર ચાલમાં મોટી ધામધુમથી શેઠ મથુરાદાસનાં લગ્ન માણેકબાઇ ઉર્ફે બચુબાઇ સાથે થયાં. કેસરબાઇના હરખનો પાર નથી. વર–વહુને પ્રેમથી તરબોળ કરતાં સાસુનું સ્થાન સાચવતાં કેસરબાઇ વહુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રી સમ રાખતાં. સીમંતનો પ્રસંગ આવ્યો ત્યારે, તથા પુત્ર પ્રસવ થયો ત્યારે કેસરબાઈનો આનંદ અપાર હતો. પણ એ પુત્ર ભરાઇ ગયો અને ગુજરી ગયો, ત્યારે મંદવાડ માટે વહનાર એજ કેસરબાઇએ માણેકબાઈને ધૈર્ય આપી પડખામાં લીધેલાં. આ પછી બણુ બહેનનો જન્મ થયો પણ માણેકબાઇને મંદવાડ લાગુ પડયો. માણેકબાઇ વઢવાણમાં ડૉ. ઠાકોરદાસ ફીકાભાઇની સારવાર નીચે હતાં. આ વખતે શેઠનું આખું કુટુંબ યાત્રાએ ગયેલું. ફક્ત મોટા શેઠ અને મોંઘીબાઈ તથા તેમના પતિ મૂળજી નારણજી અને મથુરાદાસ શેઠ લુહારચાલીના ઘેર રહેતાં હતાં. વઢવાણમાં માણેકબાઈની બીમારી વધતી ચાલી અને રોજ રોજ શેઠને બોલાવવા તારો આવવા લાગ્યા. પણ મર્યાદાને લઈ મોટા શેઠને કોઇ દિવસ વાત પણ કરી નહીં. આખરે એક દિવસ બહુ ગંભીર બિમારીનો તાર આવ્યો ત્યારે મોટાં બહેન મોંઘી બહેને પિતાશ્રીને વાત કરી અને તેઓએ શેઠને વઢવાણ તુરતજ જવાની અનુજ્ઞા આપી. શેઠ ઉતાવળે વઢવાણ જવા તૈયાર થયા પણ પોતાના પતિને મળવા પ્રતિપળ તલસતી પત્નીનું પ્રાણપંખેરૂં શેઠ વઢવાણ પહોંચે તે પહેલાં આ નશ્વર દેહનાં પિંજરને છોડીને ચાલ્યું ગયું હતું. શેઠના અફસોસની સીમા ન રહી. સદ્‌ગુણી અને વહાલસોઇ પત્નીના શબ ઉપર હૃદય છૂટું મૂકી આંસુ સારી હૃદયનો ભાર શેઠે હળવો કર્યો. આવી સ્ત્રીના અવસાનથી થયેલા આઘાત છતાં પિતાની આજ્ઞાનું પાલન કરી ખંભાળીયાવાળા શેઠ પરસોતમ દયાળનાં પુત્રી બાઇ લીલાબાઈ સાથે સગપણ કર્યું અને થોડા માસ પછી લગ્ન લેવાયાં. લગ્નને બીજે દિવસે બાઇ માંદા પડયાં. તાવ આવ્યો અને તાવમાં ક્ષય લાગુ પડયો અને તે પણ બૂરી જાતનો એટલે ત્રણ મહિનામાંજ તેઓનો સ્વર્ગવાસ થયો. ત્યારબાદ થોડે વખતે સ્વાલી-વાળા શેઠ ખીમજી જેરામનાં પુત્રી લેખાંબાઇ સાથે લગ્ન થયાં. એમનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને એક પુત્રી થયાં જેનું લગ્ન નારણદાસ કાનજી ખંભાળીયાવાળા સાથે થયેલાં. લેખાંબાઇ પણ થોડા વખત પછી ગુજરી ગયાં.

ત્યારબાદ છેલ્લાં લગ્ન માંડવીવાળા શેઠ કલ્યાણજી કરશનદાસનાં પુત્રી કેસરબાઇ (ઉર્ફે રતનબાઇ–દાદીમા) સાથે સને ૧૯૦૯માં જાંબુલવાડીમાં થયાં. આ છેલ્લું લગ્ન ઘણું સુખદાયી, અનુકૂળ અને સફળ નીવડ્યું. પતિની ઇચ્છા જાણનાર અને તે પ્રમાણે અનુકૂળતાથી વર્તનાર પત્ની, વ્યવહાર–દક્ષ અને ચકોર ઘર રખુ ગૃહિણી, ધર્મ કાર્યમાં સહકારી અને સહચારી અર્ધાંગના; ભરત, ગુંથણ, પાકશાસ્ત્ર વિગેરેમાં નિષ્ણાત રતનબાઇ ખરેખર શેઠનાં ઘરમાં રત્નજ હતાં. સારસબેલડી કે ચક્રવાકની જોડલીશાં આ પતિ–પત્ની ખરેખર આદર્શ અને આદરણીય જીવન જીવી રહ્યાં.

રતનબાઇથી શેઠને ત્રણ સંતાન થયાં. મોટી પુત્રી ભાનુ દશ મહિનાની થઇ ગુજરી ગઇ. તે પછી સને ૧૯૧૪ના ડિસેમ્બરની ૧૬ મી તારીખે શ્રીયુત રતનશીભાઈ (મૂળરાજ)નો જન્મ થયો; અને તે પછી બે વર્ષે સને ૧૯૧૬માં ફાગણ વદ ૧ ના શ્રીયુત પ્રતાપસિંહનો જન્મ થયો.

શેઠની કુટુંમ્બવત્સલતા અને ઉદારતાનો એક નોંધપાત્ર બનાવ એવો બન્યો કે શેઠના નાના ભાઈ કરશનદાસભાઇને ત્યાં કાંઇ પણ સંતતિ ન હતી. લગ્નજીવનનો લાંબો સમય પસાર થયા છતાં, જ્યારે કંઇ સંતાન ન થયું ત્યારે તેઓએ એક દિવસ આવી માગણી કરી કે, “ભાઇ, આપનો આ મોટો દીકરો મને આપી દયો.” શેઠ–શેઠાણીએ કંઇ પણ વિચાર કે આનાકાની કર્યા વગર આ માગણીનો સ્વીકાર કર્યો અને કરશનદાસભાઇનાં હર્ષ, પ્રેમ, આભાર, અને સંતોષની સીમા ન રહી. રતનશીભાઇને દીકરા તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાનું કોઇ એવે સુસમયે બન્યું કે તે પછી નિઃસંતાન કરશનદાસભાઇને ત્યાં પ્રજોત્પત્તિ શરૂ થઈ અને આ બધો રતનશીભાઇનાં પગલાંનો સુપ્રતાપ શેઠ માનવા લાગ્યા.

આવોજ અપૂર્વ પ્રસંગ ચિ. પ્રતાપસિંહના શુભ લગ્નને સુઅવસરે બનવા પામ્યો. વરરાજા પ્રતાપસિંહે વાત વાતમાં પૂ. પિતાશ્રીને વિનંતિ કરી કે, "પિતાજી, આપે રતુભાઇને પૂ કરસનદાસ કાકાને આપી દીધા. તેમને તો બીજા ભાઇઓ થયા એટલે તેમને મળનારી મિલ્કતના ઘણા ભાગ પડી ગયા અને આપની: મિલ્કતમાં તો હું એકલો રહ્યો; તો મારી આપને વિનંતી છે, કે રતુભાઇને પણ આ મિલ્કતમાંથી તેમનો હિસ્સો મળે!" ઉદાર ચરિત અને સંસ્કારશીલ દીકરાના આ વચનો જ્યારે શેઠશ્રીએ સાંભળ્યાં, ત્યારે તેમનાં હૈયાંનો આવેગ દબાઇ શકયો નહીં. સમુદ્ર જેવા સ્થિર અને અક્ષુબ્ધ રહેનાર મથુરાદાસ શેઠ મારતી મોટરે માંડવા બહાર નીકળી ગયા અને અશ્રુધારાએ હૃદયના હર્ષનો આવેગ ઓછો કર્યો.

આવાં છે એ કુટુંબનાં વાત્સલ્ય, ઉદારતા, નેકી, સંસ્કાર, શાણપણ અને સૌજન્ય.

: ૮ :

જાહેર-જીવન

વયની વૃદ્ધિ સાથે શેઠશ્રી મથુરાદાસનાં પ્રતાપ અને પ્રભાવ, બુદ્ધિ-કૌશલ્ય અને વ્યવહાર-ચાતુર્ય વધ્યે જતાં હતાં. અને તેની અસર તેમના વ્યાપાર અને કામકાજમાં અને ધીરે ધીરે જાહેર જીવનમાં પણ ફેલાવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેલેસ મીલનું કામકાજ વધારવામાં આવ્યું. કાપડની મીલોમાં વધુ અને વધુ રસ લેવા માંડ્યો. ૧૯૧૯માં એકમી મેન્યુફેક્ચરીંગ કું. લિમીટેડની સ્થાપના કરવામાં આવી. તે પછી ૧૯૨૧ માં અંધેરીમાં પોતાની સમૃદ્ધિ અને શેઠાઈને અનુરૂપ બંગલો બાંધવામાં આવ્યો. તે પછી જામનગરમાં મહંતશ્રી રામપ્રસાદજી સંચાલિત અનાથાશ્રમમાં ટ્રસ્ટી તરીકે ચૂંટાયા. એજ પ્રમાણે ઈમ્પીરીઅલ બેન્ક ઓફ ઈન્ડીઆ જેવી સધ્ધર અને સુપ્રસિધ્ધ બેન્કના ડાયરેક્ટર નિમાયા. એવીજ રીતે જામનગરની હુન્નરશાળાના ટ્રસ્ટમાં પણ તેઓની પસંદગી કરવામાં આવી. આમ અનેક ક્ષેત્રમાં શેઠની શક્તિ અને કુનેહ, વ્યાપારદક્ષતા અને વ્યવહાર કુશળતા, સંસ્કારિતા અને સુજનતા પોતાની છાપ પાડવા લાગ્યાં. મુંબઇના વ્યાપાર ક્ષેત્રે પણ શેઠની વ્યાપારી ચેમ્બરમાં વાઇસ પ્રેસીડન્ટ તરીકે ચૂંટણી થઇ. તે વખતના ચેમ્બરના પ્રમુખ સર મનમોહનદાસની નાદુરસ્ત તબિયત થતાં, બધું કામ શેઠશ્રીએ એવું સુંદર રીતે બજાવ્યું કે તે પછીની ચૂંટણીમાં શેઠશ્રી પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા. દરમ્યાન વેપાર વૃધ્ધિ અને નિરીક્ષણ હેતુથી શેઠશ્રી યુરોપની સફરે પણ શેઠાણીને સાથે લઇ જઇ આવ્યા. આ વખતે શેઠશ્રીની લાગવગ અને મોભો સારાયે હિંદુસ્તાનમાં એવાં જામેલાં હતાં, કે મધ્યસ્થ સરકારની ધારાસભામાં પણ શેઠશ્રી સભ્ય તરીકે ચૂંટાયા અને ત્યાં પણ તેઓએ યશસ્વી કારકિર્દી બતાવી. શેઠશ્રીની અનેકવિધ સેવાઓ બદલ તેમને જે. પી. નો ખિતાબ સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો.

મુંબઈનાં હિન્દુ–મુસ્લીમ હુલ્લડોમાં જુદે જુદે બે વખતે શેઠશ્રીએ જે. પી. તરીકે સેવાઓ બજાવી હતી તે ચિરસ્મરણીય રહેશે. એજ પ્રમાણે મારુતિમંદિર સંબંધી તકરાર અને ઉગ્રસ્વરૂપને વખતે પણ શેઠશ્રીએ એવીજ રીતે પોતાની સેવાઓ અર્પણ કરેલી, અને આખા પ્રશ્નનો સુંદર નિકાલ લાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓશ્રીએ સારો ફાળો આપ્યો હતો અને ૧૯૩૧ના મહાત્મા ગાંધીજીના એકવીસ દિવસના ઉપવાસ છોડાવવામાં પણ શેઠશ્રીએ ઘણો અગત્યનો ભાગ ભજવેલો હતો. આમ અનેકવિધ સેવા અને સૌજન્યથી શેઠશ્રીનું નામ ભારત ભરમાં ગાજતું થયું હતું. અને તે પ્રસિદ્ધિ પર યશ-કલગી તો ત્યારે ચડી કે જ્યારે સરકારે તેઓશ્રીને નાઇટહુડ આપી સર મથુરાદાસ બનાવ્યા. આ સિવાય બીજી અનેક નાની મોટી સસ્થાઓ સાથે શેઠશ્રી એક યા બીજી રીતે સંકળાયેલા હતા.

: ૯ :

ઉત્તરાવસ્થા

બાળપણમાં શેઠશ્રીને કેસરબાઇએ જે પેટના દીકરાની પેઠે લાડકોડથી ઉછેર્યા હતા તેનો બદલો શેઠશ્રીયે એવીજ રીતે કેસરબાઈનાં સન્તાન શ્રીયુત વિઠ્ઠલદાસભાઈને તથા શ્રીયુત માધવસિંહભાઇને ઉછેરી, કેળવી, પલોટી ઉત્તરાવસ્થામાં બધો કારભાર તેમને સોંપીને વાળ્યો. બધો કારભાર શ્રીયુત વિઠ્ઠલદાસભાઇએ ઉપાડી લીધેલ હોઈ, શેઠશ્રી વધુ અને વધુ નિશ્ચિંત બનતા જતા હતા. અને તેમ તેમ અવકાશનો વખત આધ્યાત્મિક ઉન્નતિ સાધવામાં ગાળતા. વૈષ્ણવ કુટુંબમાં જન્મ એટલે ધાર્મિકતા તો હતી જ, વળી કેસરબાઈએ પણ ધાર્મિકતા અને આચાર-વિચારના સંસ્કારો બાળપણથી જ રેડ્યા હતા. તદુપરાંત જ્ઞાની, વિરાગી અને વિદ્વાન સાધુસન્યાસીઓને શેઠને ત્યાં આશ્રય મળતો હોવાથી તેમના સંપર્કથી અને સમાગમથી શેઠશ્રીની આધ્યાત્મિક પ્રવૃત્તિનો વિકાસ થયે જતો હતો.

શરૂઆતના પ્રકરણમાં જ નિર્દેશ કરવામાં આવ્યો છે તેમ શેઠશ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ યોગભ્રષ્ટ આત્મા હતા તે આ જન્મમાં પાછી યોગસાધના કરતા હતા, અને તેમાં આગળ વધ્યે જતા હતા. છેલ્લે જ્યારે આંખો નબળી પડી ત્યારે શેઠશ્રી કહેતા કે "ભલું થયું ભાંગી જંજાળ......". બાહ્ય પદાર્થો ન જોઈ શકવાથી મન એટલું વધારે અંતર્મુખ થઈ શકશે; અને ખરેખર થયું પણ તેમજ. જીવનના છેલ્લા દિવસો શેઠશ્રીએ કેવળ ધ્યાન ચિન્તન અને સાધનામાંજ વિતાવ્યા હતા. તેમણે પોતાને હાથેથી લાખો રૂપીઆનાં દાન કર્યાં હતાં. જેને પોતાના તરીકે સ્વીકાર્યાં તેને કોઇ દિવસ તરછોડયાં નથી પણ ત્રણ ત્રણ પેઢી સુધી નિભાવ્યાં છે, આટલાં બધાં નોકરચાકર હોવા છતાં આજીવન પોતે સ્વાવલંબી રહ્યા છે. મુસાફરીનો પોતાનો બિસ્તરો હંમેશ પોતેજ બાંધતા અને પૂજાની તૈયારી હાથેજ કરી લેતા. કુટુંબનાં છોકરાંઓને પોતાનાજ સન્તાન લેખતા અને સૌ સ્નેહી સંબંધીઓને તેમનો લાભ મળ્યે રહેતો.

શેઠશ્રીની ઉત્કટ ઇચ્છા ચિ. શેઠ પ્રતાપસિંહને ત્યાં પુત્રરત્ન જોવાની હતી. પણ વચમાં શ્રી વિઠલદાસભાઈનું અવસાન થયું. આ આઘાતે શેઠશ્રીની તબિયત પર ભારે અસર કરી. પરિણામે સને ૧૯૪૯ના ડિસેમ્બર મહિનાની ૨૨ મી તારીખે ધાર્મિકતાના વાતાવરણ વચ્ચે આ શ્રીમંત યોગીનો જીવનદીપ બુઝાયો. ભારતનો એક ભડવીર દાનવીર, કુનેહબાજ રાજદ્વારી, શકિતશાળી વ્યાપારી અને ધર્મનો સ્તંભ નારાયણનાં ચરણકમલના આશ્રયે પહોંચી ગયો.

આજે આ કથા લખાય છે ત્યારે શેઠશ્રી પ્રતાપસિંહને ઘેર પુત્રરત્નનો પ્રસવ થયો છે. સંભવ છે કે ઉત્કટ ઇચ્છા પૂરી કરવા દાદા દીકરાને ત્યાં દીકરા તરીકે બાકીનો એક અવતાર ભોગવવા આવ્યા હોય!

—રાજકવિ કેશવલાલ શ્યામજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ડૉ. સર મથુરાદાસે મુંબઇના શેરીફ તરીકે, તેમના અંધેરીના નિવાસ-સ્થાને યોજેલ ભોજન સમારંભ વખતે લેવાએલ તસવીર.

(આગળ જમણી બાજુથી)

૨. ડૉ. સર મથુરાદાસ
૩. લેડી રતનબાઇ
૪. મુંબઈના ગવર્નર સર રોજર લમલી
૫. લેડી લમલી.

(પાછળ જમણી બાજુથી)

૧. ભાઈ જયસિંહ વિઠ્ઠલદાસ
૨. શેઠ શ્રી કરસનદાસ વિસનજી
૩. સ્વ. શેઠ શ્રી વિઠ્ઠલદાસ કાનજી
૪. ભાઇ રતનસી કરસનદાસ
૫. ભાઈ પ્રતાપસિંહ મથુરાદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાદા' એટલે કઠોર જણાતા
પણ મૃદુ હૃદયના માનવી :

જ્ઞાની ગણાતા પણ
ભક્તિ — નિતરતા ભક્ત :

ઉગ્ર સ્વભાવના પણ
કોમળ લાગણીભર્યા વડિલ :

સર્વથી નિરાળા પણ સર્વને સમાન ગણતા;
સાદા, સરળ અને સહૃદયી, માનવતાભર્યા માનવી.

દાદાનાં સંભારણાં

અંતરની નિકટતા વિના સ્વર્ગસ્થ આત્માનું સંભારણું લખવાનું શક્ય બનતું નથી. મારૂં લખાણુ એવા જ કોઈ અનુભવને લીધે અને એવી જ કોઈ લાગણીને લઈને શક્ય બની શકે છે. હું સર મથુરાદાસનું જીવનવૃત્તાંત લખતો નથી. તેથી સ્થુલ વિગતોને તેમાં સ્થાન નથી. પરોક્ષપણે જાણેલી અને સ્વીકારાયેલી વિગતોને પણુ હું કહેવા માગતો નથી. સર મથુરાદાસ કાબેલ વેપારી હતા, અગ્રગણ્ય શહેરી હતા, અથવા કાર્યદક્ષ સમાજ સેવક હતા—તે મારે મન આ લેખ માટે ગૌણુ વસ્તુ છે. ધન અને યશ આકર્ષક વસ્તુઓ જરૂર છે. પરંતુ તે લાગણી નથી આકર્ષતાં, ફક્ત માન અને ક્વચિત સેવા આકર્ષે છે. વ્યકિતમાં રહેલી માનવતા, ઉંચ કે નીચને સમજવાની શકિત, સમાનતાની સપાટી ઉપર ઉભા રહેવાની મનોવૃત્તિ, અને લાગણી વશ થયા વિના લાગણી સમજવાની અને દેખાડવાની કલા, માણુસને પરાયાંનાં અંતરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન અપાવે છે. સર મથુરાદાસનું મોટામાં મોટું ભૂષણ એમની માનવતા હતી. એવી માનવતાથી જો હું આકર્ષાયો ન હોત તો આ લેખ લખવાનું મારે માટે અશક્ય બન્યું હોત.

જેમ દરેક અધ્યાપક ગુરૂ નથી બની શકતો, અથવા દરેક ધર્મ ગુરૂ સંત નથી હોતો, તેવી જ રીતે દરેક દાનવીર પુરૂષ માનવતા પૂર્ણ માનવી ન પણ હોય. હજારોનું દાન કરનાર લક્ષાધિપતિ ભલું કરી શકે છે, પરંતુ તે ભલો છે એમ ન કહી શકાય. ઉદાર માણસો બધાં જ ભલાં નથી હોતાં. બધાં ઉદાર માણસોમાં માનવતાનો ગુણ નથી હોતો. તે માટે માણસને જુદા પ્રકારની માનસિક અને આંતરિક શકિતની જરૂર છે. એવી શકિત સંપાદન કરવા માટે નિરાળા દૃષ્ટિબિંદુની આવશ્યકતા છે. ગરીબનાં દુઃખનું નિવારણ કરવું તે એક વસ્તુ છે અને ગરીબનું દુઃખ જોઈ દુઃખી થવું તે જુદી જ વસ્તુ છે. ગરીબને ચાર પૈસા આપવા તે એક વસ્તુ છે અને ગરીબના શિર ઉપર હાથ ફેરવવો તે જુદી જ વસ્તુ છે. સદાવ્રત ખોલવાં અને નિભાવવાં તે એક વસ્તુ છે અને દીન-હીનની વેદના સમજવી એ ભીન્ન વસ્તુ છે. સર મથુરાદાસે લોકોપયોગી કામ માટે અનેક ગુપ્ત દાન કર્યાં છે. પરંતુ તે કંઈ એમના જીવનની સિદ્ધિ ન હોતી. હું તેમના નિકટ પરિચયમાં આવ્યો હતો, અને તે પરિચયના પ્રસંગોમાં મેં એમની માનવતા જોઇ હતી. કેટલાક અનુભવોના દ્રષ્ટાંતો સંભવી શકતાં નથી. હું મારા અનુભવોનાં દૃષ્ટાંતો આપી શકતો નથી, કારણ કે સામા માણસની આંતરિક સ્થિતિ શબ્દથી કે કાર્યથી સમજી શકાતી નથી. પરંતુ માનસિક દ્રષ્ટિ મેળથી પારખી શકાય છે. આ પ્રકારના અનુભવો બહુધા બુદ્ધિની પક્કડમાં પકડી શકાતા નથી. જ્ઞાનથી મેળવેલી વસ્તુને મર્યાદા હોય છે અને તેથી તેનું કથન શક્ય છે. બુધ્ધિથી પર એવી બીજી શકિત છે, જે મનુષ્ય સ્વભાવ, માનવતા અને લાગણીને પારખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સર મથુરાદાસની માનવતાને પારખવાને માટે મારે ફક્ત મનને જ મોકળું કરવાની જરૂર હતી. નિકટ સંબંધને લઇને હું મન મોકળું કરી શક્યો, અને મનની ખુલ્લી બારીમાંથી મેં એમની માનવતા જોઇ.

સંજોગવશાત જ્યારે હું આ લેખ લખી રહ્યો છું ત્યારે હું એમના લોનાવલાના નિવાસ સ્થાનમાં બેઠેલો છું. મારી સામે એમની હંમેશની આરામ ખુરશી પડેલી છે. મારી બાજુમાં તેમનો સેવાનો ખંડ છે. ખંડમાં સનાતન શાંતિ છે. ખંડનું વાતાવરણ જ ભકિતભાવ અને શાંતિ ઉત્પન્ન કરે છે. મૂક સેવા, પરમ શાંતિ અને ભાવના યુક્ત ભકિતભાવના સર મથુરાદાસ ઉપાસક હતા. તેમની ઉપાસના કે પૂજામાં ઠાઠમાઠ નહીં પણ સાદાઈ અને સરળતા હતાં. હિંદુત્વમાં માનનારા, આર્યત્વના પૂજારી, ધર્મશાસ્ત્રોના અભ્યાસી અને યોગના અનુભવી સર મથુરાદાસમાં બાળકને છાજે એવી સરળતા હતી. એમના સ્વભાવમાં કવચિત ઉગ્રતા તો હતી જ. ઉગ્રતાનો જો અભાવ હોત તો એમના સ્વભાવની સ્વાભાવિકતામાં જાણે ઉણપ આવત. તેમની તિવ્ર બુદ્ધિમાં અને કાર્યદક્ષતામાં પણ સરળતા હતી. આંટીઘુંટી ને તેમાં અવકાશ હતો નહિ. આજની વેપારી જનતાને સર મથુરાદાસના જીવનમાંથી ઘણું શીખવાનું મળે એમ છે. વેપાર ખેડનારની બુદ્ધિ જરૂર કસાય છે. પરંતુ વેપારમાં સચ્ચાઇ અને સાચી કમાણી તો પ્રમાણિકતા કેળવાય–તે છે. સચ્ચાઇ અને પ્રમાણિકતાનો વેપાર યશ અપાવે છે અને ધનને સ્થાયી કરે છે. બુદ્ધિવાદની દ્રષ્ટિએ પણ સચ્ચાઇ અને પ્રમાણિકતા વેપારીનાં જરૂરી અંગો છે. સર મથુરાદાસ તે સમજતા અને તે પ્રમાણે વર્તતા. જે નામના તેમણે મેળવી હતી તે તેમની કુનેહની વિશિષ્ટતા, સ્પષ્ટ વક્તવ્ય અને પ્રમાણિકતામાં હતી. વેપારમાં પણ તેમની માનવતા સ્પષ્ટ દેખાતી. સિદ્ધાંતવાદી માણસો પ્રસંગોના ગુલામ નથી હોતા. પ્રસંગ તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરે છે. અને જો એવા પ્રસંગો બનવા પામે કે, સિદ્ધાંતનુસાર વર્તવું અશક્ય બને, તો તે વ્યક્તિઓ વ્યક્તિત્વ ગુમાવવા કરતાં પ્રસંગો ગુમાવવાનું વધુ પસંદ કરે છે.

સર મથુરાદાસની સાચી માનવતા, તેમનું હિંદુત્વનું અભિમાન અને તેમની સહૃયતા, હિંદુમુસ્લીમ હુલ્લડોમાં સાચા સ્વરૂપમાં દ્રષ્ટિગોચર થતી હતી. હિંદુઓ અને મુસ્લીમો એકત્ર રહે, એકમેકનો સહકાર સાધે અને સંપથી એક માતાના દીકરાઓ જેમ રહે, એવી ઇચ્છા સર મથુરાદાસે ઘણી વેળા પ્રદર્શિત કરેલી મેં સાંભળી છે. તેમની ઓફીસમાં હિંદુ અને મુસ્લીમ નેતાઓ ભેગા મળતા. મુસલમાનો ઉપર વેર લેવાની વૃત્તિવાળા કેટલાક હિંદુ નેતાઓને તેમણે ઘણી વેળા સમજાવ્યા છે. હિંદુઓની સેવા કરવા માટે મુસલમાનો તરફ તિરસ્કારને અવકાશ નથી એવું તેમનું કહેવું ઘણાએ કાને ધર્યું છે. અને તેજ કારણે હિંદુ સંરક્ષણ સમિતિનું સરકારમાં, પોલીસ અધિકારીઓમાં અને હિંદુ જનતામાં ઉંચું સ્થાન જળવાઇ રહ્યું હતું. છેલ્લાં હિંદુ મુસ્લીમ હુલ્લડો વખતે વેપારમાંથી નિવૃત્ત થઇ, બધી જંજાળોને દૂર કરી, યોગાભ્યાસ અને ધર્મશાસ્ત્રાભ્યાસમાં મન પરોવી તેઓ અંધેરીને બંગલે બેઠા હતા. ઓફીસે પણ કવચિત જ આવતા. એમણે નિશ્ચય કર્યો હતો, કે હવે તો નિવૃત્તિમાંથી પ્રવૃત્તિમાં પડવું જ નહિ. બીજા સમાજસેવકોને સેવાનું કામ કરવા દેવું. ચાર પાંચ દિવસમાં તો હુલ્લડે ઉગ્ર સ્વરૂપ ધર્યું. હિંદુઓની જુદી જુદી સમિતિઓ સ્થપાઇ, અને ખરી સેવાનું કામ ખોરંભે પડ્યું. સર મથુરાદાસને વિનંતિ કરવામાં આવી. અને માનવતાની ફરી પાછી જીત થઇ. ફરી પાછું એમણે સેવાનું સુકાન સંભાળ્યું. ફરી વેપાર ખેડવા માટે, અથવા નવો ધંધો શરૂ કરવા માટે સર મથુરાદાસને છોકરાઓએ તેડાવ્યા હોત, તો તેઓ પાછા ન ફરત. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવતાના સાદે ફરીથી તેઓ પ્રવૃત્તિ તરફ વળ્યા.

સર મથુરાદાસની પાછલી જિંદગી પૂર્ણ પ્રભુમય હતી. જ્ઞાન તો હતું જ પરંતુ ભક્તિનો દીપ પણ પ્રગટ્યો હતો. જે ભક્તમાં જ્ઞાન અને ભક્તિ સપ્રમાણ હોય, તે ભક્ત ભલે યોગી ન થાય, અથવા દેવ સમક્ષ નાચવા ન માંડે, પરંતુ તે સંસારને ત્યજ્યા વિના સંસારનો ઉપભોગ કરીને પણ નિર્લેપ રહી શકે છે. ત્યાગી મનુષ્ય ભૂલી જાય છે, કે ભોગના ત્યાગમાં યોગનો મોહ રહ્યો હોય છે, મોહ ત્યજી શકાતો નથી. ત્યાગવૃત્તિથી ઉપભોગ કરવાની કલા બહુ થોડા સંતોને સાધ્ય હોય છે. માયાની બીકથી માયાને ત્યજી દેવી અને સંત ગણાવું તે તો ફક્ત ભ્રાંતિ છે. બીકથી ત્યજેલી વસ્તુ જૂદે સ્વરૂપે મોહ રૂપે મનને ઘેરે છે. ફક્ત ત્યાગથી મોક્ષ નથી મળતો. કર્મ વિનાનો ત્યાગ નિષ્ક્રિયતા છે. ખરૂં જ્ઞાન અને ખરી ભક્તિ માનવતાથી પરિપકવ થાય છે. તેથી જ હિમાલયની ગુફામાં વસતા યોગીઓથી, કે ભક્તિરસથી નાચતા ભક્તોથી. કે પુસ્તકોમાં રચ્યાપચ્યા રહેતા શુષ્ક વેદાંતીઓથી જગતનું ભલું થઇ શકતું નથી. ઘણાયે એવા આનંદમય પ્રસંગો મને ધ્યાનમાં છે, કે જ્યારે જ્ઞાન અને ભક્તિની ચર્ચા સર મથુરાદાસ તિવ્રપણે કરતા. એવીજ કોઇ ચર્ચાનાં અંતે 'દાદા'નું લાડકું નામ મારી જીભે ચડ્યું હતું. તેથીજ 'દાદા' નામ સાથે ઘણી સ્મૃતિઓ સંકળાયેલી છે. સર મથુરાદાસ એટલે બાહોશ વેપારી, નામાંકિત પુરૂષ, ધનાઢ્ય ઉદ્યોગપતિ, અને જાણીતા નાગરિક–'દાદા' એટલે કઠોર જણાતા પણ મૃદુ હૃદયના માનવી, જ્ઞાની ગણાતા પરંતુ ભક્તિ નિતરતા ભક્ત; ઉગ્ર સ્વભાવના પરંતુ કોમળ લાગણીભર્યા વડિલ; સર્વથી નિરાળા પરંતુ સર્વને સમાન ગણતા સાદા, સરળ અને સહૃદયી, માનવતાભર્યા માનવી.

—મંગળદાસ જ. ગોરધનદાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્ય જીવન ધારણ કરી ઘણાં અવતરે છે.
કોઈ વિરલાજ એને સાફલ્યનો મુકુટ પહેરાવે છે.

સર મથુરાદાસે જીવનને કેવળ
સાફલ્ય-મુકુટજ પહેરાવ્યો નહિ,
પણ સદ્દગુણોરૂપી હીરામોતીથી
એની અર્ચના કરી જાણી હતી.

જીવન-અર્ચના

ડૉ. સર મથુરાદાસ વિસનજીની જીવન ઝરમર લખતાં મને પ્રશ્ન થાય છે કે, હું એમના જીવનના ક્યા પાસાં પર લખું? સર મથુરાદાસના સમગ્ર જીવન પર દૃષ્ટિ નાખતાં એમનાં જીવનનાં એવાં અનેક પાસાં આજે એક પછી એક મારી દૃષ્ટિ સમક્ષ ખડાં થાય છે. પરંતુ દરેક પર લખવું મારા માટે સ્વભાવિક રીતે અશક્ય છે. એટલે આજે તો હું મારા અનુભવના બે ત્રણ પ્રસંગોનો જ ઉલ્લેખ કરીશ.

ભાટિયા કોમનું એ ગૌરવ હતું કે એમના જેવા એક ભટ્ટી ભડવીર એને સાંપડયા હતા. પોતાની જ્ઞાતિ માટે એમને અભિમાન અને આદર હતાં. એટલું જ નહીં, પણ માનવ માત્ર માટે એમના હૃદયમાં અનુકંપા હતી. જ્ઞાતિ અને જાતિના લાભાર્થે એમણે આદરેલાં કાર્યો, કોમી કલહો વચ્ચે એમની રાહત અને રક્ષણ પ્રવૃત્તિ- એ તમામનો વિચાર કરૂં છું, ત્યારે મને થાય છે કે કોઇક વિરલાજ આવાં બધાં કાર્યો કરી શકે.

વ્યાપારી અને ઉદ્યોગિક ક્ષેત્રે સર મથુરાદાસે પોતાની બુદ્ધિ ચાતુર્ય અને વ્યવહાર કુશળતાનો પરચો વ્યાપારી જનતાને આપ્યો હતો. મુંબઇની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકવિધ કંપનીઓના એ સંચાલક હતા. એમનું નામ પોતાની કંપનીના ડાયરેક્ટર તરીકે મેળવવા, ઘણી કંપનીઓ પ્રયત્નશીલ રહેતી.

એમણે જગતના પ્રવાહોનો તલસ્પર્શી અભ્યાસ એમની લાક્ષણિક રીતે કર્યો હતો, દેશ કે પરદેશના સારા વિચારો કે વસ્તુઓને ગ્રહણ કરતાં એ ક્યારેય અચકાયા ન હોતા. અનેક વિચારો અને વસ્તુઓ જે એમને અયોગ્ય લાગી હતી, તેના દોષ તેમણે છડેચોક કહી બતાવ્યા હતા.

એમનું વહાલ અથવા લાડનું નામ એમના પ્રેમથી ભિંજાયેલા લોકોએ "ભાઇ" પાડયું હતું. એમ જ ખરેખર એ સહુ કોઈને પોતાના વડીલભાઇ જેવાજ લાગતા હતા. નાનાં મોટાં કે વૃદ્ધ અને બાળક, ધનિક વ્યાપારી કે સરકારી ઓધ્ધો ધરાવતા રાજપુરૂષો; સાધારણ કક્ષાનો કારકુન કે પટાવાળો–સહુ કોઇ એમની પાસે પોતાનું દિલ ખોલી વાત કરી શકતા. એવા હરકોઈ મુશ્કેલ સંજોગોમાં એમનું માર્ગદર્શન માગતા. આમ સર મથુરાદાસ માનવી માત્રના સાચા 'બંધુ' હતા.

સ્ત્રી જાતિ માટે એમની અનુકંપા ખૂબ ઊંડી હતી. સ્ત્રીઓની કેળવણી વિષે એક વેળાએ જ્યારે મેં એમને બોલતા સાંભળ્યા ત્યારે આ વાતની મને પ્રતિતી થઇ. અને મને ખાત્રી થઇ કે ભાઇને હૈયે સ્ત્રીઓ માટે જે દાઝ છે તે સાચા હૃદયની છે નહિ કે આજે કેટલાક પુરૂષો તરફથી સ્ત્રી સન્માનના બોલાતા પોકળ શબ્દો જેવી.

મારી એ કલ્પના થોડા વખતના અરસામાં જ સાચી પડી. માર્ચ મહિનાની એક ખુશનુમા સવાર હતી. હું અને મારા પતિ સર મથુરાદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે ગયા, અને એમને કહ્યું કે ભાટિયા સ્ત્રી મંડળમાં ઘણી એવી બહેનો આવે છે, કે જો તેમને સિવણ, ભરત, ગુંથણ અને ખાદ્ય પદાર્થો વિગેરે બનાવવાનું કાર્ય વધારે મોટા પ્રમાણમાં આપી શકાય, તો એ બહેનો પોતાનું જીવન આબરૂ મર્યાદામાં રહીને ગાળી શકે. સાથે સાથે અમે એક સૂચના મૂકી કે આમ કરવા માટે એક મકાન ખરીદવું. જેના ભાડાંમાંથી આવી બધી પ્રવૃત્તિઓ ચલાવવી. એટલું જ નહિ પણ ભવિષ્યમાં આ કાર્યને "સર રતન તાતા ઇન્ડસ્ટ્રીઅલ હોમ" જેવા મોટા પાયા ઉપર મૂકવું, કે જેથી ઘણી મોટી સંખ્યામાં બહેનો લાભ લઈ શકે. અમારી આ સૂચનાને સર મથુરાદાસે તરત જ સ્વીકારી લીધી, પણ સાથે સાથે એ મકાન માટે જોઇતી રકમનો અર્ધો ફાળો ઉઘરાવી લાવવા માટે પોતાની વ્યાપારી કુનેહ પ્રમાણે અમને બાંધી લીધાં, અને મને જણાવતાં આનંદ થાય છે કે આજે સર મથુરાદાસના સ્વ. પિતાશ્રીના નામે "રાવબહાદુર વિસનજી ખીમજી ઉદ્યોગ મંદિર" નામનું બહેનોને આર્થિક રાહત આપતું સુંદર કેંદ્ર ભાટિયા સ્ત્રી મંડળ ચલાવી રહ્યું છે. જ્યાં દરેક બહેન પોતાની જાતમહેનતથી સુખે આજીવિકા મેળવી શકે છે.

•

ભાઈના જીવનનાં અનેકવિધ પાસાંઓમાં બીજું એક ખાસ નોંધવા-લાયક પાસું તેમના આધ્યાત્મિક, ધાર્મિક જીવનનું હતું, જેની તરફ મારૂં લક્ષ શરુઆતથી જ આકર્ષાયું હતું. મને ચોક્કસ લાગ્યું હતું કે સર મથુરા-દાસ વિસનજીના જીવનની સફળતા એમના આધ્યાત્મિક જીવનમાં રહી હતી. એમની સત્યનિષ્ઠા, કર્તવ્ય તત્પરતા, દીન-દુઃખી લોકો પ્રત્યેની એમની મમતા, સંત અને સાધુઓ પ્રત્યેની એમની પૂજ્ય ભાવના, ધાર્મિક ગ્રંથોનું ઊંડું અધ્યયન અને મનન, આ સૌ વસ્તુઓએ સર મથુરાદાસના જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્નત અને સમૃદ્ધ બનાવ્યું હતું. ચંદનનાં તિલક સાથે ગીતાજીનું અધ્યયન કરતા જે કોઇએ 'ભાઇ'ને નિરખ્યા હશે, તેમણે એમની સાચી જિંદગી નિરખી હશે.

મનુષ્ય જીવન ધારણ કરી ઘણાં અવતરે છે. પણ કોઇ વિરલાજ એને સાફલ્યનો મુકુટ પહેરાવે છે. સર મથુરાદાસે જીવનને કેવળ સાફલ્ય-મુકુટજ પહેરાવ્યો નહીં, પણ સદ્‌ગુણોરૂપી હીરામોતીથી એની અર્ચના કરી જાણી હતી.

—બાબીબેન મૂળજી દયાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે કેટલું મેળવીએ છીએ
તે ઉપરથી નહિ, પણ આપણે
કેટલું આપીએ છીએ તે ઉપરથી
જીવનનું સાચું મૂલ્યાંકન થાય છે.
આપણે કેટલું બોલીએ છીએ
તે ઉપરથી નહિ, પણ આપણે
કેટલું કરીએ છીએ; તે ઉપરથી
આપણા જીવનનો સિક્કો સાચો
રણકાર કરે છે કે કેમ? તેનું
પારખું થાય છે.

જેમની

કીર્તિ કૌમુદી

સદૈવ પ્રકાશી રહી છે......

સદ્દગત શેઠ **મથુરાદાસ વિસનજી**ના કેટલાક ચાહનારાઓ અને પ્રશંસકો તરફથી એક સ્મારક ગ્રંથ બહાર પાડવાની પ્રવૃત્તિ આદરાઇ છે. એ ખુશખબર સાંભળી ઘણો આનંદ થયો આવા સ્મારક ગ્રંથો દ્વારા જુદી જુદી વ્યક્તિઓને સદ્દગત સાથે જે જે પ્રસંગો અને સંયોગોમાં સમાગમ અને સંપર્ક થયો હોય, લાંબો કે ટુંકો કે તેટલા પૂરતો તેમને એકાંગી પરિચય થવાનો સંભવ છે; અને તેથી તેમનાં સંસ્મરણોમાં સદ્દગતનાં અનેકરંગી જીવનનાં અમુક પાસાંનો જ સાક્ષાત્કાર થયેલો હોઇ, તત્પૂરતો જ અનુભવ વ્યકત કરવા માટે અવકાશ હોય છે. સદ્દગત સર મથુરાદાસ જેવી મહાન વ્યક્તિનાં જીવનનો સર્વાંગી પરિચય તો વિગતવાર વિસ્તૃત જીવનવૃત્તાંત દ્વારાજ પ્રકાશમાં આવી શકે. મહાન પુરૂષોની જીવનકથા પ્રકટ કરવામાં તેમનાં ગુણ-ગાન અને પ્રશંસા કરવાનો ઉદ્દેશ માત્ર નથી હોતો, ન હોવો જોઈએ. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ચરિત્ર નાયકનાં જીવનના બધાં પાસાંઓનું તટસ્થ અન્વેષણ હોવું જોઈએ, જેથી વાચક તેમાંથી સાર મેળવી ઉપદેશ મેળવી શકે, અને પોતાના જીવનને ઉર્ધ્વગામી બનાવી શકે. આવું તટસ્થ અન્વેષણ **મહાત્માજી** કે **પંડીત જવાહરલાલ** જેવા જ પોતાની આત્મકથા દ્વારા કરી શકે. અથવા **બોસવેલ** કે સ્વ. **મહાદેવ દેશાઇ** જેવા ચરિત્ર નાયકના અંતેવાસીઓ તરફથી પ્રકટ કરાયલાં જીવન ચરિત્રોમાં જોઇ શકાય.

કેટલાક લોકોને પોતાની હયાતીમાંજ અથવા હયાતી બાદ પોતાનું જીવન ચરિત્ર છપાય એવી મહત્વાકાંક્ષા હોય છે અને તેથી તેને માટેની સામગ્રી હમેશાં તેઓ એકઠી કરતા રહે છે, આવી પૂર્વ તૈયારીને લીધે ચરિત્ર લેખકને ઘણી સુગમતા મળે છે. પરંતુ સદ્‌ગત શેઠ **મથુરાદાસ** **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એ ભગવદ્ વાક્યમાં માનનારા હોઈ, પોતાનું નામ અને કાર્ય પ્રસિદ્ધિમાં આવે તે સામે ભારે અણગમો ધરાવતા હતા અને સત્કાર્ય અને સદ્પ્રવૃત્તિમાં પોતાનો પૂરેપૂરો ફાળો આપી છુટવો એમાંજ આત્મસંતોષ પામતા હતા. તેથી પોતાનાં અનેકવિધ જીવનકાર્યો અને પ્રવૃત્તિઓની નોંધ કે સામગ્રી સંગ્રહી રાખવાની કે રખાવવાની દરકાર કરી નહોતી. તેથી તેમનું સવિસ્તર જીવનચરિત્ર લખ-વામાં મુશ્કેલી આવે એમ છે, અને આમ હોઇ, આવા સ્મારક ગ્રંથ દ્વારા વિશેષ નહિ તો એમના જીવનની ઝરમર અને ઝલક બહાર આવે એટલું એ ઇચ્છનીય અને આદરણીય છે.

હું સ્વ. **રાવબહાદુર શેઠ વિસનજી ખીમજીની વોલેસ ફ્લોર મીલ કું.** માં ઇ. સ. ૧૯૦૩માં નોકરીમાં રહ્યો અને પહેલે પગથિયેથી શરૂ કરી છેલ્લે પગથિયે પહોંચ્યો અને સને ૧૯૪૮માં નિવૃત્ત થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પીસ્તાલીશ વર્ષના કાળાવધિ દરમ્યાન સ્વ. શેઠ **મથુરાદાસના** શરુશરુમાં આછા અને પાછળથી નિકટના સંપર્કમાં રહ્યો છું. તેઓ મારાથી ત્રણેક વર્ષ અગાઉ પોતાના પિતાની ઓફીસમાં જોડાયા હતા અને મારા પછી એક વર્ષ બાદ સંપૂર્ણ નિવૃત્ત થયા હતા. એટલે એમની સમગ્ર કારકિર્દીનો હું નિકટનો સાક્ષી છું એમ કહું તો ખોટું નથી. અને એમ હોઈ એમના જીવન સંબંધી સત્તાવાર લખવાનો મને કંઇક અધિકાર છે એમ કહી શકું, પરંતુ આવા સ્મારક ગ્રંથમાં દરેક લેખને મર્યાદા હોય એ સમજાય એવું છે. તેથી અત્રે હું **સર મથુરાદાસ**ના અનેકરંગી જીવનની બહુવિધ પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓનું અલ્પસ્વલ્પ વિહંગાવલોકન કરી સંતોષ માનીશ.

સર મથુરાદાસનો જન્મ ઈ. સ. ૧૮૮૧માં થયો હતો. તે વખતે એમના પિતાશ્રી **રાવબહાદુર વિસનજી ખીમજી**ના ભાગ્યોદયનો હજી ઉષઃકાળ હતો. પોતાના બાહુબળ અને સ્વ–પરાક્રમથી એમણે પાછળથી જે જાહોજલાલી અને નામના સંપાદન કર્યાં તે **સર મથુરાદાસ**ના જન્મ પછી હતાં. તેથી તેઓશ્રી **સર મથુરાદાસ**ના **શુકનશાળી** જન્મને પોતાના ભાગ્યોદયનાં કારણભૂત માનતા, અને પોતાના મિત્ર વર્ગમાં તેનો સગર્વ ઉલ્લેખ કરતા. રાવબહાદુર કંઈક કડક પ્રકૃતિના અને શિસ્તપાલનના આગ્રહી હોઇ, ઘણાં શ્રીમંત કુટુમ્બોમાં બને છે તેમ, છોકરાંઓનો ઉછેર નોકર ચાકરોના હાથમાં ન રાખતાં, તેમના પર પોતાની જાત–દેખરેખ રાખતા. પોતાના પુત્રના ભાવિ જીવનનું ઘડતર પોતે જ કરતા. પ્રમાણિકપણું, સત્યનિષ્ઠા. કર્તવ્યપરાયણુતા, નીતિ અને ન્યાય વિગેરે આદર્શોનાં બીજો એમણે બાળ મથુરાદાસના ખીલતા હૃદયમાં વાર્તાઓ, દ્રષ્ટાંતો અને શિખામણો દ્વારા સીંચ્યાં હતાં. જે પાછળથી **સર મથરાદાસ**માં સંપૂર્ણ વિકસી ચરિતાર્થ થયેલાં હતાં. એમણે મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો હતો. દરમ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના પિતાશ્રીની પ્રવૃત્તિઓનો મોટો વિસ્તાર થયેલો હોઈ, એમને પોતાના અંગત મદદનીશની જરૂર જણાતાં, આગળ અભ્યાસ ફરાવવાનું બંધ રાખી અઢાર વર્ષની વયે મોટા શેઠે **સર મથુરાદાસને** પોતાના ધીકતા ધંધામાં દાખલ કરી દીધા હતા.

સર મથુરાદાસે ધંધામાં પ્રવેશ કર્યો ત્યારે **રાવ બહાદુર** શેઠ **વિસનજી ખીમજી** મેસર્સ **ધી બોમ્બે કું. લી.** ની રૂ, ઘઉં અને બીયાંની દલાલી અને મેસર્સ **વોલેસ એન્ડ કું.** લી. ની **બોમ્બે બર્મા ટ્રેડીંગ કોરપરેશન** લી. ની મુકાદમીનું કામ કરતા હતા. તદુપરાંત **સર મથુરદાસની** નવ કે દશ વર્ષની ઉંમર હતી ત્યારે તેમણે એક ઓટલ અને ફ્લોઅર મીલ ખરીદ કરી લીધી હતી. અને તે મીલનું નામ પોતાના વોલેસ એન્ડ કું. લી. સાથેના સંબંધના સ્મરણ ચિન્હ તરીકે ધી **વોલેસ ફ્લોઅર મીલ** એવું રાખ્યું હતું. અને તે મીલને પોતાના અદમ્ય ઉત્સાહ, પરિશ્રમ અને ખંત વડે સંપૂર્ણ વિકસાવી ઉચ્ચ કક્ષાએ આણી હતી. પોતાની આ બધી પ્રવૃત્તિઓમાં **રાવ બહાદુર** પોતાના પુત્રને એક સામાન્ય કારકુનની માફક દરેક ખાતામાં પૂરતો વખત બેસાડી તલસ્પર્શી અભ્યાસ કરાવી અનુભવ લેવરાવ્યો હતો. કેટલાક શ્રીમંતોના પુત્રો સ્કુલ કે કોલેજમાંથી ઊઠી સીધા મોટે આસને બેસી જાય છે. અને તેથી ધંધાની બાબતમાં પંગુ જેવા અને પરાવલંબી રહી મેનેજરો કે સેક્રેટરીઓના હાથમાં રમે છે, એવું ઘણે સ્થળે થતું જોઈએ છીએ. તેથી **રાવબહાદુરે** જે નીતિ પોતાના પુત્રની તાલીમ અંગે અખત્યાર કરી હતી તે અન્ય શ્રીમંતોએ ધડો લેવા જેવી છે. આ પ્રમાણે કામ ધંધાનો ઊંડો અભ્યાસ અને જાત અનુભવ કરાવી, રાવબહાદુર કેટલાંક કામો સ્વતંત્ર પણે **સર**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરાદાસને હાથે કરાવવા લાગ્યા. અને જરૂર જણાય ત્યાંજ પોતાની દોર-વણી આપવા લાગ્યા. આમ કરીને તેમનામાં આત્મવિશ્વાસ અને ઉમંગ વધારતા રહ્યા. અત્રે એક વસ્તુનો નિર્દેશ કરવો અસ્થાને નહિ ગણાય. તે વખતે **રાવબહાદુર**ની ઓફીસ લાગતા વળગતાઓમાં એક આદર્શ વ્યાપારિક તાલીમની કૉલેજ જેવી ગણાતી અને તેથી એમના મિત્રો પોતાના પુત્રોને એમની ઓફીસમાં અનુભવ લેવા બેસાડતા. એવી તાલીમ લેનારા અને પાછળથી સ્વતંત્ર ધંધો કરી નામના મેળવનાર અનેક વ્યક્તિઓના નામો અત્યારે જીવ્હાગ્રે આવે છે. સ્વ. સર શાંતિદાસ આસકરણ તેમાંના એક હતા.

આ પ્રમાણે પુત્રને સંપૂર્ણ વ્યાપાર ધુરા ધારણ અને વહન કરવાને સમર્થ થયેલા જોઇ **રાવબહાદુરે** ઈ. સ. ૧૯૧૧માં પોતાની બધી વહેવારિક પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લઇ, પોતાના ધંધા રોજગારની સંપૂર્ણ લગામ **સર મથુરાદાસ** અને એમના પ્રતિ ભક્તિભાવ ધરાવતા **ભરત લક્ષ્મણ** સમા સુબંધુઓ **શેઠ કરશનદાસ** તથા શેઠ **વિઠલદાસ**ના હાથમાં સોંપી. આ બંધુ ત્રિપુટીએ **ધી વોલેસ ફ્લોઅર મીલ**ને વધારે સમૃદ્ધ અને અદ્યતન બનાવી.

રાવબહાદુરે એક ફ્લોઅર મીલ ખરીદ કર્યાનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. તે વખતે એ મીલ કલાકના દશ કોથળા (૨૮૦ રતલનો એક કોથળો) ઉત્પન્ન કરવાની શક્તિવાળી હતી. તે રાવબહાદુરે પોતાના પુત્રોના હાથમાં આપી ત્યારે વીશ કોથળા જેટલી શક્તિ ધરાવતી થઇ હતી. ત્યારબાદ સને ૧૯૧૭માં **ધી જમના ફ્લોઅર મીલ્સ** આ ભાઇઓએ ખરીદી લીધી, જેની દળવાની શક્તિ કલાકના વીશ કોથળા જેટલી હતી. સને ૧૯૨૭માં મુંબઇની બીજી એક મોટી મીલ જે **બોમ્બે ફ્લોઅર**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીલ્સના નામથી જાણીતી હતી અને જે શરૂઆતમાં રાવબહાદુરની હરીફ હતી તે ખરીદી લીધી. તેની શકિત પાંત્રીશ કોથળાની હતી. અને સને ૧૯૩૨માં બાકીની મોટી મીલ **ધી ન્યુ યુનીયન ફ્લોઅર મીલ્સ** હસ્તગત કરી, જે કલાકના વીશ કોથળાની શકિતવાળી હતી. અને સને ૧૯૩૯માં **ધી આહીમ ફ્લોઅર** મીલની બધી મશીનરી અને સરસામાન ખરીદ કરી લીધાં. **ધી વોલેસ ફ્લોઅર મીલ કાં.** જે શરૂઆતમાં ખાનગી માલીકીની હતી તે સને ૧૯૨૩માં જોઈન્ટ સ્ટોક કંપનીમાં ફેરવવામાં આવી હતી. અને આ પ્રમાણે કંપનીને લીમીટેડ કન્સર્ન બનાવ્યા પછીના માત્ર સોળ વર્ષના ગાળામાં મુંબઈની બધી મોટી આટાની મીલો **સર મથુરાદાસ** અને ભાઈઓએ હસ્તગત કરી લીધી હતી. માત્ર હિંદમાં જ નહિ પણ આખા **એશિયા** ખંડમાં **વોલેસ ફ્લોઅર મીલ્સ**નું એકજ મેનેજમેન્ટના હાથ નીચેનું મોટામાં મોટું આ જૂથ છે. અને તેની મેંદા, આટા, રવા, સોજી, ભુસા, ભુસી આદી બનાવટો માલની સફાઇ, ચોકખાઈ અને ઉમદાપણા માટે જગમશહૂર છે. આ બનાવટો લંગર (Anchor) અને બીજા ટ્રેડમાર્કો નીચે વેંચાય છે.

આ સિધ્ધિ **સર મથુરદાસ**ની કારકિર્દીની કીર્તિપર કળશ ચઢાવવા સમાન છે. અને એમની તથા એમના ભાઇઓની કાર્યદક્ષતા, કુશળતા અને કુનેહનો જવલંત પુરાવો છે.

મીલીંગ ઉદ્યોગમાં **રાવબહાદુર વિસનજી**ને અમુક સંયોગોને લીધે ઝંપલાવવું પડયું હતું. પરંતુ તે કાઇ એવી સુમંગળ ઘડીએ બન્યું હતું, કે આજે સાઠ સાઠ વર્ષો થયાં એ ઉદ્યોગ એમના કુટુંબને કલ્પવૃક્ષની માફક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમધુર ફળો આપી રહ્યો છે. અત્રે એટલું વિસરવું ન જોઇએ કે પિતાએ વાવેલા એ વૃક્ષને ઉછેરી તેની અત્યારની સધ્ધર સ્થિતિ પર લાવવાનો યશ **સર મથુરદાસ** અને એમના ભાઇઓને ફાળે જાય છે.

મેસર્સ ધી બોમ્બે કું. લી. તથા મેસર્સ વોલેસ એન્ડ કું. લી. સાથેના રાવબહાદુર વિસનજીના સંબંધ વિષે આગળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે; એવો જ મીઠો અને ગાઢ સબંધ સર મથુરાદાસે પોતાની હયાતી સુધી જાળવી રાખ્યો હતો. અને આજે લગભગ નેવું વર્ષો થયાં જેવોને તેવો સંબંધ સર મથુરાદાસના સુપુત્રો તથા કુટુંબીઓનો ચાલુ છે.

સર મથુરાદાસે અનેક જોઇન્ટ સ્ટોક કંપનીઓમાં ડાયરેકટર અથવા ડાયરેકટરોની બોર્ડના ચેરમેન તરીકે વર્ષો સુધી કામ કર્યું છે, અને તેમ કરી દેશના વિવિધ ધંધા ઉદ્યોગોના વિકાસમાં પોતાનો કિંમતી ફાળો આપ્યો છે. બધી કંપનીઓનાં નામો ગણાવતાં લેખનો વિસ્તાર વધી જવાના ભયથી મુખ્ય મુખ્ય ગણી શકાય તેવી અમુકનાં નામ નિર્દેશ કરૂં છું. ધી લક્ષ્મી કોટન મેન્યુફેકચરીંગ કું. લી., ધી વિષ્ણુ કોટન મીલ્સ લી., ધી બોમ્બે બર્મા ટ્રેડીંગ કોરપોરેશન લી., ધી સેંટ્રલ બેંક ઓફ ઇન્ડીઆ લી, ધી ઇમ્પીરીયલ બેંક, ધી એસોસીએટેડ સીમેન્ટ કું; લી., ધી બોમ્બે સાઈકલ મોટર એજન્સી લી, વિગેરે વિગેરે.

મુંબઇના રૂના ધંધાને વ્યવસ્થિત કરવા માટે સર મથુરાદાસે કેટલાક મોટા રૂના વેપારીઓ સાથે મળી ધી ઇસ્ટ ઇન્ડીયા કોટન એસોસીએશનની સ્થાપના કરી હતી. અને અથાગ પરિશ્રમ લઇ તેના ધારાધોરણો અને બંધારણ ઘડયાં હતાં. અને એ સંસ્થાના પહેલા પ્રમુખ તરીકે એમની વરણી થઇ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂ બજારમાં સર મથુરાદાસ પ્રતિ શું દેશી કે શું વિદેશી દરેકે દરેક વેપારી પેઢીઓને ઘણું માન હતું, ખાસ કરીને એમના નિષ્પક્ષપાત અને પ્રમાણિક વર્તનને લઈને. જેથી અનેક વખત અંદર અંદરના ઝગડા અને મતભેદો એમની એકલાની લવાદી માટે વિના સંકોચે પેશ કરવામાં આવતા અને એમનો નિર્ણય બંને પક્ષોને એકસરખો માન્ય બનતો.

રૂની પરિક્ષાના તેઓ નિષ્ણાત ગણાતા. કહેવાય છે કે રૂનો નમુનો હાથમાં લઈને તથા તેને સુંઘીને તેઓ તે કયા પ્રદેશનું રૂ છે તે કહી શકતા. ઇ. સ. ૧૯૩૪માં સર મથુરાદાસ ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બરના પ્રમુખ ચુંટાયા હતા. અને ચેમ્બરના પ્રતિનિધિ તરીકે ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૩૮ સુધી તે વખતની વડી ધારાસભાના સભ્ય તરીકે નિમાયા હતા. ત્યાં દેશની અને વ્યાપારી આલમની સારી સેવાઓ બજાવી હતી.

ચેમ્બરમાં એમનું સ્થાન અનેરૂં હતું. વખતો વખત ઉપ-પ્રમુખની વરણી માટે રસાકસી જામતી. અને જુદા જુદા પક્ષો તરફથી પોતાના પક્ષના ઉમેદવાર માટે ઝુંબેશ ચાલતી. આવે પ્રસંગે સર મથુરાદાસની દરમ્યાનગિરી માગવામાં આવતી અને એમના નિર્ણયને સંપૂર્ણ માન આપવામાં આવતું.

મુંબઈના પોર્ટટ્રસ્ટની બોર્ડ પર એક ટ્રસ્ટી તરીકે અમુક વખત સુધી એમણે કામ કર્યું હતું.

પહેલા વિશ્વયુદ્ધ વખતે અનાજની બહુજ મોંઘવારી થઇ ગઈ હતી અને ગવર્નમેન્ટે રાહતના કંઇજ પગલાં લીધેલાં ન હોવાથી સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ અને અન્ય મિત્રો સાથે મળી, મોટી રકમ ઉઘરાવી મુંબઇમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચીપગ્રેન શોપ્સ.' (સસ્તા અનાજની દુકાનો) લગભગ બધા લત્તાઓમાં ખોલી હતી. અને પોતાના માણસો રોકી જુદે જુદે સ્થળેથી, ખાસ કરી બરમામાંથી લાખો ટન ચોખા આયાત કરી મુંબઈની મધ્યમ અને ગરીબ વર્ગની જનતા ને સસ્તે ભાવે અનાજ પુરૂં પાડ્યું હતું.

ઇ. સ. ૧૯૨૦–૨૧ની સાલમાં કે તેની આસપાસની સાલમાં અહમદ-નગર જીલ્લામાં દુષ્કાળ પડતાં **સર મથુરાદાસે** લાખોની રકમ ઉઘરાવી તેની બધી વ્યવસ્થા જાતે કરી હતી, અને હજારો દુષ્કાળ પિડિત લોકો તથા ઢોરોના પ્રાણ બચાવ્યા હતા. આ રાહતકાર્ય લાંબા વખત સુધી ચાલુ રહ્યું હતું.

ઇ. સ. ૧૯૨૯–૩૦ માં મુંબઇમાં કોમી હુલ્લડો ફાટી નિકળતાં સર મથુરાદાસે મુંબઈની તમામ હિંદુ કોમને રાહત અને આશ્રય આપવા માટે સારું ફંડ ઉઘરાવી રાહત કેન્દ્ર ખોલી જીવને જોખમે બધે સ્થળે ફરી અવિશ્રાંત શ્રમ કર્યો હતો, અને હજારો લોકોને આશ્રય આપી તેમના જાન માલ બચાવ્યા હતા. અને કાયમને માટે **હિંદુ સંરક્ષણ મંડળની** સ્થાપના કરી હતી. **હરિજન સેવક સંઘની** મુંબઈ ખાતે સ્થાપના કરી તેના પ્રમુખ તરીકે લાંબા વખત સુધી કામ કર્યું હતું. અને હરિજનોદ્ધાર અને ખાસ કરીને તેઓના બાળકોને કેળવણી અપાવવામાં સહાયતા કરી હતી. છેવટે જ્યારે પોતાની પ્રવૃત્તિઓ સંકોચી લીધી, ત્યારેજ આ સંસ્થામાંથી પણ તેઓ નિવૃત્ત થયા હતા.

સર મથુરાદાસે અનેક ધર્માદા ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે અને ઘણાખરામાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પોતાની સેવાઓ અર્પી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે અનેક ધર્માદા સંસ્થાઓને અને ખાસ કરી કેળવણી વિષયક સંસ્થાઓને લાખોનાં દાન કર્યાં છે. અને સેંકડો બલ્કે હજારો ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપી વિદ્યાદાન કર્યાં છે.

તેઓ શેઠ ગોકળદાસ તેજપાલ ચેરીટીઝ ટ્રસ્ટની બોર્ડના ચેરમેન હતા. દાદર એજ્યુકેશન સોસાયટી તથા અંધેરી એજ્યુકેશન સોસાયટીના સ્થાપક અને ચેરમેન હતા.

એમનો દાનનો પ્રવાહ એટલો વિસ્તીર્ણ અને વેગવંત હતો, કે જેનો સરવાળો કરવા જતાં લાખોનો આંક આવે, પણ આગળ કહેવામાં આવ્યું છે તેમ એમને પોતાના કાર્યોની પ્રસિદ્ધિ થવા સામે સખત અણગમો હતો. તેઓ નામના મેળવવા ખાતર નહિ, પણ પરમાત્માપ્રિત્યર્થે પોતાનો ધર્મ સમજી ગુપ્તદાનો કરતા હતા.

કેટલાક શ્રીમંત અને એક વખતના સુખી લોકો દૈવયોગથી નબળી સ્થિતિમાં આવી જતાં તેવાઓને ફરી પગભર કરવા માટે એવી ગુપ્ત રીતે મદદ કરતા કે જે તેમના પોતાના સિવાય બીજા કોઇના જાણવામાં આવી શકતું નહિ.

એમણે જાહેરમાં ખૂબ ભાગ લીધો નથી. પણ જાણકાર મંડળો જાણે છે કે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય જંગમાં એમણે ગુપ્ત રીતે હજારો બલ્કે લાખોની મદદ કરી હતી. એ હકીકત અત્યારે જાહેર કરવામાં હવે વાંધો રહ્યો નથી. રાષ્ટ્રીય પત્રોને પણ એમણે લાખોની મદદ કરેલી છે. અને ભલે કોઇ એમની ગણના એમના સંજોગોને લીધે મુડીવાદીના વર્ગમાં કરે પણ જાણકારો જાણે છે કે અંતરથી તેઓ પક્કા રાષ્ટ્રવાદી હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ કહેવાઇ ગયું છે તેમ, જો કે સર મથુરાદાસને પ્રસિદ્ધિ અને જાહેર માન અકરામનો મોહ નહોતો, બલ્કે અણગમો હતો; છતાં સત્કાર્ય અને સદ્પ્રવૃત્તિઓની સુવાસ ઢાંકી રહી શકતી નથી. અને લાયકને લાયક માન મળે છે જ. એમના સંબંધમાં પણ એવું જ બન્યું છે.

મુંબઈ સરકાર તરફથી ઘણાં વર્ષો પહેલાં એમને **જસ્ટીસ ઓફ પીસ** તથા **ઓનરરી મેજીસ્ટ્રેટ** નિમવામાં આવ્યા હતા. **ઓનરરી મેજીસ્ટ્રેટ** તરીકે એમણે ઘણાં વર્ષો સુધી ચાલુ કામ કર્યું હતું. ઇ. સ. ૧૯૪૦ની સાલ માટે મુંબઈના **શેરીફ** તરીકે ચુંટાવાનું ઉમદા માન તેમને મલ્યું હતું.

ઇ. સ, ૧૯૪૨માં **બનારસ યુનિવર્સિટી** તરફથી તેમને **ડોક્ટર** (D. Lt.) નો ઓનરરી ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

ઇ. સ. ૧૯૪૩માં એમને **નાઇટનો** માનવંતો ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો.

એમના અવસાન બાદ અનેક વ્યાપારી અને કેળવણી વિષયક સંસ્થાઓ તરફથી શોક સભાઓ ભરવામાં આવી હતી અને મુંબઇનાં શહેરીઓની શેરીફે બોલાવેલી શોક સભા ટાઉન હોલમાં **સર કાવસજી જહાંગીર**ના પ્રમુખપદે મલી હતી. અને મુંબઈના અગ્રગણ્ય શહેરીઓ તરફથી **સર મથુરાદાસ**ના જાહેર કામોને તથા એમના ઉત્તમ ચારિત્ર્યને સ્મરણાંજલીઓ અર્પવામાં આવી હતી.

રાવબહાદુર શેઠ વિસનજી ખીમજી પોતાની નિવૃત્ત ઉત્તરાવસ્થામાં હંમેશ કોઈને કોઇ સાધુ સંતો, સન્યાસીઓ, વિદ્વાનો, ભક્તો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજનિકોને પોતાને ત્યાં લાંબો વખત વસાવી જ્ઞાનાનંદ અને ભક્તિસુધાનું પાન કરતા. પોતાના પુત્રોને પણ નાની વયથીજ ધર્મભાવના અને સંસ્કારો પ્રાપ્ત થાય એ વૃત્તિથી તેમને આવા પ્રસંગોમાં હાજર રાખતા. સર મથુરાદાસને એ પ્રમાણે ધાર્મિક જીવનનો વારસો પિતા તરફથી મલ્યો હતો. તેઓ પોતે પણ ધાર્મિક ગ્રંથોનું વાચન, મનન અને નિદિધ્યાસન ચાલુ રાખતા. અને વિદ્વાનો અને સંત મહંતોનો સમાગમ રાખી આધ્યાત્મિક જ્ઞાનનું અનુશીલન કર્યા કરતા. જો કે તેઓ સંપૂર્ણ નિવૃત્ત ઇ. સ. ૧૯૪૯માં થયા, પણ તેથી દશેક વર્ષ અગાઉથી જ પોતાની તમામ વહેવારિક પ્રવૃત્તિઓ તેમણે સંકોચી લીધી હતી અને વર્ષનો મોટો ભાગ લોનાવલાના પોતાના બંગલામાં નિવૃત્ત જીવનમાં ગુજારતા. ત્યાં હમેશાં સદ્ગ્રંથોનું વાચન અને શ્રવણ કરતા. એમને એ કાર્યમાં એમના લક્ષ્મી સ્વરૂપ ધર્મપત્નિ લેડી રતનબાઈ તરફથી પૂરતો સહચાર અને સહકાર મલતો. લેડી રતનબાઇ પોતે બહુશ્રુત હોવા ઉપરાંત ધાર્મિક વૃત્તિનાં છે. અત્રે પ્રસંગવશાત્ કહ્યા વિના નથી રહેવાતું, કે લેડી રતનબાઈ ગુંથણકળાના નિષ્ણાત છે. એમણે એ વિષયના ત્રણ ચાર પુસ્તકો ગુજરાતીમાં લખ્યાં છે; જેનાં મરાઠી તથા હિંદીમાં અનુવાદ થયા છે, અને હજારોની સંખ્યામાં તેનો ઉઠાવ થઈ રહ્યો છે.

સર મથુરાદાસ બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી પૂજાપાઠમાં બેસી જતા. અને બે ત્રણ કલાક સુધી પોતાના સ્વાધ્યાય ખંડમાં ધ્યાન ધારણામાં ગાળતા. તેજ પ્રમાણે સાંયકાળે પણ પૂજામાં બેસી બેત્રણ કલાક સુધી ધ્યાનસ્થ રહેતા. આ એમનો નિત્યક્રમ વર્ષોથી ચાલુ હતો.

આ પ્રમાણેના ધાર્મિક જીવનના યોગે એમનું સમગ્ર ઐહિક જીવન પરમ માનવતા ભર્યું બન્યું હતું. એમનામાં **वसुधैव कुटुम्बकम्** ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવના એટલી બધી ઓતપ્રોત થઇ હતી, કે કોઇનું પણ દુઃખ જોઇ તેઓ દ્રવી જતા. ગરીબ વિદ્યાર્થીઓ કે દુઃખી દીનજનોની મદદ માટેની માગણીઓના પત્રો વાંચતાં તેઓ ગદ્દગદ્દ થઇ જતા, એ આ લેખકનો જાત અનુભવ છે.

એમની દેહયષ્ટિ જો કે એકવડી હતી, છતાં એમને કોઇ પણ વખત લાંબી માંદગી આવી હોવાનું જાણુવામાં નથી. યુક્તાહાર વિહારમાં માનનારા હોવાથી પોતાનું શારીરિક સ્વાસ્થ્ય સારી રીતે જાળવી શક્યા હતા. અને પોતાની બધી પ્રવત્તિઓ સ્ફૂર્તિપૂર્વક કરી શકતા હતા. છેવટના દિવસોમાં તાવ અને ખાંસીની વ્યાધી થઇ હતી. અને લાંબો વખત ચાલી હતી. માંદગીના સમયમાં સ્વસ્થપણે તેઓ કેમ જાણે ધ્યાનસ્થ હોય તેમ મૌન રહેતા. આખરે તા. ૨૨-૧૨-૧૯૪૯ ને દિવસે એમનું દુઃખદ દેહાવસાન થયું.

સર મથુરાદાસની નાની વયમાંજ ત્રણચાર પત્નિઓ સ્વર્ગસ્થ થઇ હતી. ત્યારબાદ એમનો લગ્ન સંબંધ હાલના લેડી રતનબાઇ સાથે થયો હતો, તે સુદીર્ઘ અને સુખમય નિવડયો હતો. એમનાથી સર મથુરાદાસને શેઠ રતનસી (પાછળથી શેઠ કરશનદાસને દત્તક આપેલા) અને શેઠ પ્રતાપસિંહ જેવા પુત્ર રત્નો સાંપડયા હતા. પ્રથમ પત્નિથી એમને એક પુત્રી અ. સૌ. બહેન લક્ષ્મીબાઇ (બણુ બેન) જનમ્યાં હતાં, જે અત્યારે હયાત છે. **સર મથુરાદાસ**ના લઘુ બંધુ શેઠ કરશનદાસ પણ પોતાના પિતા અને જ્યેષ્ઠ બંધુને પગલે ચાલી અનેક ધર્મદાનો, ખાસ કરી કેળવણીના ક્ષેત્રમાં કરે છે. અને તેમ કરી પોતાની સંપત્તિનો સુવ્યય કરે છે. એમનું કૌટુમ્બિક જીવન સુખી હતું. તેઓ પોતાની પાછળ અને પોતાના ભાઇઓને ત્યાં પુત્રો, પૌત્રો અને પૌત્રીઓનો ફાલ્યો ફાલ્યો વંશ વેલો મુકી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર મથુરાદાસ જેવી મહાન વ્યક્તિની અર્ધી સદી જેટલા સુદીર્ઘ-કાળાવધીમાં પસાર કરેલી બહુરંગી કારકિર્દીનું 'સ્મારક ગ્રંથ' માટેના લઘુ લેખમાં સવિસ્તર આલેખન કરવું એ ગાગરમાં સાગર સમાવવા જેટલું અશક્ય છે.

સર મથુરાદાસની આગળ વર્ણવેલી સિદ્ધિઓ અને સફળતાઓ છતાં તેઓ નિરાભિમાનની સાક્ષાત મૂર્તિસમા હતા. નમ્રતા અને સાદાઈના પ્રત્યક્ષ પ્રતીક સમા હતા. એમનામાં ભલમનસાઈ અને વિશ્વાસની માત્રા એટલા મોટા પ્રમાણમાં હતી, કે ઘણી વખત તેનો અયોગ્ય લાભ લેવાતો. પણ તેમને તેનો ખેદ નહોતો. સત્યપ્રેમ અને પ્રમાણિકપણું એમના જીવનના ધ્રુવતારાઓ હતા. એમનામાં એટલા બધા દૈવીગુણોનો સમુચ્ચય થયો હતો, કે જે ગણી બતાવતાં મારા જેવા તેમની સાથે અંગત સંબંધ ધરાવનારને સ્વાભાવિક રીતે સંકોચ કરાવે છે.

મારું "**લક્ષાધિપતિ હોઉં તો**" નામનું નાટક મેં એમને અર્પણ કર્યું હતું. તેના અર્પણમાં, તેમની ગુણગાન પ્રત્યેની અરૂચીને ધ્યાનમાં રાખીને મેં એટલુંજ લખ્યું હતું કે, "સહસ્રરશ્મિ સવિતાને દીપક શો પ્રકાશ આપી શકવાનો હતો? તેમ જેમની કીર્તિકૌમુદી સદૈવ પ્રકાશી રહી છે, એવા પ્રસિદ્ધની શી કરવી પ્રશસ્તિ!" આજે એજ પંક્તિનું અત્રે પુનરૂચ્ચારણ કરી વીરમું છું.

ખટાઉ વલ્લભજી જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકમાં એક જ

ભાટિયા જ્ઞાતિએ જે અનેક નરરત્નો અને દાનવીરો દેશને ચરણે ધર્યાં છે, તેમાં શેઠ શ્રી મથુરાદાસ વિસનજી ખીમજીનું નામ અને સ્થાન ઘણું આગળ પડતું છે.

જીવનના અનેક અટપટા અનુભવો અને સુખ–દુ:ખનાં મન્થનોએ ઘડાઇને તૈયાર થયેલ શેઠશ્રી સમુદ્ર જેવા અક્ષુબ્ધ અને મર્યાદાબદ્ધ, અગાધ અને અમાપ હતા.

હિમાલય જેવા અડગ અને અચલ હતા,

દુનિયાનાં ઝેર પી પીને લગભગ મૌનવ્રતી જેવા હતા;

અને જ્યારે બોલતા ત્યારે જોઇતું જ અને જોઈતા જ અર્થવાળું મીન–હિત જ બોલતા.

તેમની પ્રસન્નતા પરિણામથી જ પરખાતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધ ભ્રૂભંગથી જ કળાતો;

નેહ નયનથી જ નક્કી થતો,

મમતા માર્દવથી માપી શકાતી.

દાન કરવામાં **प्रदानं प्रच्छन्नं**

જમણો હાથ કરે તે ડાબા હાથને ખબર ન પડે.

અને **दानं प्रियवाक्सहितं**

જેને દાન મળે તે સન્માન પૂર્વક અને મિષ્ટ વચનોથી યુક્ત દાન પ્રાપ્ત કરે, એ શેઠશ્રીની વિશિષ્ટતા હતી.

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયને બાદશાહી દાન હોય,

કે કોઇ અજ્ઞાત સંસ્થાને અલ્પ દાન હોય;

પણ એ બધાં વિશિષ્ટતા પૂર્વકનાં જ.

વ્યવહાર દક્ષતા અને વ્યાપાર કુશળતા,

દીર્ઘ દ્રષ્ટિ અને કુશાગ્ર બુદ્ધિ,

અસીમ શકિત અને ઠરેલપણું;

આ બધાંથી તેઓ વ્યાપારીઓમાં, સ્નેહી મિત્રોમાં, રાજદ્વારે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારમાં અને જાહેરજીવનમાં સદાય લબ્ધપ્રતિષ્ઠ અને ખ્યાતનામા રહી શક્યા હતા.

રાજામહારાજાઓ એમની સલાહ લેતા.

વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ એમનાં માર્ગદર્શને વ્યાપાર–વૃદ્ધિ અને વિકાસ સાધતા.

કેટલાયે કૂટ પ્રશ્નોમાં સરકાર તેમનો સાથ શોધતી.

સ્નેહીમિત્રો તેમની છત્રછાયા નીચે અનેક મુશ્કેલ પ્રશ્નોનો તોડ લાવી શકતા.

આમ અનેક પ્રકારે તેઓ પોતાના જીવનનાં અનેક પાસાંઓને ઉજ્જવળ કરી શક્યા હતા.

અંગ્રેજ સરકારની કરડી આંખ સામે મહાત્માજી સાથેનો તેમનો ઘનિષ્ઠ સંબંધ અને મહાત્માજીના ઉપવાસ વખતે તેઓએ ઉઠાવેલી જહેમત એ કંઈ નાનીસુની બાબત ન હતી.

હૃદય હંમેશ ભક્તિનમ્ર રહેતું. અનેક સાધુ–સન્યાસીઓને આશ્રય આપી સંપર્ક સાધતા હોવાથી છેલ્લે છેલ્લે યોગસાધના તરફ તેમનુ મન ઢળ્યું હતું.

તેઓ ખરેખર યોગી જ હતા.

અનેકમાં એક જ એવા એ મહાન મનુષ્ય હતા.

પ્રાણજીવન માણેકચંદ મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. સર મથુરાદાસની મુંબઇના શેરીફપદે વરણી થયા બાદ, પ્રતિષ્ઠિત નાગરિકો અને અગ્રગણ્ય વેપારીઓ તરફથી શહેરના આગેવાન વેપારી સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસના પ્રમુખપદે ધી ક્રિકેટ કલબ ઑફ ઇન્ડિયામાં તા. ૨૨-૧-૧૯૪૦ ના દિને તેઓશ્રીના સન્માનમાં યોજાએલ સત્કાર-સમારંભ વખતે લેવાએલ તસ્વીર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સજ્જનોને સામેની વ્યક્તિમાં રહેલા દોષો
પણ ઉત્તમ ગુણ રૂપે જ દેખાય છે,
તેવા સજ્જનોને આ પૃથ્વિ પર
નમસ્કાર હો.

વિરલ વૈષ્ણવ જન

★

જે સજ્જનોનો વહેવાર સર્વ મનુષ્યોને પ્રિયકર હોય છે, જે સ્વભાવથી જ કલ્યાણકારી બુદ્ધિવાળા હોય છે, નિર્દોષ આચરણ વડે જે સર્વને અત્યંત વહાલા લાગે છે, પરોક્ષ અને અપરોક્ષમાં જેનું વર્તન એકરૂપ હોય છે, એવા સત્પુરુષોનું જીવન આ મનુષ્યલોકમાં સર્વથા વિજયને પામે છે.

સાક્ષરોનો સમુદાય, સંતોનો સમાજ, રાજદ્વારીઓની રંગભૂમિ અને સમરાંગણમાં શત્રુ દલની શોણિત ધારાઓથી તલ્વારને તૃપ્ત કરનારી મહારાષ્ટ્રની વીર ભૂમિ ઉપર જેમ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે, વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીના ગુરુદેવ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે, મૃગશીર્ષ અને કર્મ યોગ શાસ્ત્રના અદ્વિતીય પ્રણેતા રાજદ્વારી વિષયના પ્રખર પંડિત તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતભૂમિની સ્વતંત્રતા માટે બ્રીટીશ સલ્તનતના પાયાને મૂળમાંથી ઉખેડી નાખવા માટે બલિવેદી પર પોતાના તન, મન, ધનને સ્વાહા કરવાવાળા લોકમાન્ય તિલક વિગેરેએ પુના અને મુંબઇને શ્રી અને સરસ્વતીની વિહાર ભૂમિ રૂપે પ્રકાશિત કરી; તેમ કચ્છ, કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ની ઇતિહાસ પ્રસિદ્ધ વીર ભૂમી પર જન્મેલા યદુવંશી ભાટિયાઓએ પણ હિન્દુસ્તાનના ઉદ્યોગપતિઓમાં સરસ ફાળો આપીને કાર્યદક્ષતાનો કીર્તિ કલશ ચડાવ્યો છે.

એમાં શેઠ ગોકલદાસ તેજપાલ, શેઠ ખટાઉ મકનજી, શેઠ પ્રાગજી ઠાકરશી વિગેરે ગૃહસ્થોનાં નામો ઘણાંજ આગળ પડતાં દેખાય.

હાલાર પ્રદેશાન્તર્ગત "જામ ખંભાળીઆ" ગામમાં જન્મ ધારણ કરી ભાટિયા જ્ઞાતિ ભૂષણ રાવબહાદુર શેઠ શ્રી વિસનજી ખીમજી શેઠે "યા હોમ કરી પડો ફતેહ છે આગે" એ નર્મદ કવિની વીરવાણીને ચરિતાર્થ કરવા મુંબઈમાં આવી પોતાની કાર્યદક્ષતા, પ્રભાવ, વ્યાપારી કુનેહ, અને વાણી વર્ચસ્વના બાહુલ્યથી વેપારી આલમમાં સૌની મોખરે આવી પ્રતિષ્ઠા અને પૈસો પ્રાપ્ત કર્યો.

સંકટ સમયમાં સ્વોપાર્જિત સંપત્તિનો છુટે હાથે ઉપયોગ કરી જનતાની સેવા કરવાનો કોઇ અવસર તેઓએ જવા દીધો નહોતો. ભેદભાવ વિનાની માનવ જાતિની અપૂર્ણ સેવાનો યજ્ઞ તેમના પૂણ્યશાળી હાથો વડે અવિરત ચાલુ રહ્યો હતો. મુંગાં પ્રાણીઓની સેવામાં પણ તેમણે કચાસ નથી રાખી. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ, બંગાળ વિગેરેના વ્યાપારીઓમાં તેઓની પ્રતિષ્ઠા અને પ્રભાવ ખૂબ જ હતાં. અંગ્રેજ સરકારે તેમની સેવાઓ જોઇ 'રાવબહાદુર' વિગેરેની માનવતી પદવીઓથી તેઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભૂષિત કરી માન આપ્યું હતું. દીન, અનાથો માટે તેઓની ભારે સેવાઓ નોંધવા યોગ્ય છે. જામનગરમાં સદ્ગુરૂદેવ શ્રી રામપ્રસાદજી મહારાજશ્રીની પુનિત પ્રેરણાથી શ્રી આણુદાબાવા અનાથ બાલાશ્રમની સ્થાપનામાં પૂર્ણ સહકાર આપી આ રીતે અનાથ બાલકોની ઉત્તમોત્તમ સેવા કરી તેઓએ પોતાનું નામ અમર કર્યું.

સદ્ભાગી પુણ્યશાલીઓના પુત્ર પિતાને પગલે ચાલનારા હોય છે, તેમ પુણ્યમૂર્તિ વિસનજી શેઠના આત્મ જ શ્રી મથુરાદાસ શેઠે તથા શેઠશ્રી કરશનદાસ શેઠે ધર્મ, નીતિ અને ઉદારતાના આદર્શને પ્રતિદિન અપનાવવામાં જીવનની શ્રેષ્ઠતા માની છે. પિતાની લક્ષ્મીને સત્પુત્રો વધારતા રહે છે. તેમજ બન્નેએ કીર્તિને ક્યાંય ઝાંખપ લાગવા દીધી નથી. રામ લક્ષ્મણની જોડી સમા ઉભય ભ્રાતાઓએ પિતાની લૌકિક લક્ષ્મીને તથા અલૌકિક લક્ષ્મી–ધર્મ સંપત્તિને વધારવામાં ખૂબ જ દક્ષતા વાપરી છે. જામનગરના શ્રી આણુદાબાવા અનાથ બાલાશ્રમના પાયાઓ તેઓશ્રીએ જ ખરેખર સુદૃઢ કર્યા છે.

મથુરાદાસ શેઠનું વ્યક્તિત્વ અનેરૂં હતું. પ્રત્યેક શુભ કાર્યમાં તેઓ સફળતા મેળવતા. અનેક વિકટ સમસ્યાઓના સમાધાન તેમના યશસ્વી હાથે થયાં છે. વેપારી તરીકે તેમની પ્રતિભા વિખ્યાત હતી. ધર્મ કાર્યમાં તેઓ અગ્રેસર રહેતા. ઉદારાત્મા તરીકે ટચલી આંગળીને ટેરવે તેમનું નામ મુકાતું.

ધર્મનાં તત્ત્વોને તેમણે જાણ્યાં હતાં. બ્રહ્મનિષ્ઠ–બ્રહ્મ શ્રોત્રિય સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીને તેઓ પોતાના આધ્યાત્મિક વિષયના ગુરૂ માનતા. ભારત બહારના ભૌતિકવાદને માનનારા આત્મવિમુખ વૃત્તિવાળા પાશ્ચાત્ય દેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસીઓનો પોતાનો સંબંધ હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન વૈદિક ધર્મ પ્રત્યેનો તેમનો પ્રેમ અનન્ય હતો.

અમારી સાથે તેમની ધર્મ વિષયક ચર્ચા ચાલતી ત્યારે તેઓ એક વિતરાગ જેવા અમને માલુમ પડેલા. મુખાકૃતિપર અદ્વૈત ભાવનો પ્રકાશ અહર્નિશ જોવામાં આવતો ચિત્તના દોષોએ તેમની પાસેથી વિદાય માગી લીધી હતી.

तत्-त्वम्–અને असि, પદોના વાચ્યાર્થ તથા લક્ષ્યાર્થ તેઓ સમજી ચૂક્યા હતા. છેલ્લાં બે વર્ષ તેમણે શ્રવણ, મનન, અને નિદિધ્યાસનના સાત્વિક અનુષ્ઠાનમાં વિતાડેલાં હતાં. ૐ પ્રણવ પાવનકારી જપ તેમને બહુ પ્રિય હતો. મોટર, રેલ્વે અગર વાયુયાનમાં પ્રણવની ધૂન તેમના હૃદયમાં અવિરત ચાલી રહેતી. સર્વ ઉપર સમાન ભાવ એ તેમનો નૈસર્ગિક ગુણ હતો. "आत्मवत् सर्व भूतेषु" નું સુત્ર તેઓએ પોતાના જીવનમાં ઓતપ્રોત કરી દીધું હતું.

એમનો ભૌતિક દેહ આજે આપણી નજરથી અદ્રશ્ય થયો છે, પણ તેમનાં શુભ કાર્યો અને સ્નેહ આપણાથી વિસાર્યાં કેમ વિસરે ?

—મહંત માયાપ્રસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય – એક ચેતન તત્વ છે.
એનો સતત ચેતના–પ્રવાહ, એ એક સૃષ્ટિ નિયમ છે.
અનાદિ કાળથી અધુરાં કાર્યોનો વારસો પિતાઓ પુત્રોને આપતા રહ્યા છે.

જીવન સંદેશ

સર મથુરાદાસને એમના સમસ્ત જીવનના સાર રૂપ 'જીવન સંદેશ' વિષે કોઇએ પૂછ્યું હોત તો જવાબ એક જ મળત. "કર્મને જ અધિકાર માની જીવનભર કાર્ય–રત રહો."

શ્રીમંત કુટુંબમાં જન્મ લઇ તેમનું ઉચ્ચ શિક્ષણ તેમના પિતાજી સદ્દગત રા. બ. વિસનજી ખીમજીની દેખરેખ હેઠળ થયું. વખત જતાં વેપારમાં જોડાયા. વારસાગત વેપાર ઉદ્યોગ અનેક પ્રકારના હતા. કાર્યદક્ષતાથી એમણે એનો અનેકગણો વિકાસ કર્યો. વ્યાપારિક ક્ષેત્રે અસંખ્ય યુવાનોના એ માર્ગદર્શક બની રહેતા.

સર મથુરાદાસની કુટુંબ સેવા, જ્ઞાતિ સેવા, અને દેશ સેવા અનુકરણીય છે. તેમની નિષ્કામ સેવાવૃત્તિથી, તેમનું જીવન આધ્યાત્મિક બન્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન સંપન્ન હોઇ તેઓ અનેકવિધ, પ્રજા ઉપયોગી સંસ્થાઓને પોષણ અને પ્રોત્સાહન આપતા. સરકાર દરબારમાં તેમની સારી ખ્યાતી હતી.

સંસારમાં રહીને પણું જીવનને અલિપ્ત રાખી શકયા હતા. તેમણે મનુષ્ય જીવનનો ખરો અર્થ સમજી સદાય પોતાની ફરજ બજાવી છે.

જયારે પણ શહેરમાં કે દેશમાં સંકટ ઉભુ થતું ત્યારે મથુરાદાસભાઇ તન, મન, ધનથી સેવા કરી છૂટતા.

સર મથુરાદાસમાં મોટો ગુણ હતો–સારૂં લેવાનો. તેમણે યુરોપનો પ્રવાસ કુટુંબ સાથે બે વખત કર્યો હતો. અને ત્યાંની પ્રજાના ઘણા સારા ગુણો લીધા હતા અને અન્યોને લેવા કહેતા. તાલીમબધ્ધ થવું, નિયમિત થવું, આરોગ્ય જાળવવું વિગેરે.

મથુરાદાસભાઇએ સ્ત્રી શિક્ષણમાં પણ સુંદર સહાય અને સહકાર આપ્યાં છે.

પાંચેક વર્ષ પૂર્વે ભાટિયા સ્ત્રી મંડળને તેમના સ્વ. પિતાજી રા. બ. વિસનજી શેઠના સ્મર્ણાર્થે રૂા. ૬૫૦૦૦)ની મુડી આપી મંડળની શિક્ષણ પ્રવૃત્તિને એમણે વેગ આપ્યો. આ મુડી સાથે મંડળે બીજી મુડી જમા કરીને "રા. બ. વ. ખી. ઉદ્યોગ મંદિર" શરૂ કર્યું. જ્યાં આજે બહેનો કલા કૌશલ્યનું શિક્ષણ લઇ સ્વમાની જીવન ગાળે છે. મંડળને ઘણી રીતે સલ્લાહ આપતા અને કાર્ય કેમ આગળ વધે તેની કાળજી રાખતા. એમના અવસાનથી મંડળને એક ખરા ઉત્સાહી હિતચિંતકની ખોટ પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ભાઇ મથુરાદાસનું જીવન છેલ્લાં વર્ષો દરમ્યાન ઘણુંજ આદર્શ લાગ્યું હતું. લોનાવલામાં તેમનો બંગલો અને મારૂં નિવાસસ્થાન બાજુમાં જ છે. આમ હોઇને મને તેમનું નિત્ય–જીવન નિહાળવાના ઘણા પ્રસંગો મળી રહેતા.

એમનો જીવનક્રમ હતો હરિસેવા, હરિભજન અને ધર્મગ્રંથોનું વાચન. આંખો નબળી હોઇને વાંચવાનું તેમનાથી બની શકતું નહિ. તેથી તેમનું વાચન કાર્ય તેમનાં સહ–ધર્મચારિણી પત્ની શ્રી. રતનબેન કરતા. પતિની સેવામાં તત્પર એવા શ્રી રતનબેન હમેશાં ભાઇ મથુરાદાસને પોતાની અશક્તિથી જરા પણ ખિન્નતા ન આવે તે માટે દક્ષ રહેતા, અને આધ્યાત્મિક જીવનમાં પતિને સહકાર આપતા.

પતિ અને પત્ની સહકાર કરી આવું આદર્શ જીવન જીવે એ એક ઉજળું ઉદાહરણ છે.

આપણે ઇચ્છીએ કે સ્વતંત્ર ભારતમાં સ્થળે સ્થળે ગૃહજીવન આવાં આદર્શમય બની રહે.

– બચુબેન ધર્મસિંહ ઠક્કર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌરવશીલ છતાં હરહમેશ નિરાભિમાની,
સંપત્તિ-સ્વામી છતાં સર્વના સાચા સેવક,
વૈભવ અને વિલાસ છતાં વિતરાગ સમા-
સદાય

વિરક્ત જીવાત્મા

કોઈનું જીવ્યું સાર્થક તો ત્યારે જ ગણાય, કે જ્યારે તેણે પોતાની જિંદગીમાં કેટલાએ દુખી અને પિડિતોનાં દુખ નિવારણ કર્યાં હોય. જેનો નશ્વર દેહ પંચભુતમાં મળી ગયા પછી, જેને સહુ કોઇ નિસ્વાર્થ ભાવે સંભારે. આવી વ્યકિતઓ વિરલ હોય છે. તેઓનો જીવન ક્રમ ભને સંસારની માયાની પ્રવૃત્તિઓથી ઓતપ્રોત હોય, છતાં તેઓનાં અંતરમાં દુખીઓનાં દુખ નિવારણાર્થે પોતાનાં તન, મન અને ધનનો શકય તેટલો ભોગ આપવાની વૃત્તિ અને વર્તનની જ્યોત સદાએ જલતી રહે છે.

આવી વ્યક્તનાદેહાં તથી તેઓનાં સગાં સંબંધી કે આપ્તજનો જ નહિ, પરંતુ બહોળા જનસમુદાયને એક સાચા પરદુખભંજનની મોટી ખોટ પડે છે.

ચાલુ જમાનામાં, જ્યારે આવી ઉદાત્ત અને સનાતન ભાવનાવાળા સખાવતી અને સેવામૂર્તિના ઉદ્દ્ભવ માટેની પ્રેરણા અને સંસ્કારનો તદ્દન અભાવ પ્રવર્તે છે, ત્યારે આવી વ્યકિતની ખોટ લાંબા સમય સુધી પુરાતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મથુરાદાસ વિસનજી ખીમજી આવા એક અત્યંત વિરલ પુરુષ હતા. વીસમી સદીના ઘોંઘાટ, જાહેરાત અને પ્રશંસાના યુગમાં, જેના નામની તેમજ જાહેર કાર્યની જાહેરાત ન થઇ હોય, તેઓના કાર્યની સંગીનતાનો ખ્યાલ, સૌ કોઇને કદાચ નહિ પણ આવે, પરંતુ જેમ ચંદન વૃક્ષ પોતાની સુવાસની જાહેરાત કરવા પ્રયત્ન કરતું ન હોવા છતાં, તેનું અસ્તિત્વ છાનું રહેતું નથી, તેમ આવી વ્યકિતઓના પ્રભાવ અને પ્રકાશ, આપ મેળે ફેલાતા રહે છે. શ્રી. મથુરાદાસ શેઠ આવી જાહેરાતો જરાએ પસંદ કરતા નહિ, એટલે તેઓ પોતાનાં જાહેર કાર્યોની પ્રસિદ્ધિનો અવરોધ કરતા.

આવી વિરલ વ્યકિતના આદર્શ જીવનનો ઉલ્લેખ માત્ર તેઓને શ્રદ્ધાંજલી અર્પવાનો હોતો નથી. પણ તેના વાચનથી તેમના જેવી સ્થિતિના દેશના ઘણાંએ સદ્‌ભાગીઓમાંથી થોડાઓ પણ તેમને માર્ગે ચાલી, જનતાનું ઐહિક અને પોતાનું પારલૌકિક હિત સાધવાની પ્રેરણા મેળવે, એ હોય છે.

ઓગણીસમી સદીની છેલ્લી પચ્ચીસીમાં મુંબઇના એક સનાતની ભાટિયા ખાનદાન કુટુંબમાં જન્મ લઈ, તેઓના વ્યવહાર કુશળ અને કડક શિસ્તપાલનના હિમાયતી અને પ્રાગતિક વ્યાપારી પિતાશ્રી શ્રી. વિસનજી ખીમજીની તાલીમથી તેમને કુનેહ, વ્યવસ્થા શકિત અને બંધુત્વના પાઠ મળ્યા. તેઓના પિતાશ્રીએ સ્થાપેલી વિસનજી સન્સની પેઢીના સંચાલનનો ભાર તેમણે પિતાશ્રીની હયાતીમાં કુશળતાથી ઉપાડી લઇ, પોતાની કાબેલિયત સિદ્ધ કરી. સ્વ. શ્રી વિસનજી શેઠનું ૧૯૧૫માં અવસાન થયું ત્યાં સુધી મથુરાદાસ શેઠની ઉદાત્ત ભાવનાઓ અને વિવિધતા પૂર્ણ શકિતઓનો ખ્યાલ, માત્ર નિકટના સિવાય બીજાઓને આવ્યો નહિ. પરંતુ તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૂંક સમયમાં તેમણે કુશાગ્ર બુદ્ધિ અને વ્યવહાર કુશળતા તેમજ અસાધારણ શાણપણથી પોતાની પેઢીને મુંબઈ તથા દેશાવરના બજારોમાં સર્વોત્કૃષ્ટ કક્ષાની આંટ અને પ્રતિષ્ઠા સંપાદન કરાવી આપ્યાં.

વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં પહેલેથી તેઓ મુંબઈના રૂ બજારના અગ્રણી હતા. તેનાં છેલ્લાં ૫૦ વર્ષનાં ઇતિહાસ અને ખિલવણીમાં તેઓશ્રીનો સંગીન હિસ્સો છે. તેઓ કાપડની મીલોના ઉદ્યોગમાં એક આગેવાન હતા. અનેક મોટી મીલોનાં સંચાલન તેમને હસ્તક હતાં. હિંદમાં લોટની મોટી મીલોની શરૂઆત તેમના પિતાશ્રીએ સ્થાપેલી વોલેસ ફ્લોર મીલથી થઈ હતી, તે મીલને તેમણે એશિયાની અગ્રગણ્ય ફ્લોઅર મીલ બનાવી પોતાની કુશળતાની પ્રતિતી કરાવી. દેશના આર્થિક ક્ષેત્રે તેમની ઊંચી પ્રતિષ્ઠા હોવાથી, તેઓ ઇમ્પીરીઅલ બેન્ક ઓફ ઇંડિઆ તેમજ સેંટ્રલ બેન્ક ઓફ ઇંડિઆ લી. ના વર્ષો સુધી ડાયરેક્ટર હતા. તેઓએ ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરંસ કંપની ની સ્થાપના કરી, એ ક્ષેત્રમાં પણ સ્વદેશી વ્યવસાયને સ્થાપવામાં સુંદર ફાળો આપ્યો. એ ઉપરાંત નવા ઉદ્યોગોની સ્થાપનામાં તેમણે હાર્ડવેરની ચીજો બનાવવા માટે ધી એકમી મેન્યુફેક્ચરીંગ કંપનીની સ્થાપના કરી હતી. અને ફળો ઈ. ને લાંબો સમય જાળવી રાખવાના **fruit canning** ઉદ્યોગની એક મ્હોટી કંપની–મધુ કેનીંગની તથા પ્લાઇવુડ બનાવવાનું કારખાનું–ઇન્ડીઅન પ્લાઈવુડ મેન્યુફેક્ચરીંગ કંપનીની સ્થાપના માટેની પ્રેરણા અને માર્ગદર્શન તેઓનાં હતાં. આ સઘળી કંપનીઓ આજે તેઓના ક્ષેત્રમાં આગેવાન ગણાય છે. દેશમાં જુદા જુદા હુન્નર ઉદ્યોગોની સ્થાપનાના તેઓ પ્રખર હિમાયતી હતા, અને તે માટેના પ્રયાસોને તેઓ પ્રોત્સાહન આપતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૮૫ માં ઈન્ડીઅન નેશનલ કોન્ગ્રેસની સ્થાપના થઇ, તેના પ્રથમ સભાસદોમાંના એક તેમના પિતાશ્રી હતા. એટલે તે સમયના જાહેર આંદોલનોના પ્રવાહોની ઊંડી અસર તેઓ ઉપર પહેલેથી પડી હતી. તેઓ એક પ્રખર રાષ્ટ્રવાદી હતા. જો કે રાજકીય કાર્યકર તરીકે તેઓ બહાર પડ્યા નહિ, કારણ તેઓને એક મોટી વ્યાપારી સંસ્થાનો ભાર વહેવાનો હતો, છતાં તેમણે છેવટ સુધી રાષ્ટ્રીય લડતોને સંગીન ટેકો આપ્યો હતો. રાષ્ટ્રીય લડતો દરમ્યાન તેમણે લાખોની અપ્રકટ મદદ કરી હતી. તિલક સ્વરાજ્ય ફાળો તેમજ વખતો વખતના રાષ્ટ્રીય ફાળાઓમાં તેઓ છુટા હાથથી અસાધારણ મદદ આપતા. તિલક સ્વરાજ્ય ફાળા માટે મહાત્માજી શ્રી. શંકરલાલ બેંકર સાથે મથુરાદાસ શેઠને મળવા દાદર ગયા, તે દિવસે મહાત્માજીનો મૌનવાર-સોમવાર હોવાથી, તેઓ મળવાનો ઉદ્દેશ ચિઠ્ઠી ઉપર લખવા લાગ્યા, ત્યાં તો મથુરાદાસ શેઠે તેમને લખતાં રોકી, એક મોટી રકમનો આંકડો એક પણ શબ્દના આગ્રહ વગર લખી આપ્યો, એ સ્વર્ગસ્થની પ્રખર રાષ્ટ્રીય ભાવનાનો એક સંગીન પુરાવો છે. તેમણે એ મોટી રકમ, તેના વપરાસ માટે કોઈપણ જાતની શરત વિના આપી હતી.

પ્રજાની ઉન્નતિ, કેળવણી પ્રચાર અને આર્થિક સુધારણા માટે એમને અત્યંત ધગશ હતી. કેળવણીના પ્રચાર માટે વર્ષો વર્ષ સંગીન રકમોની મદદ, સંખ્યાબંધ વિદ્યાર્થીઓને આપવાનું તેઓ ચાલુ રાખતા. તેઓની મદદથી કેટલાક માત્ર કેળવણી જ નહિ, પણ પરદેશ જઇ, ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યા હતા. તેઓની સહાયતાથી ઉચ્ચ કેળવણી પામનારાઓમાં કેટલાક તો દેશના રાજકીય તેમજ સેવા ક્ષેત્રમાં નામના મેળવનારાઓ છે. વિદ્યા પ્રચાર માટેનો તેમનો અદમ્ય ઉત્સાહ તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપેલી અનેક કેળવણી સંસ્થાઓમાં દેખાય છે. જેમાં મુંબઈમાં ધી ઇન્ડોઅન એજ્યુકેશન સોસાયટી, કે જે ધી કીંગ જ્યોર્જ સ્કુલ ચલાવે છે, તેમજ અંધેરી ગર્લ્સ હાઈ સ્કુલ અગત્યનાં છે. તેઓ ઘણી મોટી રકમનાં દાન આપતા, છતાં પોતાનું કે પોતાનાં કોઇનું નામ તે સંસ્થા સાથે જોડવાની તેમની વૃત્તિજ નહોતી, એ તેમની નિષ્કામ મૂંગી સેવાનું એક લક્ષણ છે. તેઓએ ભારત ભૂષણ પંડિત માલવીયાજીને બનારસ હિંદુ યુનીવર્સીટી માટે પહેલેથી જ સંગીન આર્થિક સહાય આપી અને અપાવી હતી.

દેશમાં રેલ, હોનારત, કે દુકાળ જેવી મોટી આફતો આવી પડતી, ત્યારે બીજા કોઇની રાહ જોયા વગર, તેઓ હિંમતથી આગળ પડી છૂટે હાથે અપ્રકટ આર્થિક સહાય આપતા. તેઓ પોતે નાણાં આપી છૂટતા એટલું જ નહિ, પણ તે માટે વધારે મદદ મેળવવા તથા તેની વ્યવસ્થાના કાર્યમાં છેવટ સુધી અથાગ પરિશ્રમ ઉઠાવતા. આવે ટાંકણે તેમની ઓફીસ એ રાહત સમિતિઓનું સ્થાનક બની જતી. ૧૯૧૪–૧૮ના પહેલા વિશ્વ યુદ્ધમાં જ્યારે હિંદમાં અનાજ ઇ. દૈનિક જરૂરિઆતની ચીજોના ભાવોમાં ઉછાળો આવ્યો ત્યારે મધ્યમ વર્ગની વ્હારે દોડનાર તેઓ પહેલા હતા. મુંબઇ શહેરમાં કોમી અશાંતિ ફેલાતી, કે ૧૯૪૪ના ગોદીના ધડાકા જેવી હોનારત પ્રસંગે રાહત કાર્યમાં તેઓ આગેવાની લેતા. તેઓના નિષ્પક્ષપાત અને સેવા ભાવનાથી ઉભરાતા વિચાર અને વર્તન વડે તેઓ સર્વ કોમો અને પક્ષો તેમજ સરકારી અધિકારીઓનો અસાધારણ વિશ્વાસ અને આદર સંપાદન કરી શક્યા હતા.

તેઓની આવી સંગીન જાહેર સેવાઓની કદર કરવા સરકાર તરફથી તેમને ઉચ્ચ ઇલ્કાબો સ્વીકારવા વારંવાર આગ્રહ કરવામાં આવતો, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ નિરાભિમાની વૃત્તિના હોવાથી, તેમને એવી ઉપાધિ પસંદ ન હતી, એટલે જ્યાં સુધી તેઓ આ ક્ષેત્રોમાં સક્રિય ભાગ લેતા હતા, ત્યાં સુધી તો તેમણે તે સ્વીકાર્યાં નહિ. પરંતુ છેલ્લાં આઠેક વર્ષથી તેઓએ આંખની નબળાઈના કારણે વ્યાપાર તથા જાહેર જીવનમાં સક્રિય ભાગ લેવાનું બંધ કરતાં, ઘણાંઓના આગ્રહને વશ થઈ તેઓએ નાઈટહુડ–'સર'ના ઇલ્કાબનો સ્વીકાર કર્યો. એવાજ આગ્રહને વશ થઇ, તેઓ મુંબઈના શેરીફપદે આવ્યા હતા.

તેઓ બચપણથી જ તેમના પિતાશ્રીની કડક અને હેતાળ તાલીમના પરિણામે સર્વે પ્રત્યે સમાન બંધુત્વની, તેમજ અંગત શ્રમ માટે સંપૂર્ણ માનની ભાવના વાળા હતા. તેઓ દરેક કાર્ય હાથે કરી લેવામાં જરાપણ સંકોચ કે શરમ લેખતા નહિ. અને તેથી સામાન્ય રીતે જે કાર્યો નોકરો પાસે કરાવાય તે પણ કરવાની તેમને સંપૂર્ણ આવડત અને વૃત્તિ પહેલેથી હોઇ, તેઓ તેવાં કાર્યો કુશળતાથી કરી બતાવી, પોતાના હાથ હેઠળના સર્વે નોકરો તેમજ અન્યોને પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકતા.

તેમના જીવનની શરૂઆતનો સમય, આપણી સામાજિક અને ધાર્મિક કુરૂઢિઓને નાબુદ કરવાના આંદોલનોની શરૂઆતનો યુગ હતો. તેઓ ચુસ્ત સનાતની કુટુંબમાં જન્મી, તેવા સંસ્કારો પામ્યા હતા. વળી થિઓસોફીની તે સમયની પ્રવૃત્તિમાં તેઓ રસ લેતા. આ સઘળાઓમાં તેમનામાં જ્યાં સડો હોય તે કાઢી, જે કોઇનું ઈષ્ટ લક્ષણ હોય તે ગ્રહણ કરી. સર્વેનો આદર્શ સમન્વય કરવાની તેમની તિવ્ર ઉત્કંઠા અને ભાવના હતાં. તેઓ દંભ અને આડંબરના કટ્ટર વિરોધી હતા. તેઓ મંદિરોમાં વારંવાર દર્શન કરવા જનારાઓ કે ટીલાં ટપકાં કરી બીજા ઉપર છાપ પાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથનારાઓના વર્ગના નહોતા. ઉપાસના અને પ્રાર્થના તેમનો નિત્યક્રમ હતો. તેઓ સંત સમાગમના પિપાસુ હોઇ તેમને ત્યાં એવા સત્પુરૂષોનો અવારનવાર નિવાસ રહેતો.

સર્વ પ્રત્યેની બંધુભાવના તેમનામાં દ્રઢ હતી. તેઓ અસ્પૃશ્યતાને અણુછાજતી લેખતા. તેથીજ તેઓ નાનાં કે મોટાં, ગરીબ કે તવંગર, જાણીતાં કે અજાણ્યાં સર્વ પ્રત્યે સહૃદયતાથી અને નિખાલસભાવે વર્તતા. મહાત્માજીએ ૧૯૩૨ માં જ્યારે યરવડા જેલમાં હરિજનોને અધિકારો અપાવવા માટે અનશન શરૂ કર્યું, ત્યારે સ્વર્ગસ્થે હિંદુ કોમની આગેવાની લઇ, મહાત્માજીને સંતોષ થાય તેવું સમાધન કરાવી આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેઓ ધર્મશાસ્ત્રો અને ગીતા જેવા ગ્રંથોના અભ્યાસી હતા.

કૌટુમ્બિક બાબતોમાં તેઓ ઘણા પ્રાગતિક હતા. છતાં સદાચાર અને સદ્‌વર્તનમાં ચુસ્ત હોવાથી, તેમજ ઉચ્છૃંખલતા, સ્વચ્છંદતા તેમજ ધન કે સત્તાના મદના મજબૂત વિરોધી હોવાથી, તેમના એ સંસ્કારોની છાપ તેમના વિશાળ કુટુંબ ઉપર ઊંડી પડી છે. તેઓના કુટુંબનાં કોઇપણમાં ચાલુ જમાનાનાં ઘણાં શ્રીમંત કુટુંબોમાં દાખલ થયેલા અવગુણોનો જરાએ અંશ નથી, તે ઉપરથી તેની પ્રતિતી થાય છે. કુટુંબમાં સૌ કોઇ બીજા સર્વ માટે, અને નહિ કે દરેક પોતપોતાનાં માટે, બનતું કરી છૂટે એવી પ્રણાલિ તેમણે પાડી હોવાથી, તેઓના મોટા કુટુંબની એકતા આજે પણ જળવાઇ રહી છે.

શ્રી. મથુરાદાસ શેઠના જીવનના આ સંક્ષિપ્ત ઉલ્લેખથી એટલું પ્રતિત થાય છે, કે તેઓશ્રીએ સાચા ધનિકના જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટેની આપણી સનાતન ભાવનાને પોતાના જીવન અને આચરણમાં ઉતારી, એવા શ્રીમંતોને એવું અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે, કે જેથી દેશનાં દુખીઓનાં દુખ નિવારણના ભગીરથ કાર્યમાં સાથ પુરનારાઓની ખોટ પડે નહિ. એટલુંજ નહિ પણ મહાત્મા ગાંધીજીનું અત્યંત પ્રિય, નરસિંહ મહેતા કૃત ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ'–તેની કસોટીએ પણ સ્વર્ગસ્થનું જીવન અસાધારણ ઉચ્ચ કક્ષાનું નિવડે તેવું હતું. આ સ્વાર્થ- પરાયણ જમાનામાં 'એક સન્નિષ્ઠ વૈષ્ણવજન' તરીકેની ચિરકાળ સુધી તેમની ઉજ્વળ કીર્તિની જ્યોત જલતી રહેશે.

—જસવંતરાય ઘનશ્યામરાય મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક આ વિલક્ષણ જગતમાં જન્મથી જ મહાન હોય છે.
કેટલાકના ઉપર મહત્તા નિરૂપિત કરી શકાય છે.
કેટલાક આત્મબળથી મહત્તા પ્રાપ્ત કરી શકે છે.

જેમણે જિંદગીમાં

મહત્તા

મેળવવાંની મહાત્વાકાંક્ષા ક્યારેય નહોતી સેવી......

સદ્દગત મથુરાદાસભાઈ કંઈક અંશે ગૌરવશાલી તત્ત્વ જન્મથી જ ધરાવતા હતા; પણ વારસામાં મળેલી શ્રીમન્તાઇ અને મ્હોટાઈમાં સહસ્ત્રશઃ અભિવૃધ્ધિ યથાર્થ રીતે કોઇ કરી શક્યું હોય તો તે સદ્દગત એકલા જ.

निसर्ग भिन्नास्पदमेकसंस्थ अस्मिन् द्वयं श्रीश्च सरस्वती च। આ શ્લોકાર્ધમાં ત્રીજા તત્ત્વને પણ વ્યાપક સ્વરૂપમાં સાર્થકતાથી શોભાવી શક્યા હોય તો તે મથુરાદાસભાઈ એક જ. આ ત્રીજું તત્ત્વ તે "સાદાઈ". તેમનો ધીર ગંભીર ચહેરો, ધરિત્રી ઉપર પગ પાડતાં જાણે કે તે પિડાઈ જશે તેવી માર્દવતા ધારણ કરતો. તેના અન્તેવાસીઓ, સહકારીઓ અને મદદનીશોની સન્મુખ એ ચહેરો તરવરી રહેલો હજી પણ સ્મરણમુકુરમાં જોઇ શકાય તેમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના પુનિત સંસ્મરણોમાં, અન્યથી ભિન્ન હોય તેવા ઘણાં ઘણાં તેજસ્વી સંસ્મરણો તેમનામાં ઓતપ્રોત હતાં. તે મેં મારા અંગત પરિચય, સહવાસ અને સહકાર દ્વારા જોયું, જાણ્યું અને અનેકવાર અનુભવ્યું છે.

જ્ઞાતે ભટ્ટિ ભડવીર જ્ઞાતિની સેવા અદ્વિતીય રીતે કરી છૂટયા. ભટ્ટિગૌરવની અભિવૃધ્ધિ તે તેમનો મુદ્રાલેખ હતો, તેમનામાં નિગૂઢ રહેલા આ ખમીરે તેમને જ્ઞાતિ સેવાના અનેક કાર્યોમાં પ્રેર્યાં હતા. તેઓ ભટ્ટિ સંસ્થાઓ, સખાવતો, ધર્માદા ફંડો, ધર્માલયો અને શાળાઓમાં રસ લેતા એટલું જ નહિ, પણ ઘણાં ખાતાંઓમાં તેઓ સક્રિય સભ્ય, પ્રમુખ, માર્ગ-દર્શક અથવા આશ્રયદાતા હતા. અને દીર્ઘ દ્રષ્ટિ અને વ્યવહાર કુશળતાથી દરેક સંસ્થાનું નાવ ધ્યેય સિધ્ધિ પ્રાપ્ત કરે તેવી તેઓ પરિસ્થિતિ પ્રગટાવતા.

"ભાટિયો" અને "ભ્રાતૃત્વ" આ બે શબ્દોનું એક રૂપ તેણે વ્યવહારિક રીતે કરી બતાવ્યું હતું.

ભાટિયા મહાજનમાં બે પક્ષોએ જ્યારે જ્ઞાતિના ઐક્યનો ભોગ આપ્યો, ત્યારે સદ્ગતને કેટલો આઘાત લાગેલો તે હું મારા અંગત સહવાસ ઉપરથી જાણું છું. આ બન્ને પક્ષોને એક બનાવવા આ લેખક અને સદ્ગત અને અનેક શુભેચ્છકોએ આભ પાતાળ એક કરવા જેટલા પ્રયત્ન કરેલા. અને અંતે પક્ષના ભાગ થતાં તો કોઇ અટકાવી શક્યું નહિ, પણ બન્ને પક્ષો પોતપોતાની મનોવૃત્તિનું સમતોલપણું જાળવી શકે તેવી પરિસ્થિતિ સદ્ગતે ઉપસ્થિત કરી હતી.

ઉચ્ચ અભ્યાસને ઝંખતો કો વિદ્યાર્થી, માર્ગદર્શન માટે તલપતો કો સંસારી કે સહકાર માટે અભિલાષતો કો વ્યાપારી સર મથુરાદાસ પાસે ધા નાખી શકતો અને ભાગ્યે જ કોઈ નિરાશ થતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ સંસ્કૃતિનું સાતત્ય જળવાઇ રહે, એ માટે તેઓ સદૈવ પ્રયત્નશીલ રહેતા.

અનેક વેળા મુંબઈ જ્યારે અશાંતિનાં આંદલનો અનુભવતું, બીજાઓ જ્યારે કિંકર્તવ્યમૂઢ બનતા ત્યારે સદ્‌ગત કટીબદ્ધ થઇ ચોપાસ, રસ્તે રસ્તે, ગલીએ ગલીએ ઘૂમતા અને દુખિયારાનો દિલાસો અને ઘવાયેલાના ધન્વન્તરી અને સંકડામણુમાં જકડાયેલાના મુક્તિદાતા બનતા.

ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રી-ઉપાર્જન જ ફક્ત તેમનું ધ્યેય ન હતું. પોતે ઉપાર્જન કરેલી લક્ષ્મીમાં પોતાના જ્ઞાતિબંધુઓ, દેશબાન્ધવો, પીડાયેલાંઓ, દલિતોનો જન્મસિધ્ધ હક્ક છે તેમ તેઓ માનતા. દ્વિતિય મહાયુધ્ધ દરમ્યાન તેમની વોલેસ ફ્લોર મીલે કરેલી જનસેવા સર્વને સુવિદિત છે.

તેમને ઔદ્યોગિક ઉન્નતિની કેટલી ધગશ હતી તે તેમની સખાવતો પુરવાર કરે છે. સદ્‌ગતની શિષ્યવૃત્તિ દ્વારા અનેક પાંગળાંઓએ પર્વત ઓળંગવાની શકિત મેળવેલી છે, અને ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રેરાઇ દેશોન્નતિના કામોમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. મારો તેમની સાથે અનેકવિધ બાબતોમાં સહકાર અને સહવાસ હતો. અને મારા અંગત અનુભવની વાત છે, કે તેમની સલાહ લેવા જનારાઓને ફક્ત એક જ જવાબ આપતા, "દેશ કારીગરો, એન્જીનીયરો, યન્ત્ર નિષ્ણાતો અને કાબેલ કામગારો માગે છે. તે દીશા પકડો. કળા હસ્તગત કરો અને દેશ કલ્યાણના કામમાં આગળ ધપો."

તેમની પ્રેરણાથી અસ્તિત્ત્વમાં આવેલી અનેક સંસ્થાઓ ઉચ્ચ જ્ઞાન, ઉન્નતિ અને ઉદ્યોગ પિપાસુઓની તૃષા છિપાવતી રહેશે. આવા સજીવ કીર્તિ સ્તંભોમાં સદ્‌ગત ચિરંજીવ રહેશે.

—દામોદર ગોવિંદજી માધવજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દુનિયામાં અનેક
જન્મે છે, જીવે છે અને જાય છે.
પણ સફલ જીવન તો આવા-

કોઇ ધર્મધારક

નાં જ કહેવાય.

સર મથુરદાસ વિસનજી સાથે આજે ત્રીસ વર્ષ થયાં મારે કુટુંબ જેવો સંબંધ હોઇ હું તેમને 'ભાઇ' કહેતી. અને તેઓ મને શરૂઆતમાં 'બહેન' અને પછી 'માયજી' કહી બોલાવતા. એક વખત તેમને ઘેર એક મહાપુરુષ આવ્યા હતા. તેમનાં દર્શને હું મારા પતિ સાથે તેમને ત્યાં જતી. ત્યારથી તેમની સાથે મારી ઓળખાણ થઈ. તેઓ મને 'ભાઇ' સમાન પ્રિય હતા.

તેમનાં માયાળુ અને આનંદી સ્વભાવ, શાંત અને ગંભીર મુદ્રા સામાંમાં એવા ભાવ ઉપજાવે એ સહજ હતું. તેઓ સહનશીલ અને નિરાભિમાની હતા. કોની સાથે કેમ વર્તવું, તે તેઓ બરાબર જાણતા. શક્તિનો દુર્વ્યય કર્યા વિના, બહુજ ઓછા શબ્દો બોલીને સામાંનાં દિલ તેઓ સહજમાં જીતી લેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીતનું પણ તેઓ સારૂં જ્ઞાન ધરાવતા. નાનામાં નાનું કામ હાથે કરી લેવામાં એમને જરાપણ નાનમ ન લાગતી.

તેઓ દાનવીર હતા. પાત્ર જોઇ છાનાં દાન કરતા. એમની પાસે જનારૂં કોઇ ખાલી હાથે પાછું ફરતું નહિ. અસંખ્ય વિદ્યાર્થીઓએ એમની દાનવૃત્તિનો લાભ લીધો છે.

લોક-કલ્યાણની એમની ભાવના હરહમેશ જાગૃત રહેતી. સહુને સમાનભાવે નિહાળતા. ગરીબ તવંગરના ભેદ એમની પાસે ભુલાઇ જતા.

અમારા પરિચયથી મને તેમના કુટુમ્બીજન જેવું સ્થાન મળ્યું હતું. તેમનાં ધર્મપત્ની લેડી રતનબાઇ જેમને સહુ કુટુમ્બીઓ 'દાદીમા' કહે છે, તેઓ મને 'બહેન' ગણતા. તેમના પુત્ર પ્રતાપસિંહ મને મુરબ્બી માને છે.

I was closely associated for a number of years with the late Sir Mathuradas in various activities. In his death the city has lost one of its prominent industrialists and a great philanthropist.

—S. K. Patil

Those of us who came in contact with Seth Mathuradas have very pleasant memories of him and I shall always miss him very much.

—Maneckla! Premchand

As you know, I have been your guest at Delhi several times many years ago and carry pleasant recollections of my association with your father and other members of the family whose courtsey and kind hospitality I shall always remember.

—Gaganvihari L. Mehta

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I have always been one of his warm admirers and looked to him as a child would look to his parents. On very many occasions, I have had precious advice from him on crucial matters. He shall ever remain green in my memory.

—G. G. Mehta

I had the pleasure and privilege of knowing him and coming into contact with him. He was a gentleman with charming manners and the most popular leader of Hindu Community in Bombay, besides being a leading and important businessman and industrialist. His loss is a loss not only to your family but also to the Hindu Community.

—Sir **Chunilal B. Mehta**

I have only this minute read the news in the "Times". Although I knew that the "Kaka" was a sick man I was not aware of the fact that his end was so near. The loss is a very great one, I may say not only to you but also to me as he was just as much a father to me as he was to you.

—Major General **K. P. Dhargalkar**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I have always been proud that I reached Bombay early enough to serve with him on a number of Boards and admit it a privilege to have been associated with him in a small way.

—N. J. Cumming.

I did not know Sir Mathuradas very well but whenever I did meet him I was most impressed by his dignity and kindness.

My husband has always spoken of him with deep respect and admiration and we will feel this great loss most keenly.

—Mrs. A. Goodwin

We knew he was extremly ill, but to loose an old friend is always a shock.

He has at any rate left behind him a splendid example of qualities which lead to success, honesty, courage, shrewdness, patience and friendliness.

—W. Cullen

Your father was a great soul, a real yogi and he has attained eternal bliss.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Dada was a saint and he cannot die -- through death he is enjoying his perpetual and eternal life. So there is nothing to be grieved for. Let God give us solace and let us realise that sorrow or happiness, pleasure or pains, life or death -- they are only the different manifestations of the All-bliss, All-mercy and All-beloved God.

—S. P. Sen
Kaviraj

I was extremely sorry to here the sad demise of your beloved brother Sir Mathuradas. As I am not well, I shall not be able to attend the "Uthamna" on sunday at Andheri. Please accept my heartfelt sympathy in this loss of yours and convey to the family.

—Sir Fazalbhoy Currimbhoy

We certainly connot deviate from our Lord's call and must resign to his holy will. I did not know your dear brother, but I am sure he was as good and as charitable as you are and we all know that God looks upon charitable folk with a kindly eye, so you may be sure your dear brother is enjoying eternal bliss in Heaven. I shall not forget to remember him in my prayers to-night.

—Louis Macedo

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

But the loss of an old friend is sometning that each of us feel.

It is 50 years since I first knew Sir Mathuradas Vissanji. He was not only a wise and deservedly successful businessman, but he bore the highest of characters. He was also a most loyal friend.

—S. J. Gillum

I contracted friendship with him in July 1893 and from that time onward he was ever a truly sincere and kind hearted friend. No doubt after our school days, we met at long intervals, but on those occasions he invariably felt happy and pleased at the meeting and felt uneasy to part company.

—T. K. Thanawala

Though many have made in the city good fortune, few could render good services to the people particularly able to do. He in fact represented the generation, which is fast disappearing from our public life and therefore his death is not loss to your family but to all of us.

—Ramdeo Anandilal Podar

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

In the death of late Sir Mathuradas the country and particularly the City of Bombay has lost a very noble son whose loss will be keenly felt by all and by persons and institutions with which he was associated in particular.

–Navinchandra Mafatlal

Not only Bombay but all India will miss the wisdom and business acumen of Sir Mathuradas.

–H. G. Mudgal

It is impossible to put into words the sorrow which the passing away of so fine a character must bring to all of us. To any of us in wallace Building he was a symbol of kindness and wisdom.

–L. F. H. Goodwin

He was man beloved of all communities and made the public life of Bombay rich by his well famed probity and piety while he lived.

–M. S. Sabawalla

He was a much respected citizen and an old friend of many of us and his going is a great loss to Bombay.

–V. F. Neol Paton

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

He has had a long useful life and is now at rest.

–C. Smith

Your kind father was a merchant prince highly respected by all communities in general and by the Parsi community in particular on account of his true nobility and saintly disposition.

–B. R. Kolhapurwala

Some times words are a poor vehicle of thought and fail to convey all that one feels.

The citizens of Bombay have also suffered a great loss for your father was one of those men who added dignity to life and who made life worth living.

–M. H. Ismail

Words are cheap but my feelings are there with those of numerous others who lament the passing away of a good man and the end of a useful and exemplary Life.

–Peter Gaban

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

He rendered very useful services to this Province and it is very difficult to fill this gap in public life.

–Fazal I. Rahimtoola

I always found in him a very helpful person to all. He was a progressive social reformer and a philanthropist. He was a man of genial disposition and kindness of heart and these qualities drew me to him. His public life will be long remembered by all those who were intimately connected with him, when he distinguished himself in various spheres of activities. I feel it a personal loss.

–N. C. Pupala

I had known your father for very many years and he was of course a friend of my own father's of many years standing. Mr. Collier has sent me a cutting from one of the Indian papers which pays a high and fitting tribute to your father's life work.

The esteem in which his memory is universally held will be a great source of comfort to you and the other members of his family.

–Cuthbert Robinson

In passing away of Seth Mathuradasji our country has lost a great businessman of highest integrity and culture and a fine and pious gentleman and philanthropist.

–C. R. Loyalka

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I regarded him as one of my oldest Indian friends and begin to feel very isolated now that, both he and Sheth Vithaldas have gone. During the many years in which we worked together' I never remember anything but kindness, good temper & goodwill. He was always ready to help with advice & with action if necessary. It was a great pleasure to see him carrying the old tradition of integrity & wisdom.

–Goodell

We wish to express our sincere sympathy in your great loss which is also ours.

–Sigg & Co., Zurich

I had not the privilege of ever having met your father, but Mr. Collier has on many occasions in the past imparted to me the very high regard and esteem with which he was held by all who ever had the honour to come in contact with him.

I feel the high tribute paid to his memory by the Indian papers cannot do justice to his many benevolent and charitable works throughout his working life.

A. E. Plews
Rochdale

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર મથુરાદાસ

સ્મારક ગ્રંથ

-વિભાગ ચોથો-

સર મથુરાદાસના અવસાનનો આઘાત સર્વને એકસરખો હતો. અનેક ધર્માદા, કેળવણી અને સામાજિક સંસ્થાઓ તેમણે સ્થાપી અને વિકસાવી હતી. વેપાર-ઉદ્યોગના ક્ષેત્રે અસંખ્ય પેઢીઓ, કંપનીઓ, અને કારખાનાંઓ સાથે એમને નિસ્બત હતી. જિંદગીમાં હારેલાં અને હિજરાયેલાં એમની સમીપ સહાય માટે જનારાં કોઇ ક્યારેય ખાલી હાથે પાછાં ફરતાં નહિ. આમ અનેક રીતે એમને ચાહનારાઓનો બહોળો સમુદાય હતો. એવાં સહુ કોઈ એમના અવસાનથી કંઇ ને કંઇ વંચિત બન્યાં હતાં. શોક-સભાઓ ભરી અને સામુદાયિક ઠરાવો કરી, એમણે કૃતકૃત્યતા અનુભવી હતી. આ વિભાગમાં મળેલા ઠરાવો અને શોક સંદેશાઓ રજુ કરવામાં આવ્યા છે.

—: સંપાદક :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધેરીના નાગરિકોની જાહેર સભા, અંધેરી.

અંધેરીના નાગરિકોની આ જાહેર સભા સદ્દગત્ શ્રી સર મથુરાદાસ વિસનજી ખીમજી જે. પી. ના અવસાન બદલ ઊંડી ખેદની લાગણી વ્યક્ત કરે છે.

સ્વર્ગસ્થ સર મથુરાદાસ શેઠના અવસાનથી મુંબઈ શહેરે આગેવાન સમાજ સુધારક, મોટા ઉદ્યોગપતિ અને ઉદાર હૃદયના દાનેશ્વરી ગુમાવ્યા છે. ખાસ કરીને તેમના અવસાનથી અંધેરી શહેરને શિક્ષણ અને અન્ય સામાજિક ક્ષેત્રોમાં અપૂર્વ અને નોંધપાત્ર સેવાઓ અર્પી જનાર આગેવાન શિક્ષણપ્રેમી સજ્જનની ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

આ સભા સદ્દગતના કુટુંબીજનો તથા લેડી રતન બહેનના ઉપર આવી પડેલ આપત્તિમાં સહાનુભૂતિ દર્શાવે છે. તથા પોતાની શોકની ભાવના સદ્દગતના કુટુંબ સમક્ષ વ્યકત કરવા અને આ ઠરાવની નકલ તેમને મોકલી આપવા આ સભાના પ્રમુખને સત્તા આપે છે.

બોમ્બે પાંજરાપોળ

મુંબઇના નામાંકિત નાગરિક અને અગ્રગણ્ય વેપારી શેઠ સર મથુરાદાસ વિસનજી નાઇટ, જે. પી. કે જેઓ આ સંસ્થામાં સને ૧૯૨૪થી સને ૧૯૩૮ સુધી એક ટ્રસ્ટી તરીકે બિરાજતા હતા, તેમના અંધેરી નિવાસ સ્થાને તા. ૨૨-૧૨-૪૯ ને ગુરુવારના દિને અવસાન થયાના ખબર મળતાં આ ખાતાના બધા ટ્રસ્ટી સાહેબો તથા મેનેજીંગ કમિટીના સભાસદોને પારાવાર ખેદ થયો છે.

તેઓ સાહેબ આ સંસ્થામાં જોડાયા બાદ તેના વહિવટમાં અને વિકાસમાં ઊંડો રસ લઇ ઘણા અગત્યના સવાલોમાં માર્ગદર્શક નિવડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. અને તેઓ સાહેબે કેટલાક વર્ષો સુધી ટ્રસ્ટી સાહેબોના વ્હાઇસ ચેરમેન તરીકે કિંમતી સેવાઓ બજાવી હતી.

પાંજરાપોળમાં જે જુદા જુદા નવિન બાંધકામો કરવામાં આવ્યાં તે બાંધકામોની પેટા કમિટીના એક સભ્ય તરીકે તેમની સલાહ ઘણી ઉપયોગી માલુમ પડી હતી.

આવી રીતે તેઓ સાહેબે આ સંસ્થાની ઘણી જ અમૂલ્ય સેવાઓ બજાવી હતી.

તેઓ સ્વભાવે ઘણા જ શાંત માયાળુ અને સખાવતી દીલના હતા. આવા એક નામાંકિત શહેરીના અવસાનથી દેશને અને મુંબઈ શહેરને તેમની ભારે ખોટ પડી છે.

ધી ભાટિયા જનરલ હોસ્પિટલ, મુંબઈ.

ધી ભાટિયા જનરલ હોસ્પિટલના ટ્રસ્ટીઓની આ મિટીંગ સ્વ. શેઠ મથુરાદાસ વિસનજી ખીમજીના ખેદજનક અવસાન માટે દિલસોજી સાથે નોંધ લે છે. સ્વ. શેઠ મથુરાદાસ વિસનજી ખીમજી ભાટિયા કોમના એક અગ્રનેતા હતા અને આ હોસ્પિટલને શરૂઆતથી પોતાની એક સંસ્થા ગણી તેના તરફ મીઠી નજર રાખતા હતા અને આ હોસ્પિટલને તેમના બહોળા અનુભવનો ઘણી વખત લાભ આપતા હતા, તેમજ હોસ્પિટલને શરૂઆતથી તે આજ દિવસ સુધી આર્થિક મદદ આપવાનું ચાલુ રાખ્યું હતું. તેમના અવસાનની ખોટ ભાટિયા કોમને અને ખાસ કરીને આ હોસ્પિટલને ઘણી પડી છે. અને તે પૂરી શકાય તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ ગોકુળદાસ તેજપાળ ચેરિટીઝ, મુંબઈ.

સ્વ. શેઠ મથુરાદાસ વિસનજીએ આ ધર્મખાતાના પ્રમુખ તરીકે ૧૭ વર્ષ સુધી, અને મેનેજીંગ કમિટીના સભાસદ અને ટ્રસ્ટી તરીકે ૧૯ વર્ષ સુધી, તથા જનરલ કમિટીના સભાસદ તરીકે ૩૫ વર્ષ સુધી જે અમૂલ્ય સેવાઓ આપી છે, તે માટે કમિટી આભાર વ્યક્ત કરે છે. તેમના માનમાં ધર્મખાતાની મુંબઈ અને કચ્છ મધ્યેની કેળવણી સંસ્થાઓ તેમજ સેક્રેટરી ઓફિસ બે દિવસ બંધ રાખવામાં આવ્યાં છે.

શેઠ હંસરાજ લાધા ચેરિટીઝ, મુંબઈ.

આ ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને ચેરમેન ભાઈ મથુરાદાસ વિસનજી જે લગભગ છેલ્લાં બાર વર્ષથી અમૂલ્ય સેવા આ ટ્રસ્ટને આપી રહ્યા હતા, તેમનો સ્વર્ગવાસ ગુરુવાર તા. ૨૨–૧૨–૪૯ ના દિને થવાથી ટ્રસ્ટને મોટી ખોટ ગઇ છે, જે પૂરી શકાવી મુશ્કેલ છે. તેની નોંધ લેતાં આજની સભા પૂર્ણ દિલસોજી સાથે તેમના કુટુંબીઓ ઉપર આવી પડેલી આફતમાં સહાનુભૂતિ દર્શાવે છે.

શ્રી તુલસીદાસ ગોપાલજી ચેરિટેબલ એન્ડ ધાકલેશ્વર ટેમ્પલ ટ્રસ્ટ, મુંબઈ.

તા. ૧૩–૧–૫૦ ના રોજ મળેલી ટ્રસ્ટીઓની સભા ઠરાવ કરે છે કે, સદરહુ ટ્રસ્ટના માજી ટ્રસ્ટી તથા પ્રમુખ સર મથુરાદાસ વિસનજી જે. પી.ના સ્વર્ગવાસથી આ ટ્રસ્ટને ઘણીજ ખોટ પડી છે. સદ્ગત સર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરાદાસ વિસનજી એક ધર્મનિષ્ઠ અને અનુભવી સજ્જન હતા. અને તેમના ઉમદા ગુણોની છાપ આ ટ્રસ્ટના કામકાજ ઉપર પડી હતી. તેઓ લગભગ ચૌદ વર્ષ સુધી આ ધર્મખાતાના એક ટ્રસ્ટી તરીકે રહ્યા હતા. અને ટ્રસ્ટના કામકાજમાં બહુ સારી રીતે ધ્યાન આપી તેની સેવા બજાવતા હતા.

ધી બોમ્બે ગૌ-રક્ષક મંડળી

આ મંડળીના માજી ટ્રસ્ટી અને માજી ઉપ-પ્રમુખ તથા પેટ્રન અને મેનેજીંગ કમિટી અને જનરલ કમિટીના સભાસદ સર મથુરાદાસ વિસનજીના અવસાનની નોંધ આ મંડળી અત્યંત ખેદ સાથે લે છે. તેઓએ આ મંડળીની લાંબા વખત સુધી ટ્રસ્ટી તથા ઉપ-પ્રમુખ તરીકે તન, મન અને ધનથી જે કીમતી સેવાઓ બજાવી છે, અને મંડળના કાર્યને ઉચ્ચ સ્થિતિ પર મુકવાને મંડળીને જે ઉદાર મદદ કરી છે, તે ભૂલી ન શકાય તેવી છે. તેઓના સ્વર્ગવાસથી આપણી મંડળીને એક સાચા સલાહકાર અને ઉદાર મદદ કરનારની ખોટ પડી છે. તેઓએ બજાવેલી કીમતી સેવાઓની નોંધ લેતાં ઠરાવ કરવામાં આવે છે કે, તેઓની યાદ કાયમ રહે તે માટે તેઓનો ઓઇલ-પેન્ટ ફોટો મંડળીના ખર્ચે કાંદીવલી કેટલ બ્રીડીંગ ફાર્મની ઓફિસમાં રાખવો.

બોમ્બે ગો-ગ્રાસ ભિક્ષા સોસાયટી

સદ્‌ગત મુંબઇના આગેવાન ઉદ્યોગપતિ, અગાઉના શેરિફ તેમજ કેટલીય કંપનીઓ, બેંકો અને વિમા કંપનીઓના સંચાલક-સ્થાપક હતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાથે સાથે હિંદુ તત્ત્વજ્ઞાનના એક અભ્યાસી અને આદર્શ ગૌ–ભક્ત હતા.

ઔદ્યોગિક હિતવર્ધક સમિતિ, મુંબઈ.

આ સમિતિના સભ્યો સર્વગુણ સંપન્ન અને વંદનીય શ્રીમાન શેઠ મથુરાદાસ વિસનજીના સ્વર્ગસ્થ થયા બદલ શોક પ્રદર્શિત કરે છે, અને સદ્‌ગતશ્રીના આત્માને પરમ શાંતિ મળે એમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થે છે.

વનિતા વિશ્રામ, સુરત.

મુંબઇ શહેરના નામાંકિત સમાજ–સુધારક અને વેપારી સર મથુરાદાસ વિસનજીના દુઃખદ અવસાન બદલ કમિટી દિલગીરી વ્યક્ત કરે છે. સ્વર્ગસ્થ આ સંસ્થાના શુભેચ્છક અને દાતા હતા. તેમના અવસાનથી સંસ્થાએ એક સારા શુભેચ્છક ગુમાવ્યા છે.

શ્રી શારદા ચંદ્રમૌલેશ્વર આનંદધામ, નાશીક.

સદ્‌ગત્ શેઠ મથુરાદાસ વિસનજી શ્રી સ્વામીજીના પટ્ટ શિષ્ય હોઈ, સ્વામીજીના ટ્રસ્ટનો વહીવટ સંપૂર્ણ જવાબદારીથી વ્યવસ્થિત સંભાળતા હતા. તેમની પ્રમાણિક, ધર્મ પરાયણ નીતિ રીતિ, તેઓના મહાન ધાર્મિક કામોમાં દીપી આવે છે. આજ તેઓના અવસાનથી ટ્રસ્ટને મોટી ખોટ પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભારત હિંદુ બ્રહ્મચર્ય અનાથાશ્રમ, સુરેન્દ્રનગર.

અમારા દાનવીર શેઠના સ્મરણાર્થે આજે અહીંના સ્વયંભૂ શ્રી ક્ષેમશંકર મહાદેવના મંદિરમાં શ્રીમાન રવિશંકર રાવળના પ્રમુખપદ હેઠળ શોક સભા ભરી અમે શોક પ્રદર્શિત કર્યો હતો, અને બ્રાહ્મણના બાળકોએ રુદ્રાભિષેક કર્યો હતો, અને એક કલાક સુધી પ્રભુની ધૂન કરી, તેમના અમર આત્માના મોક્ષાર્થે અંજલિ અર્પણ કરી હતી.

ગુજરાતી કેળવણી હિતવર્ધક મંડળ, પુના.

મંડળ ઘણીજ દિલગીરી સાથે સર મથુરાદાસ શ્રી ચરણે થયાના માઠા સમાચારની ભારે ખેદની લાગણીથી નોંધ લે છે.

श्री वोलेस फलोअर मिल्स कंपनीच्या कामगाराची दुःख वटयाचीं सभा

श्री वोलेस फलोअर मिल्स कंपनीच्या कामगार व इतर नोकर वर्गाची हि सभा कंपनीचे संस्थापक सर मथुरादास विसनजी यांच्या निधना बदल अत्यंत दुःख व्यक्त करीत आहे. त्यांनी स्वतःच्या कर्तबगारी वर औद्योगिक क्षेत्रांत उत्तम यश मिळविले व त्याच प्रमाणें इतरांना मार्गदर्शन दिले. सामाजिक प्रश्नाचा ते सहानुभूति पूर्वक विचार करित व त्यांनी समाजाची उत्तम सेवा केली, त्यांनीं आपल्या उदार अंतःकरणाने व वर्तणुकीनें सर्वांचे प्रेम संपादन केले होते, व मान-मान्यता मिळविली होती. ईश्वर मृताचे आत्म्यांस सद्गति देवौ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મેઘવાળ સહાયક સંઘ, મુંબઇ.

શ્રી મથુરાદાસ વિસનજી એક સેવાભાવી દાનવીર અને હરિજન-પ્રેમી હતા. મઝગાંવ રોડ પર આવેલ વોલેસ ફ્લોઅર મીલની સામેના હરિજન-વાસમાં તેમજ મુંબઈના ઇતર હરિજન લત્તાઓમાં હરિજનોના ઉદ્ધારાર્થે થતા અમારા કાર્યમાં તેઓશ્રીના સ્વર્ગવાસથી અમારી સંસ્થાએ તેમજ મુંબઇના હરિજનોએ એક દાનવીર અને સેવાભાવી સહાયક ગુમાવ્યા છે.

શ્રી મુંબઇ ભાટિયા મહાજન

સર મથુરાદાસ વિસનજી કે જેઓ આ મહાજનના પ્રમુખ તરીકે છેલ્લાં ત્રીસ કરતાં પણ વધુ વર્ષો સુધી હતા, તેઓશ્રીના શોકજનક સ્વર્ગવાસ માટે આજની સભા પોતાની અંતઃકરણ પૂર્વકની દિલગીરી પ્રદર્શિત કરે છે; તથા મર્હુમે આ મહાજન તથા તેના હસ્તકના અન્ય ફંડોની, તે પ્રત્યેકની સ્થાપનાથી પોતાની જિંદગીની છેક છેલ્લી ઘડી સુધી ઉત્સાહ પૂર્વક ભાગ લઇને વર્ષો સુધી બજાવેલી વિવિધ સેવાઓની કદર કરતાં તેની અત્રે સાભાર નોંધ લે છે. સદ્ગતના સ્વર્ગવાસથી આ મહાજનને ગયેલી ખોટ અસહ્ય છે. વધુમાં આજની સભા માને છે કે, મર્હુમના સ્વર્ગ-વાસથી આ મહાજનને ગયેલી ખોટ અસહ્ય છે. વધુમાં આજની સભા માને છે કે, મર્હુમના સ્વર્ગવાસથી આ મહાજનનેજ નહિ પણ આખી ભાટિયા જ્ઞાતિને, વેપારી જનતાને તથા દેશને એક મહાન, નિપુણ અને દાનવીર વ્યક્તિની ખોટ પડી છે.

ભાટિયા સ્ત્રીઓની જાહેર સભા, મુંબઈ.

તા૦ ૧૯-૧-૫૦ ના દિને મળેલી ભાટિયા સ્ત્રી-મંડળ તથા ભાટિયા હુન્નર ઉદ્યોગ ગૃહના આશરા હેઠળ મળેલી સ્ત્રીઓની આ સભા સર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરાદાસ વિસનજી ખીમજીના દુખદાયક અવસાન માટે અત્યંત દુખ પ્રદર્શિત કરે છે. એમના અવસાનથી ભાટિયા જ્ઞાતિએ અને હિંદ દેશે એક સેવાભાવી સજ્જન ખોયા છે. એમની ખોટ કદી પણ પુરાય એમ નથી.

ભાટિયા સ્ત્રી—મંડળ, મુંબઈ

સર મથુરાદાસ વિસનજીના અવસાનથી ભાટિયા જ્ઞાતિએ એક સહાયક અને માર્ગદર્શક ગુમાવ્યા છે. એમના જેવા ઉદાર, સેવાભાવી, નમ્ર અને માયાળુ સજ્જન આજે ભાગ્યે જ મળી શકે છે. ભાટિયા જ્ઞાતિ ઉપરાંત હિંદુસમાજ અને દેશની સેવામાં એમનો અપૂર્વ સાથ હતો. એમની ઉદાર સહાયતાથી રા. બ. વિસનજી ખીમજી ઉદ્યોગ મંદિર સ્થાપી શકાયું છે. આ મંદિર દ્વારા આજે અનેક બહેનોને શિક્ષણ અને આર્થિક સહાય અપાય છે. તેમના અવસાનથી ભાટિયા સ્ત્રી-મંડળને તેના એક મોટા સહાયક અને સહાનુભૂતિ ધરાવનારની ખોટ ગઈ છે.

રા. બ. વિસનજી ખીમજી ઉદ્યોગ મંદિર. મુંબઈ.

સર મથુરાદાસ વિસનજી ખીમજીના દુખજનક અવસાનની નોંધ લેતાં અત્યંત દિલગીરી થાય છે. એમની ઉદાર સહાયતા અને સહાનુભૂતિથી આ ઉદ્યોગ મંદિર સ્થાપવામાં આવ્યું હતું. તેમણે ભાટિયા સ્ત્રી-મંડળની દરેક પ્રવૃત્તિમાં ઊંડો રસ લીધો હતો, એટલું જ નહિ પણ ભાટિયા જ્ઞાતિ અને સમાજ તથા દેશની એમણે અનેકવિધ સેવા કરી હતી. એમના અવસાનથી ભાટિયા જ્ઞાતિએ તથા દેશે એક સાચા સેવક અને બંધુ ગુમાવ્યા છે.

ભાટિયા જ્ઞાતિ-સંસ્થાઓની જાહેર સભા, મુંબઈ.

જ્ઞાતિના અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને વેપારી, મુંબઇના નામાંકિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરિક; તન, મન અને ધનથી જ્ઞાતિની અને સમાજની સેવામાં અજોડ ફાળો આપનાર સમાજ સેવક, હિંદના અર્થશાસ્ત્રના કુશળ અભ્યાસી અને બાહોશ મુત્સદ્દી—ડૉ॰ સર મથુરાદાસ વિસનજી ખીમજીના થયેલ દુખદ અવસાન પ્રત્યે ભાટિયા જ્ઞાતિની નીચે જણાવેલ દસ સંસ્થાઓની બોલાવેલી આ સભા ઊંડો શોક વ્યક્ત કરે છે.

સ્વર્ગસ્થની ખોટ માત્ર ભાટિયા જ્ઞાતિને જ નહિ પરંતુ સમસ્ત દેશને પડી છે.

૧ શ્રી ભાટિયા મિત્ર મંડળ
૨ શ્રી ભાટિયા સ્ત્રી મંડળ
૩ શ્રી મુંબઇ ભાટિયા મહાજન
૪ શ્રી કચ્છી ભાટિયા મહાજન
૫ શ્રી ભાટિયા વોલન્ટીયર કોર
૬ શ્રી ઘાટકોપર ભાટિયા મિત્ર-મંડળ
૭ શ્રી કંઠી ભાટિયા મહાજન
૮ શ્રી ભાટિયા બાલરક્ષક વિદ્યાલય
૯ શ્રી ભાટિયા સ્પોર્ટ્સ કલબ
૧૦ શ્રી હાલાઇ ભાટિયા મહાજન

ભાટિયા મિત્ર મંડળ, મુંબઈ.

શ્રી. મથુરાદાસ શેઠના સ્વર્ગવાસથી આ મંડળને અત્યંત દુખ થયું છે. સ્વસ્થ મંડળના જુના સભાસદ હતા એટલું જ નહિ, પણ પ્રમુખ તરીકે તેમ બજાવેલી મંડળની અમૂલ્ય સેવાઓ વિસરી શકાય તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી સમસ્ત ભાટિયા કોમ, રાજકોટ.

સમસ્ત ભાટિયા કોમના અગ્રગણ્ય, વેપારી આલમના કાર્યદક્ષ શાહ-સોદાગર, પ્રાંતિક અને મધ્યસ્થ સરકારની ધારાસભાના માનવંતા સભાસદ, અને રાષ્ટ્રીય કોંગ્રેસના રચનાત્મક કાર્યક્ષેત્ર પૈકી હરિજનોના ઉદ્ધારક-એવા સ્વ. શેઠશ્રી સર મથુરાદાસના દુખદ અવસાનથી આપણી જ્ઞાતિને જ નહિ, પરંતુ સારા રાષ્ટ્રને ન પુરાય એવી ખોટ પડી છે.

સ્વ. શ્રી માવજીભાઇ જે. રાઠોડ સ્મારક સમિતિ, મુંબઇ.

શ્રી. મથુરાદાસ વિસનજીના અવસાનના ખબર સાંભળી અમારી ઉપરોકત સમિતિને ઘણું દુખ થયું છે, અને અમો દિલગીરીની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

તેઓશ્રી એક પ્રથમ વર્ગના શહેરી ઉપરાંત એક સેવાભાવી દાનવીર હતા, અને જનહિત કાજે આદરાતાં કાર્યોમાં સહાયક થઇ મૂંગી સેવા કરતા હતા. તેઓશ્રીના અવસાનથી મુંબઈ શહેરે એક સેવાભાવી સેવક ગુમાવ્યા છે.

શ્રી કુમારિકા અને સ્ત્રી-મંડળ વિલેપારલે

શેઠશ્રી મથુરાદાસભાઈના અવસાનના સમાચાર સાંભળીને અમે બહુજ દિલગીર થયા છીએ. ઈશ્વર એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના છે.

ભગિની સમાજ, મુંબઇ.

શેઠશ્રી મથુરાદાસભાઈના દુખદ અવસાનથી અમને અત્યંત દિલગીરી થઇ. તેઓશ્રી ભગિની સમાજના કાર્ય તરફ સહાનુભૂતિ દર્શાવતા હતા. તેના જવાથી સમાજને ભારે ખોટ પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિલા મંડળ, અંધેરી.

આજની મંડળની સાધારણ સભા સદ્દગત્ સર મથુરાદાસ વિસનજીના દુખદ અવસાન પ્રત્યે શોક પ્રદર્શિત કરે છે.

તેઓશ્રી અંધેરીમાં શિક્ષણ સંસ્થાઓમાં સારો સાથ આપી રસ લેતા હતા. તેવી જ રીતે મુંબઈમાં અને અન્ય સ્થળોએ પણ શિક્ષણાત્મક તેમજ સામાજિક કાર્યમાં આગળ પડતો ભાગ લેતા હતા.

તેઓશ્રી પરોપકારી તથા દયાવૃત્તિવાળા સદ્દગૃહસ્થ હતા. તેમનામાં ધર્મ-ભાવના તથા કુટુંબ ભાવના ઉચ્ચ હતી. તેમને આંગણે આવેલ કોઇપણ વ્યકિત નિરાશ થઇને પાછી ફરતી નહિ. તેઓ હિંદુ સંસ્કૃતિના ચુસ્ત હિમાયતી હતા. તેમણે દેશને પણ ઘણી સેવાઓ આપી હતી.

તેમના જવાથી અંધેરીની જનતાને એક સાચા સલાહકાર અને સેવા-પ્રેમી સજ્જન જ નહિ પણ એક વડિલની ખોટ પડી છે.

મહિલા પરિષદ, અંધેરી.

અંધેરી મહિલા પરિષદ અહીંના એક અગ્રગણ્ય અને નામાંકિત નાગરિક સર મથુરાદાસ વિસનજીના અવસાન પ્રત્યે શોકની ઊંડી લાગણી પ્રદર્શિત કરે છે.

અંધેરીમાં એમણે અનેક સખાવતો કરી છે. એવા દાનવીરની ખોટ એક અંધેરીને જ નહિ પણ આખા મુંબઈ પ્રાંતને પડી છે.

પ્રોપ્રાયટરી એન્ડ ફોર્ટ હાઇસ્કુલ, મુંબઈ.

અમારી શાળા ગઇ કાલે શેઠસાહેબના માનમાં બંધ રાખવામાં આવી હતી, અને શોકસભામાં નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠસાહેબ મથુરાદાસ વિસનજીના શોકજનક અવસાન બદલ પ્રોપ્રાયટરી એન્ડ ફ્રોર્ટ હાઈસ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓ શોક પ્રદર્શિત કરે છે, અને પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરે છે.

ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગ સ્કૂલ, મુંબઇ.

શેઠ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગ સ્કૂલના છાત્રો અને ગૃહપતિ, શેઠશ્રી સર સાહેબ મથુરાદાસ વિસનજી જેઓ અમારી સંસ્થાના પિતામહ જેવા હતા, તેઓશ્રીના સ્વર્ગવાસથી અમે સૌ ઊંડા દુખની લાગણી અનુભવીએ છીએ, અને પ્રભુને પ્રાર્થીએ છીએ કે એઓશ્રીના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનોને ધૈર્ય આપે.

इंडियन एज्युकेशन सोसायटीचे प्रायमरी स्कूल, दादर.

कै. वा. सर मथुरादास यांच्या निधना-निमित्त सोसायटीची प्राथमिक शाळा ता. २३ व २४ डिसेंबर रोजी बंद ठेवलेली होती.

सर मथुरादास यांच्या धीरोदात्त वृत्ती मुळेंच ही इंडि. एज्यु. सोसायटी एवढो नांवलौकिकास चढलेली आहे. तिच्या उत्कर्षा साठीं मान्यवर सर मथुरादास यानीं आर्थिक व शारिरीक झीज सोसुन सोसायटीचें पुत्रवत् संगोपन केलेले आहे. त्यांच्या मृत्यु मुळें इंडि. एज्यु. सोसायटीचे कधींही भरुन न येणारे नुकसान झालेलें आहे.

શ્રી ગુજરાતી આદર્શ શિશુ-વિદ્યાલય, અંધેરી.

સદ્ગત્ સર મથુરાદાસ અંધેરીના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત મહાપુરુષ હતા. સારાય મુંબઈમાં જેમની ઉજ્જવલ કીર્તિ ઝળહળી રહી છે, તેવા મહાન પુરુષની સૌને ખોટ પડે તે સ્વાભાવિક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના માનમાં અમારી શ્રી ગુજરાતી આદર્શ શિશુ–વિદ્યાલય અંધેરીની સંસ્થાના ૭ શિક્ષકો અને ૧૭૫ બાળકોએ પાંચ મિનિટ પ્રભુ પ્રાર્થના કર્યા બાદ તા. ૨૩–૧૨–૪૯ ના રોજ આખો દિવસ શાળા બંધ રાખી હતી.

શિશુ મંદિર, અંધેરી.

આજની શિશુમંદિર અંધેરીની આ શોક સભા સદ્‌ગત્ સર મથુરાદાસ વિસનજીના દુખદ અવસાન પ્રત્યે હાર્દિક શોક વ્યક્ત કરે છે.

તેઓશ્રી સરળ હૃદયના અને પરોપકારી હતા. તેમની કુટુંબ, ધર્મ તેમજ દેશ ભક્તિ ઉચ્ચ હતી.

શિક્ષણ પ્રત્યે તેમને ઊંડો રસ હતો, અને આ શિશુમંદિર તેનું પ્રતિક છે. જ્યારથી તે શરૂ થયું ત્યારથી આજ સુધીમાં તેઓશ્રીએ આર્થિક ગુપ્ત મદદ કરી છે. આ ઉપરાંત પણ તેમણે બીજા ઘણા લોકોને તેમજ સંસ્થાઓને ગુપ્ત મદદ કરીને તાર્યા છે.

તેજ પ્રમાણે તેમની દેશસેવા અજોડ હતી. સામાજિક તેમજ રાજકીય દરેક પ્રવૃત્તિમાં તેઓ બનતી તન, મન, ધનથી સહાય કરતા. તેમના જવાથી અંધેરીએ એક સાચા સલાહકાર કાર્યકર્તા જ નહિ પણ એક લાગણીપ્રિય પિતા ગુમાવ્યા છે.

राष्ट्रीय विद्यापीठ, नाथद्वारा.

शेठ मथुरादासजीके दुखद निधन पर हार्दिक खेद है. उनके द्वारा पहुंचाई गई सहायताको यह संस्था कभी नहीं भूल शकेगी, हम उस मृत–आत्माकी शांति के लिए ईश्वरसे प्रार्थना करते हैं, और कामना करते हैं कि वह उनके दुःखी परिवारको धैर्य प्रदान करे.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાજન અનાથ બાળાશ્રમ, સૂરત.

સર મથુરાદાસ વિસનજી આ સંસ્થામાં ઊંડો રસ લેતા હતા. સંસ્થાને વખતો વખત તેઓ તથા તેમના કુટુંબીજનો તરફથી આર્થિક મદદ મળતી હતી. તેમના દુખદ અવસાનની આ સભા સખેદ નોંધ લે છે.

ધી ન્યુ ઈંગ્લિશ સ્કૂલ, સુરેન્દ્રનગર.

આ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મળી શેઠ શ્રી મથુરાદાસના પવિત્ર આત્માને શાંતિ મળે તે માટે પ્રભુ પ્રાર્થના કરી હતી. આજે અને આવતી કાલે તેમના દુખદ અવસાનના શોક નિમિ-તે શાળા બંધ રાખવામાં આવી છે.

અમારો તો સૂર્ય આથમી ગયો.

શેઠ પ્રાગજી ઠાકરસી મૂળજી મિડલ સ્કૂલ, કડીઆદરા.

મજકુર સ્કુલના આદ્ય સંસ્થાપકો અને આશ્રયદાતાઓ શેઠશ્રી હંસરાજ પ્રાગજી અને શેઠશ્રી સર મથુરાદાસભાઈ હતા. તેમની સહાય સાથે માર્ગદર્શન અને લાગવગને જ સ્કૂલ તેમજ બોર્ડિંગની હાલની પ્રગતિ તથા વિકાસ આભારી છે. અમારી સંસ્થાની જેમ અનેકોને મર્હુમની નહિ પુરાય તેવી ખોટ પડી છે.

મર્હુમના માનમાં સ્કૂલને તા. ૨૬-૧૨-૪૯ ના રોજ બંધ રાખવામાં આવી હતી.

બોમ્બે કોટન મરચંટ્સ એન્ડ મુકાદમ્સ એસોસીએશન લીમીટેડ

શેઠશ્રી મથુરાદાસ શેઠના અવસાનના અત્યંત દુખદાયક સમાચાર સાંભળી આ એસોસીએશનના સર્વે સભાસદો તથા રૂ બજાર સાથે સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાવતા સર્વે વ્યાપારી વર્ગ, નોકરવર્ગ તેમજ કામદાર વર્ગ સર્વે વર્ગોના માણસોને અત્યંત દુખ થયું છે.

મર્હુમ શેઠશ્રી પ્રત્યે સર્વેને જે ભારે માનની લાગણી હતી, તે લાગણીથી સીવરી રૂ બજારનાં તમામ કામકાજો શુક્રવાર તા. ૨૩ મીને રોજ બંધ રાખવા આ એસોસીએશનની મેનેજીંગ કમિટીએ ઠરાવ કર્યો હતો.

દેશના રાજકીય, વ્યાપારી, સામાજિક અને શિક્ષણાત્મક અનેક ક્ષેત્રોમાં શેઠશ્રીએ તન, મન અને ધનથી સેવાઓ અર્પણ કરી હતી, જેની અમારી કમિટી ગૌરવ અને માનથી નોંધ લે છે.

રાષ્ટ્રકાર્યમાં લાખો રૂપિયા શેઠશ્રીએ અર્પણ કર્યા હતા. પૂજ્ય મહાત્માજીએ સને ૧૯૨૦–૨૧ ની સાલમાં રાષ્ટ્રકાર્ય આગળ ધપાવવા રૂ. એક કરોડ એકઠા કરવાની દેશને હાકલ કરી હતી, એ વખતે કોલાબા રૂ બજારના નાકા પર ભરાયેલી સભામાં પોતા તરફથી રૂ. ૫૧૦૦૧)ની રકમ મહાત્માજીના હસ્તમાં અર્પણ કરી જે ઉદાર પહેલ કરી હતી તે પ્રસંગ વેપારી વર્ગમાં હજુ પણ તાજો છે.

સામાજિક ક્ષેત્રમાં હરિજન ઉધ્ધાર કાર્યમાં, હરિજન સંસ્થા સ્થાપી, તેના પ્રમુખપદેથી વર્ષો સુધી સેવા અર્પી હરિજન ઉધ્ધારનું કાર્ય આ શહેરમાં આગળ ધપાવ્યું તે સમાજ કદી વિસરી શકશે નહિ.

આ એસોસીએશન શેઠશ્રીનું અનેક રીતે રૂણી છે, તેમાં ખાસ કરીને સ્વ. શેઠ વિસનજી જીવણદાસના સ્મારક તરીકે એસોસીએશનના ધર્માદા દવાખાના માટે રુા. ૪૫૦૦૦) ની કિંમતનું મકાન આપવાની જે એમણે પ્રેરણા કરી હતી તે, તથા પોતાના હસ્તકનું પશુ–સંરક્ષણ ફંડ સમેટી લેતાં તેની તમામ અસ્કયામતો આ એસોસીએશન હસ્તક સોંપવાની જે ઉદારતા બતાવી હતી, એ બે કાર્યો માટે આ એસોસીએશન એમનું રુણી છે અને હમેશ રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાટિયા સ્ટોર્સ, મુંબઇ.

શેઠ મથુરાદાસ શ્રીનાં ચરણુ પામ્યાના સમાચાર જાણી ઉપરોક્ત સંસ્થાના કાર્યકર્તાઓ તથા નોકર વર્ગ ઘણા જ દિલગીર થયા છે. મર્હુમ શેઠ ઉપરોક્ત સંસ્થાના પ્રથમ સહાયક હતા, અને સંસ્થાને જ્યારે જ્યારે તેમની સહાયની જરૂર પડતી ત્યારે તેઓ સહાય આપવા તત્પર રહેતા. તેમના સ્વર્ગવાસથી સંસ્થાને ન પુરાય તેવી ખોટ પડી છે. મર્હુમના માનમાં સંસ્થાની કોટ તથા કોલભાટ લેનની બન્ને દુકાનો આજે બંધ રાખવામાં આવેલ છે.

અંધેરી કો-ઓપરેટીવ કન્સ્યુમર્સ સ્ટોર્સ લીમીટેડ.

અંધેરી કો-ઓપરેટીવ કન્સ્યુમર્સ લી. ના વ્યવસ્થાપક મંડળની તા. ૨૦-૧૦-૫૦ ના રોજ મળેલી આ સભા શ્રીમાન શેઠ મથુરાદાસ વિસનજીના અવસાનની સખેદ નોંધ લે છે. તેમના અવસાનથી માત્ર હિંદુ સમાજને જ નહિ પરંતુ દરેક સમાજને; તેમજ માત્ર અંધેરી, મુંબઈ કે સૌરાષ્ટ્રને જ નહીં પરંતું સારાય દેશને ખોટ પડી છે. તેઓ અનેકવિધ જાહેર પ્રવૃત્તિઓના પ્રણેતા; રાષ્ટ્રની કટોકટીમાં રાષ્ટ્ર-ઘડવૈયા, તન, મન અને ધનથી સહાય દેનાર સાથી; મહાન ઉદ્યોગપતિ તેમજ ગુપ્તદાન દાતા હતા. તેમના જીવનને તેમણે સારાય દેશની સંપત્તિ ગણી હતી. આઝાદ ભારતને તેના ઉદ્યોગ અને અર્થ-તંત્રમાં તેમના ઉપયોગી થવાના સમયે પ્રભુએ તેમને ઉઠાવી લીધાથી દેશમાં લાંબા સમય સુધી ન પુરાય એવી જગ્યા ખાલી રહેશે.

ભાંડુપ એસ્ટેટના ખોટ સાહેબોની સામાન્ય સભા.

ભાંડુપ એસ્ટેટના ખોટ સાહેબોની એક સભા તા૦ ૧૧-૧-૫૦ ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિને મળી હતી. જેમાં સદ્ગત્ સર મથુરાદાસ વિસનજીએ ભાંડુપ એસ્ટેટના મેનેજીંગ ખોટ તરીકેની ઘણાં વર્ષો સુધી કરેલી અમૂલ્ય અને નિસ્વાર્થ સેવાઓની નોંધ લેવામાં આવી હતી. એમના અવસાનથી પડેલી ખોટ ક્યારેય પુરાય તેમ નથી. મેનેજીંગ ખોટ તરીકેની ખાલી પડેલી જગ્યાએ શેઠશ્રી પ્રતાપસિંહ મથુરાદાસની નિમણુક કર્યાનો બીજો ઠરાવ કરવામાં આવ્યો હતો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

[સર મથુરાદાસ હરહમેશ નિયમિત પૂજાપાઠ અને અધ્યયનમાં અમુક સમય વિતાવતા. 'યોગ વાસિષ્ઠ' એમનું પ્રિય પુસ્તક હતું. એ પુસ્તકમાંથી શ્રી ચૂડાલા આખ્યાન, આત્માની જીવન-મુક્ત સ્થિતિનાં સર્ગો અને ગુરુમહિમા આ વિભાગમાં આપવામાં આવ્યા છે.]

યોગ વાસિષ્ઠ

★

– સર્ગ ૮૩ –

શ્રી ચૂડાલા આખ્યાનિકા

મહારાજ વસિષ્ઠે કહ્યું, 'હે શ્રીરામ, તે રાજપત્ની ચૂડાલા અણિમાદી ગુણોથી સમૃધ્ધ બની અને પ્રાણ, ધારણા વિગેરે શક્તિથી પણ દૃઢ અભ્યાસ યુક્ત બની."

મોહ અને તાપનો નાશ થવાથી ગંગા સમાન શીતલ ને પવિત્ર તે આકાશમાર્ગે ગમન કરતી હતી, અને કોઇવાર સમુદ્રના અંતર્ભાગમાં પ્રવેશ કરતી હતી અને કોઇવાર પૃથ્વીપટ પર વિચરણ કરતી હતી.

તે ઘડીભર પણ પતિના હૃદયથી અને ચિત્તથી વિખૂટી પડતી ન હતી. અને લક્ષ્મી જેમ સર્વ લોકમાં નિવાસ કરે છે, તેમ સર્વ રાજ્યોમાં નિવાસ કરતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજળીના ચમકારાથી જેનાં આભૂષણો શોભી રહ્યાં છે, એવી આકાશમાં ગમન કરતી, તે સુંદરી પર્વતોની હારયુકત પૃથ્વી પર જેમ મેઘમાલા ઘૂમે તેમ આમતેમ ફરતી હતી.

કાષ્ઠ, તૃણ, પથ્થર, પદાર્થ, આકાશ, વાયુ, અગ્નિ અને જલમાં મુકતા ફલમાં જેમ સૂત્ર પ્રવેશ કરે તેમ સ્વચ્છંદ પ્રવેશ કર્યો

સુમેરુ પર્વતના શિખરો ઉપર, લોકપાલના નગરોમાં દિશા અને આકાશના ગર્ભમાં, અને સર્વ અન્તર્ભાગમાં તેણે સુખપૂર્વક વિહાર કર્યો.

પશુ, પક્ષી, પિશાચ વિગેરે નાગલોક, દેવો અને અસુરો, વિદ્યાધર, અપ્સરાઓ અને સિધ્ધલોક સાથે તેણે સંભાષણરૂપી વ્યવહાર કર્યો.

અને ઘણીવાર તેણે પોતાના પતિને આત્મજ્ઞાન રૂપી અમૃત પાયું. છતાં તે કાંઇ સમજી ન શકયો.

કલામાં નિપુણ, મુગ્ધા, આ બાલિકા મારી ગૃહિણી છે. આ ઉપરાંત ચૂડાલા વિષે તે કાંઇ બીજું જાણતો નહીં.

આટલો સમય વિતવા છતાં પણ જેમ બાળક વિદ્યાને ન જાણી શકે તેમ તે રાજા એ ગુણવતી નારી ચૂડાલાને ન જાણી શકયો.

આત્મશાંતિ જેને મળી નથી એવા રાજાને તે ચુડાલાએ પોતાની અણિમાદિ સિધ્ધિઓ, જેમ શૂદ્રને યજ્ઞક્રિયા બતાવાતી નથી તેમ બતાવી નહીં."

શ્રીરામે કહ્યું :-"હે પ્રભો, મહાસિધ્ધિયુકત ચૂડાલાના પ્રયત્નથી પણ જ્યારે શિખિધ્વજ રાજાને જ્ઞાન પ્રાપ્ત ન થયું તો બીજાને તો શી રીતે થાય ?"

વસિષ્ઠે કહ્યું :-'હે રામ, ગુરુ દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરવાનો ક્રમ તો શાસ્ત્રીય મર્યાદાનું પાલન માત્ર છે. શિષ્યની નિર્મલ બુદ્ધિ જ જ્ઞાનનું કારણ છે.

જ્ઞેય-બ્રહ્મ શાસ્ત્ર કે પુણ્યથી જાણી શકાતો નથી પરંતુ સર્પ સર્પના દરને જાણે છે તેમ આત્મા આત્માને જાણે છે."

રામે કહ્યું :- 'હે મુનિ, જ્યારે આમ છે તો તમે જ બતાવો કે ગુરુનો ઉપદેશરૂપી ક્રમ આત્મજ્ઞાનનું કારણ શી રીતે હોઇ શકે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ઠે કહ્યું :-"હે રામ, વિંધ્યાચલ પ્રદેશમાં ધનધાન્યથી સંપન્ન અતિશય કૃપણ કોઈ એક કિરાત જાતિનો મનુષ્ય, જેમ કોઇ સપરીવાર બ્રાહ્મણ રહે તેમ રહેતો હતો.

હે શ્રીરામ, વિંધ્યાચલ જંગલમાં જતાં એની એક કોડી ઘાસવાળી જગ્યામાં પડી ગઈ.

પોતાની કૃપણતાને કારણ તેણે ઘણા દિવસ સુધી ઘાસ, કુસકા વિગેરે સાફ કર્યાં.

તે કંજૂસ એ કોડી હાથમાં આવે તો તેથી કોઇ વસ્તુ ખરીદ કરત, તેને વેંચી ચાર કોડી આવત. તેની કોઇ વસ્તુ ખરીદ કરીને આઠ કોડી આવત. તેમાંથી સો અને તેમાંથી હજાર બે હજાર એમ કોડીઓ થાત. આમ પોતાના ચિત્તમાં વિચાર કરતો તે કંજૂસ રાત દિવસ કોડીની શોધ કરતો રહ્યો અને અન્ય માણસોનાં હજારો હાસ્યની જરાપણ પરવા કરી નહી.

ત્રણ દિવસના સખત પરિશ્રમ પછી તેને એ જગલમાં પૂર્ણ ચંદ્રબિંબ સમાન એક મહાન ચિંતામણિની પ્રાપ્તિ થઇ.

તે ચિંતામણિને પ્રાપ્ત કરીને સંતુષ્ટ હૃદયવાળો તે ઘેર જઇને આખા જગતના તમામ સુખોનો અનુભવ કરતો સર્વ પ્રકારે શાંતિને પામ્યો.

આ પ્રમાણે રાતદિવસ ઘોર પરિશ્રમ સહિત એ કોડી શોધતાં ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું.

તેમ શાસ્ત્રના ઉપદેશથી આત્મજ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. ગુરુના ઉપદેશક્રમથી પરોક્ષ જ્ઞાનની શોધ થાય છે અને બીજા અપરોક્ષ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મ સર્વ ઇન્દ્રિય જ્ઞાનથી પર છે. અને શાસ્ત્રો વિગેરે ઇન્દ્રિયોથી ગમ્ય છે. માટે ઉપદેશ વિગેરેથી આત્મજ્ઞાન થતું થથી.

તે છતાં પણ ગુરુના ઉપદેશ વિના આત્મજ્ઞાન થતું નથી. કોડીને શોધ્યા વિના ચિંતામણિ કોને મળ્યો છે?

આમાં ગુરુનો ઉપદેશ કારણ નથી છતાં કારણતાને પ્રાપ્ત છે. જેમ મણિ માટે કોડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે રાઘવ, આ માયા મહાત્માઓને પણ મોહિત કરવાવાળી છે. ઘણા પ્રયત્નોથી કોઇ બીજી વસ્તુની શોધ થાય છે, અને ફળ કોઈ બીજું મળી આવે છે.

હે રામ! મનુષ્ય મોટા પ્રયત્નથી અન્ય કાર્ય કરે છે. અને તેનું તેને બીજું ફળ મળે છે. જાણે જગતમાં એમજ દેખાય છે અને સંભળાય છે. માટે આત્મજ્ઞાન પછી પ્રારબ્ધ શેષ રહેવાથી જગતના ભ્રમ, અસંગ અને અનિચ્છાએ ચાલ્યા કરવું એ જ કલ્યાણપ્રદ છે."

★

સર્ગ ૪૦

: જીવન-મુક્ત સ્થિતિ :

"હે રામ, બાહ્ય અને આંતર વિષય, બુધ્ધિ વિ. ઇન્દ્રિઓના પ્રકાશક નિર્મલ સાક્ષી ચૈતન્યને જ વિદ્વાન લોક સ્વરૂપ-શૂન્ય જગત-વસ્તુનું સ્વરૂપ સમજે છે.

જ્યારે અપરિચ્છિન્ન બ્રહ્મ સ્વભાવની સ્થિતિ અવિદ્યાકૃત પરિચ્છેદથી તથા તેના શરીરરૂપથી ઉદિત થાય છે ત્યારે આ સૃષ્ટિ ભ્રમ સમાન લાગે છે.

આત્મજ્ઞાનથી જ્યારે શાંતિ પ્રગટ થાય છે. અને સ્વભાવ શમી જાય છે ત્યારે બાહ્ય જગત સ્વપ્ન સમાન લાગે છે.

હે રામ, આ જેટલા ભોગ છે તે બધા સંસારરૂપ મહારોગ છે. સગાં-વહાલાં દ્રઢ બંધન છે, અને આ અર્થ-સંપત્તિ તો મહાન અનર્થ કરનારી છે. માટે સ્વયં આત્મામાં શાન્તિ લેવી જોઈએ.

બ્રહ્મરૂપથી વિરુધ્ધ ભાવના કરવી એ સૃષ્ટિ છે. અને સ્વભાવરૂપ બ્રહ્મપ્રાપ્તિ કલ્યાણ છે. માટે હે રામ, તમે પરમ ચિદાકાશરૂપ થઇ જાઓ અને શાંતિ પ્રાપ્ત કરો.

હું મારી જાતને જાણતો નથી, દ્રશ્ય જગત-ભ્રમને જાણતો નથી, પણ શાન્ત સ્વરૂપ બ્રહ્મમાં પ્રવિષ્ટ છું. અને સુખમય બ્રહ્મ જ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે રામ, '**ત્વમ્**' શબ્દમાં જે 'ત્વતા' છે તેને તમે જાણો છો. જ્યારે હું તો ચિદાકાશરૂપ બધાને શાંત સ્વરૂપ જોઉં છું.

હે રામ, વાયુમાં સ્પન્દનની માફક, બ્રહ્મમાં શબ્દાર્થરૂપ અન્ત અને બાહ્ય ભ્રમસ્વરૂપ છે. ખરી રીતે તો તે ઉત્પન્ન થયા જ નથી, પણ ઉત્પન્ન થયા હોય એમ લાગે છે.

બ્રહ્મસ્થિત સૃષ્ટિને જાણતો નથી, સૃષ્ટિમાં રહેનાર માણસ બ્રહ્મને નથી જાણતો, જેમ સુષુપ્ત માણસ સ્વપ્નને જાણતો નથી અને સ્વપ્નસ્થ માણસ સુષુપ્તિ અવસ્થાને જાણતો નથી.

પ્રબુદ્ધ અવસ્થાને પામેલો માણસ બ્રહ્મ અને જગતને એવી રીતે જાણે છે કે જેમ માણસ સ્વપ્ન દશાને અને જાગ્રતાવસ્થાને જાણે છે. પ્રકાશ સ્વરૂપને તે જાણે છે. તે જીવન-મુક્ત છે અને શાંત-બુદ્ધિ છે.

બુદ્ધાત્મા સર્વ જાણે છે. અને શરદઋતુના વાદળની માફક શુદ્ધાત્મા અને શાંત હોય છે.

જેમ યોગ્ય વર્ણન કરવાથી સ્મૃતિમાં અને કલ્પનામાં રહેલ યુદ્ધ દ્રશ્યમાન થાય છે, તેમ વિવેકી પુરુષને સત્ અને અસત્ની એક માત્ર ભ્રાંતિ, જગત-ભ્રમ ભાસે છે.

સ્પષ્ટરૂપે દેખાતી જગતની માયા, પરમાર્થ સત્યરૂપ આત્મામાં અને અત્યંત અસતરૂપ શૂન્યમાં નથી. અને જેનો દ્રષ્ટા કોઈ જીવ પણ નથી. એવી શૂન્ય અને અશૂન્યથી વિલક્ષણ આ ભ્રાન્તિ અનિર્વચનીય જ ભાસે છે."

ગુરુ મહિમા

શ્રીદેવી બોલ્યાં :-

"હે દેવોના દેવ પરમતત્ત્વથી પણ પર, જગદ્ગુરુ સદાશિવ મહાદેવ! મને ગુરુ પરત્વે દીક્ષા આપો-- ગુરુના સંબંધમાં ઉપદેશ કરો.

હે સ્વામી, મનુષ્ય કયા માર્ગે પ્રયાણ કરવાથી બ્રહ્મમય બની શકે? હે પ્રભો, મારા પર તમે કૃપા કરો. હું તમારા ચરણોને નમું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને કહ્યું :-

"હે દેવી, તું મારૂં સ્વરૂપ છે. તારી પ્રસન્નતા માટે હું કહું છું. આ પ્રશ્ન જનતાનું કલ્યાણ કરનારો પૂર્વે કોઇ વડે પણ કરાયો ન હતો.

ત્રણે લોકમાં દુર્લભ એવું કથન હું કહું છું તે તું સાંભળ. ગુરુ વિના બ્રહ્મની પ્રાપ્તિ કોઈ પણ અન્ય રીતે નથી. હે સુમુખી, તને આ ખરેખર સત્ય કહું છું.

વેદશાસ્ત્રો, પુરાણો, ઇતિહાસ, મંત્રયંત્રાદિ વિદ્યાઓ, સ્મૃતિ ઉચ્ચાટન-મંત્રો, શૈવ અને શાકત મતને અનુસરતા વિવિધ પ્રકારના મંત્રો, જે આ સંસારમાં ભ્રમિત ચિત્તયુકત માનવીઓના મનને સ્થિર કરનારા છે; તથા યજ્ઞ, વ્રત, તપ, દાન, જપ, તીર્થોનું સેવન વિગેરે ગુરુનું મહાત્મ્ય જાણ્યા વિના જે કરે છે તે મૂર્ખ લોકોનો પ્રયત્ન વ્યર્થ છે.

આત્મ સાક્ષાત્કાર માટે ગુરુ-બુદ્ધિ સમાન બીજું કાંઇ નથી એમ હું ખરેખર સત્ય કહું છું અને આ વિષયમાં શંકા નથી, માટે બુદ્ધિમાન મનુષ્યોએ તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ગુપ્ત વિદ્યાને પ્રાપ્ત કરાવનાર, આ દેહમાં અજ્ઞાનને કારણે ઉત્પન્ન થનાર જગતની માયાનો વિનાશ કરનાર, અને પોતાનાજ જ્ઞાન પ્રકાશથી ઉદય કરાવનાર ગુરુ-શબ્દ છે એમ કહેલું છે.

શ્રી ગુરુના ચરણના સેવનથી સર્વ પાપમાંથી શુદ્ધ થયો છે જેનો આત્મા એવો મનુષ્ય જેના થકી બ્રહ્મમય બને છે તે કૃપા કરીને તને કહું છું.

ગુરુના ચરણકમળનું ધ્યાન ધરીને જલથી મસ્તકને સ્પર્શ કરવો એમ કરવાથી સર્વ તીર્થસ્નાનનું ફળ મનુષ્ય પામે છે.

પાપરૂપી કાદવને સુકવી નાખનાર, જ્ઞાનરૂપી તેજને પ્રકાશિત કરનાર અને બરોબર સંસાર-સાગરને પાર લઈ જનાર ગુરુચરણનું જલ છે.

અજ્ઞાનનો મૂળથી નાશ કરનાર, જન્મ-કર્મને દૂર કરનાર, એવા ગુરુના ચરણ-જલનું, જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિ માટે, પાન કરવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુના ચરણકમલના જલનું પાન કરવું જોઇએ. ગુરુના ઉચ્છિષ્ટનું ભોજન કરવું જોઇએ. હમેશાં ગુરુસ્વરૂપનું ધ્યાન ધરવું જોઇએ. અને ગુરુમંત્રનો સદા જપ કરવો જોઇએ.

કાશીક્ષેત્રમાં નિવાસ, ગંગાજી, ગુરુચરણજલ, અને સાક્ષાત્ પ્રભુસ્વરૂપ ગુરુ—આ નિ:સંશય સંસાર સાગરને પાર કરનાર બ્રહ્મ સ્વરૂપ છે.

ગુરુ-ચરણનું જે જલ છે તે ગયા, અક્ષય વડ, અને તીર્થરાજ પ્રયાગ છે– ગુરુસ્વરૂપને વારંવાર નમસ્કાર હો!

સદા ગુરુસ્વરૂપનું સ્મરણ કરવું જોઇએ. ગુરુ નામનો સદા જપ કરવો જોઇએ. ગુરુની આજ્ઞાનુસાર વર્તવું જોઇએ. અને ગુરુ વિના અન્યની કલ્પના ન કરવી જોઇએ.

ગુરુના મુખમાં રહેલું જ્ઞાન જેમની કૃપાથી પ્રાપ્ત થાય છે, એવા ગુરુનું કુલવાન સ્ત્રી જેમ પતિનું ધ્યાન ધરે છે, તેમ સદા ધ્યાન ધરવું જોઇએ.

પોતાનો આશ્રમ, જાતિ, સ્વકીર્તિ અને શકિતની વૃધ્ધિ-એ બધાને ન ગણકારતાં ગુરુ સિવાય અન્યનું ચિંતન ન કરવું.

મારૂં અનન્ય ચિંતન કરતાં સુલભ પરમ પદને મનુષ્ય પ્રાપ્ત થાય છે, માટે સર્વ પ્રયત્નથી ગુરુની આરાધના કર.

દેવો, રાક્ષસો, નાગલોકો વિગેરે ત્રણે લોકમાં સ્પષ્ટ રીતે કહેનારા છે, "ગુરુમુખમાં રહેલી વિદ્યા ગુરુભકિતથી જ મેળવાય છે."

'ગુ' અક્ષર અંધકારનો સૂચક છે, 'રુ' અક્ષરથી તેજ અભિપ્રેત છે. અજ્ઞાનનો વિનાશ કરનાર બ્રહ્મ-જ્ઞાન ગુરુ સ્વયં છે, આ વિષયમાં શંકા નથી.

પ્રથમ 'ગુ' વર્ણ માયા-ગુણ વિગેરેનો સૂચક છે અને બીજો 'રુ' વર્ણ માયાભાસનો વિનાશ સૂચવે છે અને જ્ઞાન સ્વરૂપ છે.

આ પ્રમાણે ગુરુચરણ શ્રેષ્ઠ છે અને દેવોને પણ દુર્લભ છે. હા હા, હૂહૂ ગણોથી અને ગન્ધર્વોથી પણ પૂજાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બધા માટે અવશ્ય ગુરુથી પર કોઇ તત્ત્વ નથી. ગુરુભક્તે આસન, શયન, વસ્ત્ર, આભરણ, વાહન વિ. ગુરુને સંતોષ આપે એવાં આપવાં જોઇએ. ગુરુની આરાધના કરવી જોઈએ, અને પોતાના જીવનનુ સમર્પણ કરવું જોઇએ.

મન, કર્મ, વચનથી સદા ગુરુની આરાધના કરવી. દંડવત્ પ્રણામ ગુરુ સમીપ લજ્જા કે સંકોચ રાખ્યા વિના કરવા.

શરીર, ઈન્દ્રિય, પ્રાણ, અને પોતાની પત્ની વિગેરે સર્વસ્વ ગુરુને સમર્પણ કરવાં.

કૃમિ, કીટનો ભક્ષ્ય બનનાર, તથા વિષ્ઠા, દુર્ગન્ધ, મલ, મૂત્રનો ભંડાર, શ્લેષ્મ, રક્ત, ત્વચા અને માંસના સમૂહરૂ૫ શરીરને હે સુમુખી વંચિત ન રાખવું.

સંસારરૂપી વૃક્ષ પર ચઢેલા અને નર્કરૂપી સમુદ્રમાં પડતા અનેકનો જેમણે ઉધ્ધાર કર્યો છે એવા શ્રી ગુરુને નમસ્કાર હો.

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ દેવ અને મહેશ્વર છે. ગુરુ જ પરબ્રહ્મ છે; એવા શ્રી ગુરુને નમસ્કાર હો.

જગતના પ્રભવરૂપ, સંસારસાગરના સેતુરૂપ અને સર્વવિદ્યાનું ઉત્પત્તિ-સ્થાન, એવા ગુરુ કલ્યાણકારકને નમસ્કાર હો.

અજ્ઞાનરૂપી અંધકારથી અંધદષ્ટિની આંખોને જ્ઞાનરૂપી અંજનશલાકાથી ઉઘાડનાર શ્રી ગુરુને નમસ્કાર હો.

આપ પિતા, માતા, બંધુ અને દેવ છો. આપ સંસારના પ્રતિબોધ માટે છો; એવા શ્રી ગુરુને નમસ્કાર હો.

જેમના સત્યથી જગત સત્ય છે, જેમના પ્રકાશથી તે પ્રકાશે છે; અને જેમના આનંદથી તેઓ આનંદ પામે છે, એવા શ્રી ગુરુને નમસ્કાર હો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar